સંદર્ભ સાહિત્યના અભ્યાસથી વિષયને લગતી માહિતી, તેને લગતા થયેલા સંશોધનના તારણો, હલ થઈ રહેલ સંશોધનો, વિવિધ સંશોધનની પ્રયુક્તિઓ, સંશોધન તારણનો ઉપયોગ વગેરે લગતી માહિતી મેળવી શકાય છે, અજ્ઞાત સમસ્યા ઉકેલવા માટે અસરકારક અભિગમ અપનાવવામાં ઉપયોગી થાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં ચલો, સિદ્ધિ પ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ અંગે થયેલા સંશોધનો સંબંધિત સાહિત્યની સમીક્ષા અત્રે રજૂ કરવામાં આવી છે. સંશોધન માટે સંબંધિત ક્ષેત્રમાં થયેલાં સંશોધનોની સમીક્ષાનું કાર્ય સૌથી અગત્યનું કાર્ય છે.

માનવી ભૂતકાળના અનુભવોના આધારે વર્તમાનમાં પ્રગતિ કરતો હોય છે. પુસ્તકોમાં નોંધાયેલ સંગ્રહિત થયેલું જ્ઞાન પ્રેરણાદાયક બને છે. સંશોધક પોતાના કાર્યની દિશા અને ફલક નક્કી કરતાં પહેલા નિમ્નદર્શિત બાબતોનો ખ્યાલ રાખે છે.

---

[૧] એચ. જી. દેસાઈ અને કે. જી દેસાઈ, **"સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ."** યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ. ૧૯૮૯, પૃષ્ઠ-૩૦૬

- પ્રસ્તુત સંશોધનની શિક્ષણના વિવિધક્ષેત્રે ઉપયોગીતા નક્કી કરે છે.
- પ્રસ્તુત સંશોધનની અન્ય સંશોધન કરતા જોવા મળતી વિશિષ્ટતા દર્શાવે છે.
- પ્રસ્તુત સંશોધન અન્ય સંશોધનની પુનરાવૃત્તિ ન બને તેની જાગૃતિ રાખે છે.

આ પૂર્વે થયેલા સંશોધનોની સમીક્ષા વર્તમાન સંશોધકોને તેમની સમસ્યાને સારી રીતે સમજવા માટે અને તેને હલ કરવા માટે માર્ગદર્શન પુરું પાડે છે. ભૂતકાળના સંશોધનોના અભ્યાસના કારણે સંશોધકના જ્ઞાનની ક્ષિતિજો વિકસે છે. દષ્ટિ વિશાળ બને છે, ફળ સ્વરૂપે પોતાના સંશોધન ઉપરની પક્કડ મજબૂત બને છે. આથી સંશોધન એ માત્ર શૈક્ષણિક બિનજરૂરી વ્યાયામ ન બનતા શિક્ષણનું મૂડીરોકાણ બની રહે છે.

સંશોધન એક સંપૂર્ણ એકમ છે. સંશોધનકાર્ય યાંત્રિક કરતા વધારે અન્વેષણાત્મક છે અને વ્યક્તિગત છે. તેથી સંબંધિત ક્ષેત્રમાં થયેલા સંશોધનોના સંદર્ભમાં પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતા દર્શાવવા અન્ય સંશોધનોનું વિશ્લેષણ જરૂરી છે.

સંબંધિ ક્ષેત્રમાં થયેલા સંશોધનોને યોગ્ય સ્વરૂપમાં રજૂ કરવા માટે ચોક્કસ કોઈ એક પદ્ધતિ સુનિશ્ચિત નથી. જેમ કે એક પદ્ધતિ પ્રમાણે સંબંધિત સંશોધનોને તેમના કલાનુક્રમ પ્રમાણે રજૂ કરવામાં આવે છે. બીજી પદ્ધતિ પ્રમાણે સંશોધનની મુખ્ય બાબતો જેવી કે ચલોની વ્યવહારૂ વ્યાખ્યા. સંબંધિત ચલો, અભ્યાસમાપન પદ્ધતિઓ તથા સંશોધનના તારણોને ધ્યાનમાં રાખીને વિશ્લેષણ કરવામાં આવે છે. સંશોધકે સંબંધિત ક્ષેત્રમાં થયેલા સંશોધનોને કલાનુક્રમ પ્રમણે રજૂ કર્યા છે.

## ૨.૨ સંબંધિત સંશોધનોની સમીક્ષાના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસમાં સંબંધિતક્ષેત્રમાં થયેલા સંશોધનોની સમીક્ષાના હેતુઓ આ પ્રમાણે હતા.

- વિવિધ સંશોધનમાં સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ તથા તણાવનો અભ્યાસ થયેલા છે, તે જાણવું, વિવિધ સંશોધનોના અભ્યાસના વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોની જાણકારી મેળવવી.
- સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને તણાવ માપવા માટે ઉપયોગમાં લીધેલ ઉપકરણો તથા તેની પ્રાપ્તિ વિશે માહિતગાર થવું.

- નિર્ધારિત પરતંત્ર ચલ ઉપર સ્વતંત્ર ચલની જુદી-જુદી કક્ષાની અસરોનો અભ્યાસ કરવો.
- જુદાં જુદાં વિદ્વાનોએ સિદ્ધિપ્રેરણાની જુદી-જુદી વ્યાખ્યાઓ આ પ્રમાણે આપી છે.
- વિવિધ સંશોધનોમાં પૃથ્થકરણ માટે ઉપયોગમાં લેવાયેલ વિવિધ આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો અભ્યાસ કરવો.
- વિવિધ સંશોધનોના તારણોથી માહિતગાર થવું.

પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં બે પ્રકારના સાહિત્યનો આધાર લેવામાં આવ્યો હતો.

(૧) સૈદ્ધાંતિક આધાર માટેનું સાહિત્યિ
(૨) સંલગ્નક્ષેત્રે પૂર્વે થયેલા સંશોધનો

## ૨.૩ સંશોધનની સૈદ્ધાંતિક બાબતોની સમીક્ષા

પ્રસ્તુત સંશોધન એ શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ પર આધારિત હતુ.આ માટે સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ પર આધારિત હતું. અને વિવિધ વ્યાખ્યાઓ વગેરે જણાવી ખૂબ જ આવશ્યક હોવાથી સંશોધકે વિવિધ સ્ત્રોતોમાંથી તેનો સૈદ્ધાંતિક આધાર મેળવેલ જેની વિગતો ક્રમશઃ રજૂ કરવામાં આવેલી છે.

### ૨.૩.૧ સિદ્ધિપ્રેરણાની સંકલ્પના અને વ્યાખ્યાઓ

શિક્ષણના ક્ષેત્રે અનેક સંશોધનો થયા છે. સંશોધનકારોની જુદી-જુદી વિચારધારાઓએ એમા યોગદાન આપ્યું છે. અને તેમાં પાછલા દાયકામાં એક મનોવૈજ્ઞાનિક ફળદાયી સિદ્ધિપ્રેરણાની નવી સંકલ્પના અમેરિકાના હાવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર મેકલેલેન્ડે શિક્ષણ જગતને ભેટ ધરી છે. જે સિદ્ધાંત આ મુજબ છે. "સામાજિક પ્રતિષ્ઠા માટે નહી, પણ પોતે કંઈક સિદ્ધ કર્યાનો આંતરિક સંતોષ પામવા માટે કોઈપણ કામ સારી રીતે પાર પાડવાની અભિલાષા એટલે સિદ્ધિ પ્રેરણા."

પ્રો. મેકલેલેન્ડે અનેક સંશોધનના અંતે ભારપૂર્વક કહ્યું છે કે, "વ્યક્તિ પોતાનો વિકાસ પોતાની જાતે જ સાધી શકે છે. દરેક વ્યક્તિમાં એવું આંતરિક તત્ત્વ રહેલું છે કે જે તેને સિદ્ધિ તરફ દોરી જાય છે. જરૂર છે વ્યક્તિમાં રહેલા આંતરીક તત્ત્વને ઢંઢોળવાની" તે જાગૃત બનતા વ્યક્તિ પોતાના ધ્યેયની સિદ્ધિ ભણી પ્રગતિ સાધતો બની જાય છે. આ આંતરિક તત્ત્વ કયું તે અંગે મેકલેલેન્ડે લાંબી વિચારણાને અંતે "સિદ્ધિપ્રેરણા" એવું નામ આપ્યું. તેમણે એવું જણાવ્યુ છે કે જો વ્યક્તિને સિદ્ધિપ્રેરિત બનાવી શકાય તો તે આપોઆપ પોતાનો વિકાસ સાધતી બની જાય. જયારે રાષ્ટ્રની વ્યક્તિઓ સિદ્ધિથી સભાન બનશે. ત્યારે રાષ્ટ્રની બધીજ સમસ્યાઓ આપોઆપ હલ થઈ જશે.

"સિદ્ધિપ્રેરણા"ની સંકલ્પના સ્પષ્ટ કરતાં તેઓ જણાવે છે કે, સિદ્ધિપ્રેરણા એ તો શ્રેષ્ઠતા તરફ દોરી જનાર ભૂવિચાર ભૂમિકા છે. એટલે કે તેના દ્વારા એવો સમાજ ઘડાય છે કે, જે સમાજમાં વ્યક્તિનું લક્ષ સાહસિકતા, પ્રવૃત્તિશીલતા, શ્રેષ્ઠતા તરફની હરિફાઈ અને પ્રગતિશીલતા તરફ હોય. આ પ્રકારની લાક્ષણિકતા જે સમાજજીવન કે દેશમાં હોય તે સમાજ કે દેશ સિદ્ધિ તરફ આગળ ધપશે તેમ ચોક્કસપણે કહી શકાય.

મેકલેલેન્ડે સિદ્ધિ–પ્રેરણાના ક્ષેત્રમાં કરેલા અનેક સંશોધનોમાંથી જે કાંઈ શોધી કાઢયું તેને તદ્દન સાદી વાત વડે સમજવું હોય તો આમ કહી શકાય. "વ્યક્તિની ધ્યેય સિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે."

તેનો અંગ્રેજીમાં શબ્દ છે. – Achievement motivation.

મેકલેલેન્ડે તારવેલા સિદ્ધિપ્રેરિત વ્યકિતમાં સિદ્ધિપ્રેરિત વર્તન કેટલા પ્રમાણમાં રહેલું છે તે જાણવા માટે સિદ્ધિ કલ્પનાનું પ્રમાણ જાણવું પડે છે.

સિદ્ધિપ્રેરિત વ્યક્તિના લક્ષણો.

૧) શ્રેષ્ઠતાના ધોરણો સાથે હરિફાઈ : સિદ્ધિપ્રેરિત વ્યક્તિ શ્રેષ્ઠતાના ઉત્તમ ધોરણો સાથે હરિફાઈ કરે છે.

૨) અદ્વિતીય સફળતા : સિદ્ધિપ્રેરિત વ્યક્તિને સામાન્ય સફળતામાં રસ નથી. તે અદ્વિતીય સફળતા મેળવવા પ્રયત્ન કરે છે.

૩) લાંબાગાળાના પ્રયાસો : સિદ્ધિપ્રેરિત વ્યક્તિ સફળતા માટે લાંબાગાળાના પ્રયાસો કરે છે. કાર્યના તુરત ફળની અપેક્ષા રાખતો નથી.

૪) નવીનતા : સિદ્ધિપ્રેરિત વ્યક્તિને કાર્ય ચીલાચાલુ રીતે નહી પરંતુ નવીન રીતે હાથ ધરે છે.

૫) લક્ષ્ય પ્રાપ્તિની જાણ : સિદ્ધિપ્રેરિત વ્યક્તિ પોતાની શક્તિઓ અને મર્યાદાઓનું મૂલ્યાંકન કરી પોતાનું લક્ષ્ય નક્કી કરે છે. લક્ષ્ય અંગે સભાન થઈ ચોક્કસાઈથી અને જવાબદારીથી કાર્ય કરે છે.

૬) ગણતરીપૂર્વકનું જોખમ લેવાની ટેવ : સિદ્ધિપ્રેરિત વ્યક્તિ ગણતરીપૂર્વકનું જોખમ ખેડે છે. જોખમ ખેડવામાં તે ગભરાતો નથી. પરંતુ આંધળુકીયા કરી ખોટું જોખમ પણ તે ખેડતી નથી.

૭) સ્વતંત્રતા : સિદ્ધિપ્રેરિત વ્યક્તિ વિચારોમાં, નિર્ણયો લેવામાં અને કાર્ય કરવામાં સ્વતંત્રતાની આગ્રહિ હોય છે.

૮) જવાબદારી પોતાની શિરે : સિદ્ધિપ્રેરિત વ્યકિત પોતે જ સ્વતંત્રપણે નિર્ણયો લે છે. અને આ નિર્ણય લીધા પછી જવાબદારી પોતાના શિરે રાખે છે.

- આ વ્યક્તિ જો સિદ્ધિ અર્થપૂર્ણ જણાય તો સિદ્ધિ મેળવવાની પ્રવૃત્તિ અસરકારક રીતે ખંતથી કરશે.

- આવી વ્યક્તિ પરિસ્થિતિમાંથી પડકાર શોધી કાઢે છે. અને તેને પહોંચી વળવાનો પ્રયત્ન કરે છે. આ પ્રયત્નને અંતે પ્રાપ્ત થતી સિદ્ધિ એને આનંદ આપી જાય છે.

- આવી વ્યક્તિઓ પ્રમાણમાં સહેલું અને સહેલાઈથી થઈ શકે તેવું કામ પસંદ કરતી નથી.

- આવી વ્યક્તિઓ પોતાના સિદ્ધિસોપાનો જાતે જ નક્કી કરે છે અને બહારની

મદદની આશા રાખતી નથી. બાહ્ય ઈનામો, પ્રલોભનો કે અન્ય લાભો તેમને આકર્ષી શકતા નથી. તેઓ તો આકર્ષાય છે પરિસ્થિતિમાં રહેલા પડકારથી.

- પોતાના કામની પ્રશંસા થાય અથવા પોતાને પ્રતિપોષણ મળે એવી અપેક્ષા તેઓ રાખે છે.

- તેઓ દરેક કાર્ય મૌલિકતાથી કરે છે, તેઓ પ્રણાલિકાને તિલાંજલી આપી દરેક કાર્યને પોતાનો સ્પર્શ આપે છે. અને એ રીતે બધાથી અલગ તરી આવે છે.

- આવી વ્યક્તિઓ કોઈપણ વાત પ્રારબ્ધ પર છોડી દેવાનું પસંદ કરતી નથી. પુરુષાર્થ દ્વારા પોતાનું કાર્ય સફળતાપૂર્વક પાર પાડવામાં તેઓ માને છે. સફળતા, શ્રેષ્ઠતા, પુરુષાર્થ વગેરે જેવા શબ્દો તેમને ખૂબ પ્રિય હોય છે. જયારે અવરોધ, નડતર, પ્રતિકૂળતા, અશકય વગેરે જેવા શબ્દોને ભાગ્યે જ ગણકારે છે.

મેકલેલન્ડ પ્રેરણાની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

''ભાવાનુભૂતિવાળી પરિસ્થિતિમાં થતા ફેરફારમાં ગૌણ ઉદ્દીપક દ્વારા ઉત્પન્ન થતી પૂર્વશિક્ષણની સ્થિતિ એટલે પ્રેરણા.''

વ્યક્તિની ધ્યેયસિદ્ધિ સાથે સંકળાયેલી પ્રેરણાને સિદ્ધિપ્રેરણા કહેવામાં આવે છે.

''ગુણવત્તાનાં મૂલ્યો સાથે હરીફાઈમાં મૂકી શકાય એ રીતે કાર્ય કરવા માટેના વિચારોની ગુંથવણીનું સાતત્ય એટલે સિદ્ધિપ્રેરણા.'' મેક ડૂગલના મતે પ્રેરણા એટલે –

''પ્રેરકોએ પ્રાણીઓની એવી શારીરિક અને માનસિક સ્થિતિ છે જે એને કોઈ એક કાર્ય ચોક્કસ રીતે કરવા પ્રેરે છે.'' વુડવર્થના મતે પ્રેરણા એટલે...

''પ્રેરકોએ વ્યકિતની મનોદશા છે, જે કોઈ નિશ્ચિત ધ્યેયની પૂર્તિ માટે એને અમુક નિશ્ચિત વર્તન તરફ દોરે છે.''

ગલ્ફર્ડના મતે પ્રેરણા એટલે...

"પ્રેરક વૃત્તિએ એક એવી આંતરિક મનોદશા કે પરિબળ છે, જે વ્યકિતમાં પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે અને લક્ષ્યપૂર્તિ થાય ત્યાં સુધી એ પ્રવૃત્તિ જારી રાખે છે."

શેઓન પ્રેરક વૃત્તિઓની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે.

"પ્રેરક વૃત્તિઓ ક્રિયા કરવા માટેની એક પ્રવૃત્તિ છે, જે ઈરણથી ઉત્પન્ન થાય છે અને અનુકૂલનથી સમાપ્ત થાય છે.

જયોર્જ પી. બ્રહ્મ[૨]નાં મતે –

I can't do it "never yet accomplished anything : "I will try" performed wornders."

ડેવિડ મેકકલીલન[૩](1961)નાં મતે –

Meusureed it by analyzing respondents narratives; rather more contoversially he hypothesized that it was related to economic growth.

કોનરેડ હિલ્ટન[૪]નાં મતે –

Achievement seems to be connected with action, successful men and women keep moving. They make mistakes but they don't quit.

આલ્બર્ટ કેમસનાં મતે –

An achievement is bondaye, It obligs one to a higher achievement.

---

[૨] www.Quotating about com/cs/inspiration quotes/a/Achievements2.htm.

[૩] www.encyclopedia.com/doc/1088-achievementmotivation

[૪] www.quotations. about.com/cs/inspirationquotes/a/Achievements8.htm.

**સિદ્ધિપ્રેરણાનું માપન :**

મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણાના માપન માટે, થેમેટિક એપરસેપ્શન ટેસ્ટ (T.A.T.)માં હોય છે. તેવા રેખાચિત્રો પસંદ કરી, તે પરથી વ્યક્તિનો સિદ્ધિપ્રેરણાંક શોધી કાઢવાની યુક્તિ કરી એ માટે સિદ્ધિપ્રતિભાવવાળી વ્યક્તિના (વાર્તાના) મૂલ્યાંકન પર જ ભાર મૂકયો, સિદ્ધિપ્રતિભાવ વાળી વાર્તામાં કેટલા પ્રમાણમાં સિદ્ધિપ્રેરણાનાં મનોવૈજ્ઞાનિક ઘટકો છે, તે શોધી તેને ગુણાંક આપી વ્યક્તિનો સિદ્ધિપ્રેરણાંક શોધી શકાય.

આમ, મેકલેલેન્ડે સિદ્ધિપ્રેરણા ક્ષેત્રે પાયાનું યોગદાન આપ્યું છે. તેમણે સિદ્ધિપ્રેરણાનો ખ્યાલ સ્પષ્ટ કર્યો. તેને વિકસાવવાની પદ્ધતિ અને તેનો અભ્યાસક્રમ પણ આપ્યો. તેમણે સિદ્ધિપ્રેરણાનો વિકાસ કરી શકાય છે તેમ અનેક સંશોધનો દ્વારા સિદ્ધ પણ કરી બતાવ્યું. તેમ આ કાર્યની નોંધ તેમના પુસ્તકો[૫]માં મળી આવે છે.

**૨.૩.૨ કાર્યસંતોષની સંકલ્પના અને વ્યાખ્યાઓ :**

૧૯૩૫માં શબ્દનો સર્વપ્રથમ વ્યવસ્થિત ખ્યાલ આપ્યો. તેમજ કર્મચારીના કાર્ય પ્રત્યેના વલણનું સૌપ્રથમ વ્યવસ્થિત માપન કરવાનો પ્રયાસ કર્યો જેમાં તેમણે દર્શાવ્યું કે કાર્યસંતોષને કાર્ય સાથે સંકળાયેલ વિવિધ પરિબળો સાથે સંબંધ છે. હોપોકે કાર્યસંતોષ અંગે ઘણા અભ્યાસ કર્યા અને ત્યાર પછી કાર્યસંતોષ વિશેના અભ્યાસ પ્રચુર પ્રમાણમાં થવા લાગ્યા. હોપોકે ૧૯૩૫ના અભ્યાસથી માંડીને ૧૯૭૬ સુધીમાં લગભગ ત્રણ હજારથી વધુ અભ્યાસો કાર્યસંતોષ વિશે કર્યા છે. આજના સમયમાં પણ લગભગ ૨૫ ટકા જેટલા સંશોધનો કાર્યસંતોષ, જૂથ જોમ, કાર્ય પ્રેરણા અને કાર્ય સામેલગીરીના જોવા મળે છે. કારણ કે સંતોષકારક કાર્ય માનવીના વ્યકિત વિશેષ ભાવ (Sense of identity) તેમજ વૈયકિતક મહતાની લાગણી (Feeling of personal worth) ને અસર કરે છે. કાર્યસંતોષ માનવીનો વૈયક્તિક વિકાસ સાધે છે, તેમજ સ્વતૃપ્તિની જરૂરિયાત (Self Fullfillment) સંતોષે છે. તેથી કહી શકાય કે માનવીની જરૂરીયાતોનું પોટલું છે. અને એ તૃપ્ત કરવા માનવી કાર્ય કરે છે. કાર્ય દ્વારા વ્યકિતની જેટલી વધુ જરૂરીયાતો સંતોષાય તથા જેટલી તીવ્રતાથી સંતોષાય તેટલા પ્રમાણમાં કાર્ય પ્રત્યે વિધાયક સ્વરૂપની લાગણી અનુભવે છે. એટલે કે તે કાર્ય પ્રત્યે સંતોષ અનુભવે છે.

---

[૫] Macleland. The Achievement motivation. The achieving society, The roots of consciousness and motivation. Economics Achievement.

કાર્યસંતોષ એ કોઈ એક મનોવલણ નથી. પરંતુ અનેક મનોવલણના સંયોજનથી ઉદ્દભવતી કર્મચારીની મનોદશા છે. વ્યકિતના જીવનમાં સમગ્ર ચિત્ર (કાર્ય)માં નોકરી કેવી રીતે ગોઠવાઈ છે તેની સાથે કાર્યસંતોષને સંબંધ છે. જે બાહ્ય સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક મૂલ્યો વ્યક્તિના કાર્ય વિશેની અભિગમ પર અસર જન્માવે છે તે પણ કાર્યસંતોષને અસર કરે છે.

## કાર્યસંતોષ એટલે શું ?

કાર્યસંતોષ શબ્દ સાથે બે શબ્દો જોડાયેલા છે. કાર્ય અને સંતોષ બંન્ને શબ્દોની અલગ-અલગ વ્યાખ્યા આ પ્રમાણે કહી શકાય.

### કાર્ય

કાર્ય એટલે વ્યકિતની કેટલીક જરૂરિયાતો સંતોષવા માટે કરવું પડતું કાર્ય કે પ્રવૃત્તિ જેનું આર્થિક વળતર મળે છે.

### સંતોષ

સંતોષ એટલે વ્યક્તિની જરૂરિયાત પૂરી થતાં અનુભવાતી સુખની લાગણી.

આ બન્ને શબ્દોને જોડીને કાર્યસંતોષની સમજૂતી આ રીતે આપી શકાય. "કાર્યસંતોષ એટલે કાર્ય દ્વારા જરૂરિયાતોની પરિપૂર્તિને કારણે ઉદ્દભવતી સંતોષની લાગણી." સંતોષની કોઈપણ લાગણીની જેમ કાર્યસંતોષ ભાવાત્મક, આવેગાત્મક પ્રતિક્રિયા છે. ભાવ એ ગમા-અણગમાની લાગણીને સ્પર્શે છે, તેથી કાર્યસંતોષ એ વ્યક્તિને પોતાના કામમાં કેટલો આનંદ મળે છે તે સૂચવે છે. આમ, કાર્યસંતોષ એ વ્યકિતનો કાર્ય અનુભવમાંથી પરિણામની સુખજનક કે વિધાયક આવેગાત્મક સ્થિતિ છે.

## કાર્યસંતોષની વ્યાખ્યાઓ :

જુદા-જુદા મનોવૈજ્ઞાનિકો એ કાર્યસંતોષની વ્યાખ્યાઓ આપી છે જે આ મુજબ છે.

હોપોક (૧૯૩૫)[૬]

"કાર્યસંતોષ વૃદ્ધિના પ્રમાણ પર આધારિત છે. જે કાર્ય આપણને જોઈતી જરૂરિયાતો બાબતો. આપણે જે જરૂરિયાતો અનુભવીએ તેમા પુષ્ટિ કરે, વૃદ્ધિ કરે તે કાર્યસંતોષ આપી શકે. આપણી પાસે શું છે. આપણે શું ઈચ્છીએ છીએ અને તે જરૂરિયાતો કે ઈચ્છાઓની પૂર્તિના પ્રમાણમાં કાર્યસંતોષ વ્યકત થાય છે. કાર્યસંતોષનું પરિણામ એ છે કે ભવિષ્યની જરૂરિયાત પણ પરિપૂર્ણ થવાની શકયતાઓમાં વૃદ્ધિ થાય."

ફાઈલેન્ડર (૧૯૬૩)[૭]

"કાર્યસંતોષ અને અસંતોષએ બન્ને દ્વિધ્રુવીય ઘટકો નથી. કાર્યસંતોષ તો અસરકારક ચલ અને બિનઅસરકારક ચલ તરીકેનું લક્ષણ છે."

લોકે (૧૯૭૬)[૮]

"કાર્યસંતોષ એ વ્યકિતને પોતાના કામમાંથી કેટલો આનંદ મળે છે તે સૂચવે છે; આમ કાર્યસંતોષ એ વ્યક્તિને તેના કાર્ય કે કાર્ય અનુભવમાંથી પરિણમતી સુખજનક વિધાયક આવેગાત્મક સ્થિતિ છે."

## ૨.૩.૩.માનસિક તણાવની સંકલ્પના અને વ્યાખ્યાઓ :

અંગ્રેજી શબ્દ STRESSના પર્યાય તરીકે ગુજરાતી ભાષામાં 'મનોભાર', 'તાણ', 'તણાવ' વગેરે શબ્દો પ્રયોજાય છે. આ અભ્યાસમાં હવે પછી તે પૈકી 'તણાવ' શબ્દપ્રયોગને સ્વીકારીને ચર્ચા કરવામાં આવી છે.

ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને પ્રાચીન ગ્રંથોમાં તણાવ શબ્દ જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. ચરકસંહિત, પતંજલિનું યોગસૂત્ર અને ભગવદ્ગીતામાં તણાવ શબ્દનાં દર્શન અન્ય સ્વરૂપે જોવા મળે છે. જેમકે દુઃખ, કલેષ, કામ અથવા

---

[૬] Happock "Job satisfaction of psychologists." Journal of A Psychology. 1937 21-20-24.

[૭] F. Frielander "Job characteristics as satisficrs and disatisficrs" Journal of Psychology 1963 p.48(6), 390

[૮] E. P. Locke "Nature and Causis of Jobsatisfaction in Donnete (ed)." is of Industrial and organizational psychology, New Delhi, Prentice - Hall of India, 1976 p.1302.

તૃષ્ણા, સંશય, આત્મા અને અહંકાર (Self and EGO) અને આધિ (Mental Aberrations) વગેરે.

ભિન્ન ભિન્ન સંશોધકોએ તણાવ શબ્દ જુદી-જુદી રીતે પ્રયોજાયો છે. સ્પિગલે (૧૯૪૫) તણાવને વ્યકિત પર અસામાન્ય માંગ રજૂ કરતો ઉદ્દીપક – ઘટના તરીકે સ્વીકારેલ છે. સેલી(૧૯૭૬) તણાવને મુશ્કેલીજનક ઘટના પ્રત્યે વ્યક્તિએ આપેલ પ્રતિચાર તરીકે વર્ણવે છે. વેવને (૧૯૮૩) જણાવ્યું છે કે તણાવ એ એવી પરિસ્થિતિ છે, કે જે આપણી ખુશી માટે ધમકીરૂપ હોય અથવા તેને ધમકીરૂપે પ્રત્યક્ષીકૃત કરવામાં આવતી હોય અને પરિણામે આપણી અનુકૂલિત થવાની ક્ષમતા પર માનસિક બોજો ઉત્પન્ન કરે. કેટ્સ ડીવેરીસ (૧૯૭૯) જણાવે છે કે તણાવના કારણે વ્યક્તિ સાવધાન, અસરકારક કાર્ય કરવા યોગ્ય બને છે. તણાવક્ષેત્રના ભારતીય નિષ્ણાંત પેસ્તનજી (૧૯૮૭) નોંધે છે કે તણાવને કારણે વ્યક્તિ વ્યવસાયિક સંતોષ અનુભવે છે અને ઉચ્ચ પ્રકારની સિદ્ધિ માટે પ્રેરણા મેળવે છે. મેથ્યુ (૧૯૮૫) પોતાના સંશોધન પત્રમાં જણાવે છે કે તણાવ પેદા કરતી પરિસ્થિતિઓ અને સર્જનાત્મક વલણો વચ્ચે વિધેયાત્મક સંબંધ છે. પેટ્રીસ્કો (૧૯૯૮) એ જણાવ્યું છે કે રચનાત્મક પ્રવૃત્તિઓ, અભ્યાસમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ, સમસ્યા નિદાન શકિત, જોખમ ખેડવાની હિંમત, સામાજિકતા અને નિયમિતતા વ્યકિતમાં તણાવના કારણે જન્મે છે.

સામાન્ય રીતે તણાવ એટલે માનવીના જીવનની એવી પરિસ્થિતિ કે જેનાથી તેનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે ત્યારે તે તણાવની અવસ્થામાં છે. તેમ કહી શકાય જયારે મુશ્કેલીનો તાત્કાલીક ઉકેલ મળે નહીં ત્યારે જે માનસિક અવસ્થા ઉદ્દભવે છે. તેને તણાવ કહે છે. સાદી ભાષામાં કહીએ તો માનસિક તણાવનું મૂળ ઈચ્છાઓ અને જરૂરિયાતો ન સંતોષવાની બાબતમાં સમાયેલ છે.

માનસિક ખેંચ એટલે લાગણીની અસ્પષ્ટ સ્થિતિ કે જેમાં વ્યકિત સતત અનિશ્ચિતતા અને પડકાર અનુભવે છે. ગીતામાં કહ્યું છે કે "સંશયીનો વિનાશ છે", એટલે કે જેનું મન દ્વિધામાં હોય તે વ્યક્તિ છેવટે નાશ પામે છે. લેટિન ભાષામાં માનસિક તણાવ એટલે રૂંધાવું, ગુંગળાવવું, ચારે બાજુથી ફાંસો લાગવો એવો અર્થ થાય છે. માનસિક તણાવ એટલે ફસાઈ જવું બીજો કોઈ વિકલ્પ જ ન રહેવો જયારે લડી શકવાની કે છટકી શકવાની શકયતા રહેતી

નથી, ત્યારે માનસિક તણાવ થાય છે. આપત્તિની અપેક્ષાએ કોઈ પ્રાણી શાંત અને તણાવપૂર્વ રીતે હલનચલન કર્યા વિના કરી જાયછે, એ માનસિક તણાવનું ઉદાહરણ છે બિલાડીને જોતાં, લડી શકાય તેમ ન હોય અને ભાગી જવાની કોઈ છટકબારી ન હોયતો ઉંદરની સ્થિતિ આવી થઈ જાય છે. એપોસલ જેઈમ્સ (૧૯૯૩) કહે છે કે દ્વિધાવાળી વ્યકિત દરેક રીતે અસ્થિર હોય છે. તેના નિર્ણયો, લાગણી, વિચાર અને અભિપ્રાય બધુ અસ્થિર હોય છે. માનસિક તણાવ, મનની દ્વિધાભરી સ્થિતિ સૂચવે છે.તણાવ સંશોધક રિચર્ડ લઝારસ(૧૯૬૬) માને છે કે પરિસ્થિતિના મૂલ્યાંકનથી જ તણાવની શરૂઆત થાય છે.

શીંગ્લોન (૧૯૯૯) તણાવનું સ્પષ્ટીકરણ કરતાં કહે છેકે " સામાન્ય રીતે તણાવને આપણે નકારાત્મક રીતે લઈએ છીએ, તણાવ એટલે આપણે મન કોઈ સ્વજનની ઈજા, અકસ્માત, માંદગી કે મૃત્યુ અથવા આર્થિક સંકટ, કામનો બોજો કે આપણી પરિસ્થિતિમાં આવેલું એકાએક પરિવર્તન, તણાવજનક પરિસ્થિતિ ઉભી થાય એટલે આપણે શરીર અને મનથી થાકી જઈએ છીએ. ચીડિયા બની જઈએ છીએ : મનમાં હતાશા કે નિરાશાની લાગણી થવા માંડે છે. કામના બોજા હેઠળ દબાઈ ગયા હોય એવું લાગવા માંડે છે અને મનમાં તાણ કે ચિંતા અનુભવાય છે."

માનસિક તણાવ હંમેશા હાનિકારક નથી. ખરેખર તો માનસિક તણાવ વિના જીવન જ શકય નથી. માનસિક તણાવ વિનાનું જીવન નીરસ અને નિષ્ક્રિય અસ્તિત્વ માત્ર બની જાય છે. માનસિક તણાવ આરોગ્યમય પણ હોઈ શકે, કારણ કે તે વધુ શારીરિક પ્રયત્નો કરવા પ્રેરે છે. લોહીનું ભ્રમણ ઉત્તેજિત કરે છે. માનસિક રીતે સજાગ રાખે છે. તણાવનો મનોવૈજ્ઞાનિક સમસ્યા તરીકે સૌ પ્રથમ અભ્યાસ હાવર્ડ યુનિવર્સિટીના શરીરક્રિયા વિજ્ઞાન-વિશેષજ્ઞ વોલ્ટર બી.કેનને કર્યો હતો. એમણે તણાવને શરીરની 'લડો અથવા ભાગી છૂટો', પ્રતિક્રિયા (Fight or Flight Response) તરીકે વર્ણવેલ છે. તણાવથી વ્યકિતનો આત્મવિકાસ થાય છે. અણધારી પરિસ્થિતિઓનો સામનો કરવાનું આપણું બળ વધે છે. જો આપણે તણાવનો યોગ્ય રીતે સામનો કરીએ તો એનાથી આપણી શકિતઓનો વિકાસ થાય છે. જે તણાવ આપણા ઉપર અનુકૂળ પેદા કરે છે એને સુખદ તણાવ (EUSTRESS) કહે છે.

પેસ્તનજી (૧૯૯૭) તણાવની સંકલ્પના સ્પષ્ટ કરતાં જણાવે છે કે : "The concept of stress in the modern sense is not easily found in the traditional texts of Indian

culture and traditional such as charak samhita, Patanjali's yogasutras and Bhagwad Gita. However, a number of concepts developed by ancient Indian scholars relate to or appear similar to the phenomenon of stress. Some of these, for example are Dukha (pain, misery or suffering) Klesa (afflications), Kama or Trisna (desires), Atman and Ahamkara (self and ego), Adhi (mental aberrations) and Prajnaparadha (failure of lapse of consciousness) It is interesting to note that the body mind relationship characteristic of modern stress sutdies is emphasised in the Ayurveedic (Indian) system of medicine."

પેટ્રોસ્કો(૧૯૯૮) એ જણાવ્યું છે કે રચનાત્મક પ્રવૃત્તિઓ, અભ્યાસમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ, સમસ્યા નિદાન શકિત, જોખમ ઉપાડવાની હિંમત, સામાજિકતા અને નિયમિતતા વ્યક્તિના તણાવને કારણે જન્મે છે. છતાં આવી કોઈ એક સ્પષ્ટતા તણાવની સંકલ્પનાને સંપૂર્ણ રીતે સ્પષ્ટ કરી શકે નહિ. સામાન્ય રીતે તણાવના ત્રણ ઉદ્દગમ સ્થાનો છે – આપણું વાતાવરણ, આપણા વિચારો અને આપણું શરીર આપણા વાતાવરણમાંથી આપણા ઉપર અનુકૂલનની માંગ પેદા કરનારા પરિવર્તનો કે ફેરફારો સતત પેદા થયા કરે છે. આપણે સતત હવામાનના ફેરફારો, કુદરતી આફતો, ઘોંઘાટ, ભીડ, સમયનું દબાણ, કાર્યદબાણ, વ્યક્તિ–વ્યક્તિ વચ્ચેના સંબંધોની તાણ વગેરેનો સતત અનુભવ કરીએ છીએ. આ ફેરફારો સામે અનુકૂલન પેદા કરવા માટે આપણું મગજ અને શરીર જે પ્રક્રિયાઓ ઉત્પન્ન કરે છે, એને જ તણાવ કહેવામાં આવે છે.

ત્રિવેદી (૧૯૮૯) "અપેક્ષા ભારણની માત્રા જયારે જયારે પ્રમાણસર કરતાં વધી જાય છે, જેને વ્યક્તિ સહેલાઈથી પહોંચી વળી શકે નહીં અથવા જે વ્યકિતની અનુકૂલિત થવાની તાકાત બહાર હોય. ત્યારે માનસિક તણાવ ઉત્પન્ન થાય છે. અનુભવાતા ભારણ અને વ્યકિતની ક્ષમતા વચ્ચેની નાની અસમતુલા મોટી અસમતુલા કરતાં વધુ માનસિક તણાવ જન્માવે છે."

તણાવની વ્યાખ્યા જુદા જુદા વિદ્વાનોએ આ પ્રમાણે આપી છે.

ગાંધી અને અન્ય (૧૯૯૬) "જયારે મુશ્કેલીનો તાત્કાલિક ઉકેલ મળે નહીં ત્યારે જે માનસિક અવસ્થા ઉદ્દભવે છે, તેને તણાવ કહે છે."

Bob Montagomery**ના મત પ્રમાણે –**

"The term stress carries two meaning. In one way it is used for the state of psychological up-set caused by some stress and pressures. In another way it is regarded as a class of stimali threatening and thus cauing distrubances I ones behaviour."

Robbins S.P.**ના મતે –**

"Stress is dynamic condition in which an individuals is contronted with an opportunity constraint or demand related to what he or she desires and for which the outcome is percieved to be both uncertain and important."

હોલ્મ્સ(૧૯૬૭) તણાવની સંકલ્પનાને સ્પષ્ટ કરતાં તણાવ વિશે કેટલાંક મનોવૈજ્ઞાનિકોએ રજૂ કરેલા વિચારોને સંપાદિત કરે છે, જે આ પ્રમાણે છે.

"તણાવ એવા સંજોગો કે જે વ્યક્તિનાં અસ્તિત્વ માટે પડકારરૂપ હોય અને વ્યકિતની અર્જિત શકિતઓને નુકશાન પહોંચાડે."

જયારે આપણા બાહ્ય કે મનોસામાજિક વાતાવરણમાં કોઈ એવું પરિવર્તન પેદા થાયછે કે જે આપણને મુશ્કેલીજનક કે ભયજનક, કાબુ બહારનું અથવા આપણી શકિતની ઉપરવટનું જણાય ત્યારે આવી પરિસ્થિતિ પ્રત્યે અનુકૂલન પેદા કરવાની માંગ આપણી સમક્ષ ઉપસ્થિત થાયછે. આ માંગને પહોંચી વળવા માટે આપણું શરીર અને મન જે પ્રતિક્રિયાઓ ઉત્પન્ન કરે છે, તેને તણાવ કહે છે.

## તણાવનું સ્વરૂપ :

તણાવ મનુષ્યના જીવનને અસર કરનારું અગત્યનું પરિબળ છે. તણાવનું પ્રત્યક્ષીકરણ પ્રત્યેક વ્યક્તિ પોતાની આગવી રીતે કરે છે.

૧. તણાવ શારીરિક અથવા માનસિક હોઈ શકે છે.

૨. શારીરિક અને મનોવૈજ્ઞાનિક તણાવ આંતરક્રિયાત્મક કાર્ય કરે છે. એક બીજા પર અસર કરે છે.

૩. તણાવનું પ્રત્યક્ષીકરણ આત્મલક્ષી છે. એક સરખા તણાવપૂર્વ સંજોગોને બે વ્યક્તિ જુદી જુદી રીતે મૂલવે છે.

૪. તણાવ વ્યકિતએ જાતે લાદેલો હોઈ શકે. દા.ત. વિદ્યાર્થી સારા ગુણ પ્રાપ્ત કરવા પોતાની જાત ઉપર દબાણ લાવે. ફ્રિડમેન અને રોજેનમેન (૧૯૭૪) એ વર્ણવેલા સમય તરફ ખૂબ સભાન વ્યકિતઓ જાતે લાદેલ તણાવનો અનુભવ કરે છે. આવી વ્યકિતઓ ઉચ્ચ પ્રેરણા ધરાવે છે. આક્રમક અને મહત્વાકાંક્ષી હોય છે.

**તણાવની લાક્ષણિકતાઓ :**

મનોવૈજ્ઞાનિકોએ તણાવ અંગે આપેલી વ્યાખ્યાઓના આધારે તણાવની કેટલીક લાક્ષણિકતાઓ તારવવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

૧. તણાવ શારીરિક અથવા માનસિક હોઈ શકે છે :

તણાવ બે પ્રકારના છે. ૧. શારીરિક તણાવ અને ૨. માનસિક તણાવ. શરીર સાથે ભૌતિક સ્વરૂપે બનેલી કોઈ ઘટનાના પરિણામે ઉભા થતા તણાવને શારીરિક તણાવ કહે છે. ઉદાહરણ તરીકે રોગનો ચેપ, વધારે પડતી ગરમી કે ઠંડી, પૂરતી ઊંઘનો અભાવ, શારીરિક પીડા વગેરેને કારણે ઉભો થતો તણાવ. નવી શાળામાં પ્રવેશ મેળવવો, અટૂલા પડી જવું વગેરે પરિસ્થિતિઓ માનસિક તણાવ ઉત્પન્ન કરે છે.

૨. શારીરિક અને માનસિક તણાવ આંશિક રીતે બેવડાય અથવા પારસ્પરિક ક્રિયા થઈ શકે :

અનુકૂળતા માટે ભિન્ન તણાવને આપણે શારીરિક અને માનસિક તણાવમાં વર્ગીકૃત કરીએ છીએ. પરંતુ દરેક શારીરિક અને માનસિક તણાવ સ્વતંત્ર જ હોય તેવું ન બની શકે. એક જ ઘટનામાં બન્ને આંશિક રીતે સાથે જોડાયેલા હોય અથવા તે બન્ને વચ્ચે પારસ્પરિક ક્રિયા થતી હોય. ઉદાહરણ તરીકે બે વ્યકિત વચ્ચેના ઝઘડામાં શારીરિક અને માનસિક એમ બન્ને પ્રકારના તણાવ ઉત્પન્ન થાય છે. પરીક્ષા પણ વિદ્યાર્થી માટે આ બન્ને પ્રકારના તણાવ ઉત્પન્ન કરે છે.

### ૩. તણાવનું પ્રત્યક્ષીકરણ આત્મલક્ષી છે

એવા ઘણાં આધારો મળ્યા છે, જેમાં જણાયું છે કે એક જ સરખી તણાવજનક પરિસ્થિતિઓને બે અલગ અલગ વ્યકિતઓ જુદી જુદી રીતે જુએ છે. (લઝારસ, ૧૯૬૬) ઉદાહરણ તરીકે, પ્રવેશ કસોટી આપતા બે વિદ્યાર્થીઓ પૈકી એક માટે તે પરિસ્થિતિ ખૂબ જ તણાવજનક જણાવી હોય, જયારે બીજો વિદ્યાર્થી તેને પડકાર તરીકે સહજ રીતે સ્વીકારી લે છે.

### ૪. તણાવ પોતે પોતાની જાત ઉપર લાદેલો હોઈ શકે

ઘણીવાર વ્યકિત તણાવ પોતાના પર લાદે છે. ઉદાહરણ તરીકે, તરુણો પોતાની જાત પર ઊંચા ગુણ મેળવવાનું દબાણ લાદે છે. તેના પરિણામે તે તણાવ અનુભવે છે. ફ્રીડમેન અને રોજેનમેન (૧૯૭૪) વર્ણવેલા સમય તરફ ખૂબ સમાન વ્યક્તિત્વાળા વ્યક્તિઓ લાદેલા તણાવનો અનુભવ કરે છે. આવી વ્યક્તિઓ ઉચ્ચ પ્રેરણા ધરાવે છે. આક્રમક અને મહત્વાકાંક્ષી હોય છે.

### ૫. સંસ્થાગત નીતિ-નિયમો કે વ્યવસ્થા તણાવ જન્માવે છે.

પ્રત્યેક સંસ્થાને પોતાના ચોક્કસ, નીતિ-નિયમો અને સંસ્થા સંચાલનની વ્યવસ્થા હોય છે.વધારે પડતા અઘરા નીતિ-નિયમો કે સંચાલનની કડક રીતો સંસ્થા સાથે સંકળાયેલા સભ્યોમાં તણાવ પેદા કરે છે. શાળાના વધારે પડતા કડક શિસ્તના નિયમો વિદ્યાર્થીઓમાં તણાવ પેદા કરે છે. ગણવેશ, બેઠક વ્યવસ્થા, જડ સમયપત્રક વગેરે બાબતોથી બાળકોમાં તણાવ જન્મે છે.

## મનોવૈજ્ઞાનિક તણાવના મુખ્ય સ્રોતો :

વ્યકિતની આસપાસના પર્યાવરણમાં અનેક પ્રકારની ઘટનાઓ આકાર લેતી હોય છે. જે વ્યકિત માટે એક યા બીજી રીતે તણાવપૂર્ણ હોય છે. આવી તણાવજનક ઘટનાઓને ચાર વર્ગોમાં વર્ગીકૃત કરીશકાય. અર્થાત્ તણાવના મુખ્ય ચાર સ્રોતો છે.

૧. વૈકલ્પ (Frustration)

૨. સંઘર્ષ (Conflict)

૩. દબાણ (Pressure)

૪. ફેરફાર (Change)

**મનોવૈજ્ઞાનિક તણાવ પર અસર કરતાં પરિબળો :**

મનોવૈજ્ઞાનિક તણાવ પેદા કરનારાં પરિબળો આ પ્રમાણે છે.

- મૂળભૂત જરૂરિયાતો અને તણાવ
- જીવન સંજોગો અને તણાવ
- જાતીયતા અને તણાવ
- બુદ્ધિ અને તણાવ
- વ્યક્તિત્વ અને તણાવ
- કૌટુંબિક જીવન અને તણાવ
- ઔદ્યોગિકકરણ, શહેરીકરણ અને તણાવ
- વ્યક્તિગત કારણો અને તણાવ.

મનોવૈજ્ઞાનિક જહોન લેમ્બર્થ (૧૯૭૬) તણાવપેદા થવાનાં કારણો આપતાં જણાવે છે :

"Many investigators have been intrested in how people under stress. Stressful situations occur in everyone's life. The death of a close family member. Serious injury and the loss of a job are three ordinary examples of extreme stress. Doing poorly in and academic situation, breaking of with a boy friend or girl friend or being involved in a minor automobiles accident are usually less stressful than the first three extreme stituations."

માનસિક તણાવ પેદા કરનારા સ્રોત અને તેનાથી પેદા થતાં પરિણામો દર્શાવતું માનસિક તણાવ મોડેલ આકૃતિ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

**માનસિક તણાવ મોડેલ**




## તણાવની અસરો :

માનસિક તણાવ હંમેશા હાનિકારક હોતા નથી. જ્ઞાન પ્રાપ્તિની તીવ્ર ક્ષમતા અને વલણવાળી વ્યક્તિઓમાં તણાવ હરિફાઈ અને વિચારશક્તિ માટેનાં પ્રયત્નો વધારી શકે છે. કામગીરી સુધારવા અને જોખમોનો સામનો કરવાની શક્તિ વધારવામાં મદદરૂપ બને છે. માનસિકતણાવ વ્યક્તિના વ્યક્તિત્વનું ઉત્તમ નિર્માણ કરી શકે છે અથવા તેનું ખંડન પણ કરી શકે છે. તેનું રહસ્ય છે, વ્યકિત કેટલી અનુકૂળ બની શકે છે.

જહોન લેમ્બર્થ (૧૯૭૬) તણાવની અસરો જણાવતાં કહે છે : "There are many effect of Stress People become anxious, get ulcers, loss job and are subject to many other unpleasent effects when they are under stress."

૧) તણાવની નકારાત્મક અસરો :

જો આપણે તણાવને હલ કરવાના કોઈ ઉપાયો જ ન કરીએ તો હાનિકારક અસર થયા વિના રહે નહિ.

તણાવની નકારાત્મક અસરો ત્રણ પ્રકારની છે.

(અ) વર્તન સમસ્યા

(બ) કાર્યશકિત અને કાર્ય સિદ્ધિઓમાં ઘટાડો

(ક) સ્વાસ્થ્યની સમસ્યા

૨) તણાવની વિધેયાત્મક અસરો

માનસિકતણાવ વિના જીવન જ શકય નથી. તણાવ આરોગ્યમય પણ હોઈ શકે, કારણ કે તે વધુ શારીરિક પ્રયત્નો કરવા પ્રેરણા પૂરી પાડે છે. જો વ્યક્તિની શારીરિક સંરક્ષણ શક્તિઓ સંપૂર્ણ રીતે કામ કરતી હોય તો તણાવ આશીર્વાદરૂપ બને છે. તણાવથી શારીરિકક્ષમતા પણ વધે છે.

## તણાવ માપનની પદ્ધતિઓ :

તણાવ માપનની વિવિધ પદ્ધતિઓમાંની કેટલીક અગત્યની પદ્ધતિઓનો ખ્યાલ અહીં આપવામાં આવ્યો છે.

૧) થર્સ્ટન અને કેવ પદ્ધતિ
૨) સેમાન્ટિક ડિફરન્શીયલ પદ્ધતિ
૩) કયુ-સોર્ટ (Q Sort) પદ્ધતિ
૪) ગેટમેન પદ્ધતિ
૫) લિકર્ટ પદ્ધતિ
૬) અન્ય પદ્ધતિઓ

અન્ય પદ્ધતિઓ જેમાં એડવર્સની ભેદ પરખ પદ્ધતિ, સેફીરની સમાન અંતર પદ્ધતિ તથા પ્રમાણિત પદ્ધતિ છે. જેમાં પ્રમાણિત પદ્ધતિમાં આપેલા વિધાનોમાંથી પ્રયોગપાત્રો તેને

સાચુ લાગતું વિધાન પસંદ કરવાનું હોય છે. આ પસંદ કરેલા વિધાન પરથી પ્રયોગપાત્ર વલણ નક્કી કરવામાં આવે છે.

### તણાવનું માપન (લિકર્ટ પદ્ધતિ)

પ્રસ્તુત અભ્યાસમાં તણાવ માપન માટે લિકર્ટ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે બાબતનું તણાવમાપન કરવાનું હોય તે અંગેના તણાવ દર્શક વિધાનો એકત્ર કરવામાં આવે છે. આ વિધાનો સંપૂર્ણ ધનથી માંડી સંપૂર્ણ ઋણ તણાવ દર્શાવતા હોવા જોઈએ. આંતરિક સાતત્ય વિધાન પસંદગી માટેનો એક માત્ર માપદંડ છે. આ પદ્ધતિમાં નિર્ણાયકોને વિધાનો મોકલવામાં આવતા નથી, પરંતુ શ્રેષ્ઠ લાગતા વિધાનો પસંદ કરવા ઘણીવાર વિગત વિશ્લેષણની પદ્ધતિનો ઉપયોગ કરીને જે વિધાનો વચ્ચે આંતરિક સંવાદિતા શ્રેષ્ઠ હોય તે વિધાનોને પસંદ કરવામાં શકય હોય તો બાહ્ય માપદંડનો આશરો પણ લેવાય.

આ પદ્ધતિમાં દરેક વિધાન સામે ચઢતાક્રમમાં પાંચ બિંદુવાળો માપદંડ હોય છે. અથવા આ પદ્ધતિમાં સ્પષ્ટ રીતે હકારાત્મક કે સ્પષ્ટ રીતે નકારાત્મક એવા બે જ પ્રકારના વિધાનો સમાવવામાં આવે છે. જયારે પક્ષવાળા વિધાનોનું મૂલ્યાંકન કરવાનું હોય છે ત્યારે ૧ ભારાંક આપવામાં આવે છે એથી ઉલટુ જયારે વિપક્ષમાં વિધાનો હોય ત્યારે ૦ ભારાંક આપવામાં આવે છે.

આ રીતે બધા વિધાનો પરના "પ્રાપ્તાંકો"નો સરવાળો શોધી તણાવ આંક નક્કી કરવામાં આવે છે.

### ૨.૪ સમીક્ષા માટે પસંદ થયેલા સંશોધનો

પૂર્વે થયેલા સંશોધનો પૈકી સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને તણાવ સંબંધમાં થયેલા શૈક્ષણિક સંશોધનોનો અત્રે સમીક્ષામાં સમાવેશ કર્યો હતો.

આ માટે શિક્ષણ, મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક સંશોધનોને લગતા દેશ-પરદેશના કેટલાક સામયિકો, અંકો, ઈન્ટરનેશનલ એબસ્ટ્રેક્સ, સર્વે ઓફ રીસર્ચના ગ્રંથો, સંશોધનના માત્ર સાર પ્રકાશિત કરતાં સામયિકો તથા કેટલાક અપ્રકાશિત સંશોધન અહેવાલ વગેરે નમૂના પ્રાપ્તિના સ્ત્રોતો હતા.

પ્રસ્તુત અભ્યાસમાં સંબંધ સાહિત્યની સમીક્ષા માટે આનુષાંગિક નમૂના પસંદગીની પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પ્રાપ્ત સામાયિકોમાંથી આ નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. પરિણામે દરેક ચલના સંદર્ભમાં પ્રાપ્ત થયેલ સમીક્ષા માટેના સંશોધનની સંખ્યામાં સમાનતા નથી. સમીક્ષા માટે થયેલા સંશોધનોની વિગત સારણી – ૨.૧ માં રજૂ કરવામાં આવી છે.

**સારણી ૨.૧**

**સમીક્ષા માટેના નમૂનામાં સમાવિષ્ટ સંશોધનો**

| **ક્રમ** | **વિષય** | **સંશોધનોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | સિદ્ધિ પ્રેરણા | ૦૮ |
| ૨. | કાર્યસંતોષ | ૨૮ |
| ૩. | માનસિક તણાવ | ૨૭ |
| **કુલ** | **૩** | **૬૩** |

સારણી ૨.૧નું અવલોકન દર્શાવે છે કે સૌથી વધારે સંશોધનો કાર્યસંતોષના ૨૮ પ્રાપ્ત થયા હતા. જયારે માનસિક તણાવના અને સિદ્ધિપ્રેરણાના ક્રમશ : ૨૭ અને ૦૮ સંશોધનો પ્રાપ્ત થયા હતા.

## ૨.૫ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયેલ સશોધનો :

### પ્રસ્તાવિક

આ સંબંધિત સાહિત્યની સમીક્ષા વિસ્તાર, વાચન અને મૂલ્યાંકનનાં કારણ–સંબંધાત્મક અભ્યાસ અને પ્રતિભાવનાં વ્યક્તિગત આયોજનને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે.

### બોર્ગે અને ગલ[૯]ના મતાનુસાર (૧૯૭૮)

"કોઈપણ ક્ષેત્રનું સાહિત્ય એવું હોય છે કે જેનાં પર ભવિષ્ય નિર્ભર હોય. જો

[૯] W. R. Borge and Gall : Educational Research and Introduction, M.C.Grow Hill Book Company, New York (1978), P.708.

આપણે સાહિત્યનાં રીવ્યુમાંથી મળતાં જ્ઞાનનાં પાયાને બાંધવામાં નિષ્ફળ જઈએ તો બીજા કરતા આપણું કાર્ય છીછરું અને હંમેશા નકલી ગણાવી શકાય."

આમ, નવા સંશોધનકાર્ય માટે સંબંધિત સાહિત્યની સમીક્ષા એ યોગ્ય દિશાસૂચનનો અમૂલ્ય ફાળો આપે છે.

સરળ અને અસરકારક સંશોધન પ્રવૃત્તિ માટે સંશોધકને સ્પષ્ટ અને અસરકારક પ્રશ્નોનું નિરાકરણ કરવાનું સૂચન કરવા પ્રેરે છે. આથી હેતુઓના અનુસાર સંશોધક પોતે એકત્ર કરેલી માહિતીનું યોગ્ય પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરી શકે.

સંશોધકે પૂર્વે થયેલા અભ્યાસોમાંથી સિદ્ધિપ્રેરણા પર અભ્યાસ કર્યો. આ પ્રકારનાં સંશોધન કાર્ય માટે સંશોધકે જુદી–જુદી યુનિવર્સિટીમાં પીએચ.ડી. કક્ષાએ થયેલા સંશોધનોની ઊંડાણભરી માહિતી, શિક્ષણ અને મનોવિજ્ઞાનનાં પુસ્તકો NCERT એ પ્રકાશિત કરેલા શૈક્ષણિક સંશોધનનાં સર્વેનાં વોલ્યુમોનો ગહનતાપૂર્વક અભ્યાસ કર્યો અને ઈન્ટરનેટ દ્વારા પણ માહિતી એકત્ર કરવામાં આવી હતી. સંશોધકો પોતાની સંશોધનની સમસ્યાનાં ઉકેલ માટે ઘણી બધી વેબસાઈટોનો ઉપયોગ કરીને સંશોધન સાર મેળવ્યા હતા.

આ બધા સ્રોતોમાંથી પ્રદાન થયેલી માહિતી દ્વારા સંશોધકને નીચેનાં પ્રશ્નોનાં જવાબો મળી શકયા હતા.

(૧) શિક્ષકો શા માટે સિદ્ધિપ્રેરણા અનુભવે છે ?

(૨) જુદા – જુદા સંશોધકો અને મનોવૈજ્ઞાનિકોની દષ્ટિએ શિક્ષકોને સિદ્ધિપ્રેરણા ઉત્પન્ન કરવાનું તત્ત્વ શું હોઈ શકે ?

(૩) જુદા–જુદા સંશોધકોના મતે સિદ્ધિપ્રેરણા શું છે ?

(૪) શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના સંશોધન માટે જુદા જુદા સંશોધકોએ કેવા પ્રકારનો નમૂનો પસંદ કર્યો હતો ?

(૫) કયા ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો ?

(૬) સંબંધ ચકાસવા માટે કયા ચલોનો અમલ થયો હતો ?

(૭) શિક્ષકની સિદ્ધિપ્રેરણા સંબંધી સમસ્યા માટે ચાલો વચ્ચેના સંબંધનું પરિણામ શું મળ્યું હતું ?

**સંબંધિત સાહિત્યનો સારાંશ :**

જ્ઞાનાત્મક ફેરફારો ખૂબ જ ઝડપી થઈ રહ્યા છે અને સંશોધકનું સંશોધન ઝડપી પ્રક્રિયા કરી રહ્યું છે સંશોધકે ગહનતાથી ઘણાં સંશોધનનાં સારાંશોનો અભ્યાસ કર્યો અને કેટલાક પસંદિત સંશોધન સારાંશો પસંદ કર્યા. જે સારણી-૨માં દર્શાવ્યા છે.

**સારણી-૨.૨**

**વિવિધ શૈક્ષણિકક્ષેત્રે સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો**

| ક્રમ | સંશોધકનું નામ | વર્ષ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧. | નિખીલ આર. લાખીયા | ૧૯૭૧ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર |
| ૨. | કે. સંગીધન રાવ | ૧૯૭૫ | એમ.એસ.યુનિવર્સિટી, બરોડા |
| ૩. | પટેલ એ. ડી. | ૧૯૭૭ | એમ.એસ.યુનિવર્સિટી, બરોડા |
| ૪. | કિરપાલસિંગ નરૂલ્લા | ૧૯૭૮ | એમ.એસ.યુનિવર્સિટી, બરોડા |
| ૫. | જોષી ચંદ્રમૌલી વી. | ૧૯૯૯ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૬. | થોમસ જી. ઝેન્ઝે | ૨૦૦૨ | એમ. એસ. યુનિવર્સિટી, બરોડા |
| ૭. | અતુલ વ્યાસ | ૨૦૦૫ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ૮. | પુરોહિત એન. પી. | ૨૦૦૬ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

લાખીયા[10] (૧૯૭૧) એ શિક્ષકોના વ્યવસાય પ્રત્યેના વલણનો બૌધિ, શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓમાં શિક્ષણનો વ્યવસાય સ્વીકારવા પાછળની પ્રાથમિક પ્રેરણાની શોધ કરવી અને અનુભવ, તાલીમ, સામાજિક સ્થિતિ, ઉંમર, વૃદ્ધિ, શાળાકિય સિદ્ધિ અને પ્રેરણા જેવા જુદા જુદા વલણોના સંબંધ નક્કી કરવો મુખ્ય હતા. નમૂનામાં અમદાવાદ શહેરની ૬ શાળાઓ અને એક ટ્રેનીંગ કોલેજમાંથી ૧૦૦ શિક્ષકો લીધા હતા. ઉપકરણો તરીકે શ્રીમતિ યશોમતી બહેન પટેલનો વલણ માપદંડ, ડૉ. સી. સી. પાઠકનો વ્યક્તિ માપન ટેસ્ટ અને શ્રી એચ. એસ. ડેવિડની ટી. એ. ટી. વાર્તાઓનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતા. ૮૦% શિક્ષકો વલણના ક્ષેત્રથી નીચે હતા. તેમનું ક્ષેત્ર ૨.૮ હતું તે બતાવે છે કે શિક્ષકો તેઓ, અનુકૂલ વલણ ધરાવે છે. તેમનો એન.એચ. સ્કોર ઊંચો છે. જે ૬.૭ના વલણમાંથી નીચેના છે તેઓ એન.એચ.સ્કોરમાં વહેંચાયેલા છે. પણ શિક્ષકોએ ઊંચા પ્રકારનું એન.એચ. બતાવ્યું.

રાવ[11] (૧૯૭૫) એ ભાવિ શિક્ષકોની સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી જાણવાનો અભ્યાસ કર્યો હતો. તાલીમી કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના સિદ્ધિપ્રેરણા અને જાત પરિક્ષણને જાણવું. સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી વચ્ચેનો સંબંધ તપાસવો. માતા પિતાનો અભ્યાસ, ધંધો અને આવકની સિદ્ધિપ્રેરણા સાથે તપાસવી એ આ સંશોધનના મુખ્ય હેતુઓ હતા. નમૂનામાં મદ્રાસ યુનિવર્સિટીની ૧૪ બી.એડ્.કોલેજનાં ૪૧૦ તાલીમાર્થીઓને લીધા હતા. ઉપરોકત હેતુઓને જાણવા માટે ટી.એ.ટી. ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો. તેમજ અન્ય ટુલ્સનો ઉપયોગ કર્યો હતો.

સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી વચ્ચેનો સંબંધ જોવા મળ્યો તથા જુદી જુદી જાતી (સ્ત્રી, પુરુષ)ના સિદ્ધિપ્રેરણાના આંકમાં બહુ તફાવત નથી એ આ અભ્યાસના મુખ્ય તારણો હતા.

---

[10] એન.આર. લાખીયા : **શિક્ષકોના વ્યવસાય પ્રત્યેના વલણનો બૌદ્ધિક, શૈક્ષણિક સિદ્ધિ, સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ.** (ગુજ.), અપ્રકાશિત એમ.એડ્. શોધનિબંધ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર (૧૯૭૧).

[11] એસ. કે. રાવ : **ભાવિ શિક્ષકોની સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી જાણવાનો અભ્યાસ(ગુજ.).** અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, એમ.એસ.યુનિવર્સિટી, બરોડા (૧૯૭૫).

પટેલ[૧૨](૧૯૭૭) એ ગુજરાત રાજયની શૈક્ષણિક કોલેજના વિદ્યાર્થી–શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સામાજિક આર્થિક દરજ્જાનો અભ્યાસ કર્યો હતો. સંશોધનના મુખ્ય હેતુઓમાં ગુજરાત રાજયની શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાર્થી–શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સફળ તાનું લેવલનો અભ્યાસ કરવો, તથા તાલીમાર્થી શિક્ષકોની સફળતા સિદ્ધિપ્રેરણા, સામાજિક આર્થિક દરજજો અને ચિંતાતુરતાના સંબંધમાં તેની કક્ષા જાણવી એ હતા. નમૂના તરીકે ૮૭૬ તાલીમાર્થી શિક્ષકો (ભાઈ–બહેનો) શિક્ષણ મહાવિદ્યાલયના નમૂનામાં પસંદ કર્યા હતા. ઉપકરણ તરીકે ઘ મેરીટ દેખાવ કસોટી, SES સ્કેલ (ગ્રામ્ય, શહેરી માટે), ચિંતાતુર માપદંડ વગેરેનો ઉપયોગ કર્યો હતો.

અભ્યાસના મુખ્ય તારણોમાં તાલીમાર્થી (વિદ્યાર્થી) શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનું સ્તર સારું હતું. તાલીમાર્થી શિક્ષકોમાં સ્ત્રી અને પુરુષ શિક્ષકો વચ્ચેનો તફાવત અર્થસૂચક હતો. (સિદ્ધિપ્રેરણા માટે) તેમજ સરાસરી જે સ્કોર ઊંચો હતો તથા સિદ્ધિપ્રેરણાની સરાસરીનો સ્કોર, ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન SES ગ્રુપમાં અનુક્રમે ૮.૦, ૬.૯ અને ૬.૭ રહ્યો હતો.

નરુલ્લા[૧૩] (૧૯૭૮) એ ઓરિસ્સા રાજયની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા વ્યક્તિગત પસંદગી તેના ખ્યાલો, તેની ચિંતાતુરતાઓ અને તેની કામગીરીનો અભ્યાસ કર્યો હતો. પાયાની બાબતો, સિદ્ધિપ્રેરણા, પોતાની યોગ્યતા, જવાબદારી, લેવાની વૃત્તિ, હોંશિયારી, સારો દેખાવ વગેરે માટે સામાન્ય કુટુંબ અને પછાત વર્ગોના કુટુંબના તાલીમાર્થીઓનો અભ્યાસના હેતુસર ઓરીસ્સા રાજયની ૬ સરકારી શિક્ષણ તાલીમી સંસ્થાના ૬૦૮ તાલીમી શિક્ષક ભાઈ–બહેનોને પોતાના નમૂનામાં લીધા હતા. જેમાં ૪૨૯ પુરુષ અને ૧૭૯ સ્ત્રીઓ હતી. ઉપકરણ તરીકે Self Report Card for teacher's, T.A..T. Test તથા Dr. Sinhar Axiety test નો ઉપયોગ કર્યો હતો.

---

[૧૨] એ.ડી. પટેલ : **ગુજરાત રાજયની શૈક્ષણિક કોલેજના વિદ્યાર્થી–શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સામાજિક આર્થિક દરજ્જાનો અભ્યાસ.** (ગુજ.). અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, એમ.એસ.યુનિવર્સિટી, બરોડા (૧૯૭૭).

[૧૩] કે.એસ. નરુલ્લા : **ઓરીસ્સા રાજયની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા વ્યક્તિગત પસંદગી તેના ખ્યાલો, તેની ચિંતાતુરતાઓ અને તેની કામગીરી.** અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, એમ.એસ.યુનિવર્સિટી, બરોડા (૧૯૭૮).

અભ્યાસના મુખ્ય તારણોમાં સામાન્ય કુટુંબ અને પછાતવર્ગના કુટુંબના તાલીમાર્થી પોતાની યોગ્યતાઓની સિદ્ધિપ્રેરણા, જવાબદારી લેવાની વૃત્તિમાં તફાવત જોવા મળેલ નથી.

જોષી[૧૪](૧૯૯૯) એ પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. પ્રાથમિક શાળાના શિક્ષકોના છ સ્વતંત્ર ચલોના સંદર્ભમાં તેની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરવો તે આ અભ્યાસના મુખ્ય હેતુઓ હતાં. નમૂનામાં કુલ ૫૨૫ પ્રાથમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. નમૂનાના પાત્રોની સિદ્ધિપ્રેરણા માપવા માટે મીનાક્ષી ભટનાગર રચિત "સિદ્ધિપ્રેરણા કસોટી"ના વિધાનોનું કે. પી. મેવાએ કરેલ ગુજરાતીકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વિવિધ સ્વતંત્ર ચલોના સંદર્ભમાં પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણામાં તફાવત જોવા મળ્યો ન હતો.

ઝેન્ઝેન[૧૫](૨૦૦૨) એ  ૯૯ વિદ્યાર્થીઓ પર ઔદ્યોગિક ટેક્નોલોજીના કોર્સનો અભ્યાસ ઓગસ્ટ ૧૯૯૯ થી જાન્યુઆરી-૨૦૦૦માં કર્યો હતો. આ માટે શૈક્ષણિક સાધનો તરીકે એટકીસન અને ફીધર્સના અભ્યાસનો ઉપયોગ કર્યો હતો. જેમાં તેમણે એક રીંગટોસની મદદથી સિદ્ધિપ્રેરણાનો અંદાજ કાઢયો હતો. દરેક ભાગ લેનાર વ્યક્તિને ગમે તે ત્રણ ખીંટીએ રીંગ ફેંકવાની છૂટ હતી. એક ખીંટી પાંચ ફૂટ, બીજી દસ ફૂટ, અને ત્રીજી ખીંટી પંદર ફૂટના અંતરે રાખવામાં આવી હતી. એટકિન્સન અને ફેધર (૧૯૬૬)ના અનુમાન મુજબ જેની રીંગ ૧૦ ફૂટની ખીંટી સુધી પહોંચશે તેની સિદ્ધિપ્રેરણા વધુ હશે તે પણ એટકિન્સન ફીસ્કના ઉપકરણનો  ઉપયોગ કર્યો હતો. આ અભ્યાસનો હેતુ સહસંબંધ અને સિદ્ધિપ્રેરણા વચ્ચેનો માપ કાઢવાનો હતો. આ અભ્યાસ માટે માપદંડ તરીકે એટકિન્સન રીસ્કનો કેલોગ મીડલ સ્કૂલ, રોચેસ્ટર, મિનેસોટાના વિદ્યાર્થી પર કરેલ હતો. એટીકેન્સન રીસ્ક અને ફીધરનો મત

---

[૧૪] ચંદ્રમૌલી વી. જોષી. **પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણ**. અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૧૯૯૯).

[૧૫] થોમસ જી. ઝેન્ઝેન. **સિદ્ધિપ્રેરણા.** અપ્રકાશિત શોધકાગળ, વિસ્કોનસીન એમ.એસ.યુનિવર્સિટી, બરોડા (૨૦૦૨).

સરખો ન હતો. બન્ને વચ્ચે સહસંબંધ જોવા મળેલ ન હતો. એટકિન્સન રીસ્કમાં માપદંડ જોવા મળેલ ન હતો. જયારે કેલોગમાં જોવા મળેલ હતો.

વ્યાસે[૧૬](૨૦૦૫) માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા અને શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો. નમૂના તરીકે તેમણે ૬૪૬ માધ્યમિક શાળાના શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. ચલો તરીકે જાતીયતા, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, શાળાનો પ્રકાર, શાળાનો વિસ્તાર અને કુટુંબનો પ્રકાર લીધા હતા. સિદ્ધિપ્રેરણાનો આંક, મૂલ્યનો આંક અને વલણનો આંક એમ ત્રણ અલગ-અલગ ટુલનો ઉપયોગ થયો હતો. ટી-ટેસ્ટ, એફ-ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો. અભ્યાસના મુખ્ય તારણોમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો લગભગ સરખા પ્રમાણમાં સિદ્ધિપ્રેરણા ધરાવતા હતા. શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકોમાં સિદ્ધિપ્રેરણાની સમાનતા હતી. જુદા જુદા શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકોમાં પણ સિદ્ધિપ્રેરણામાં લગભગ સમાનતા જોવા મળી હતી.

પુરોહિત[૧૭](૨૦૦૬). પ્રાથમિક શાળાના શિક્ષકોનો આત્મવિશ્વાસ, વ્યવસ્થાપન, મૂલ્યો અને સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કર્યો હતો નમૂના તરીકે તેમણે ૯૪૩ પ્રાથમિક શાળાના સૌરાષ્ટ્ર અને કચ્છના શિક્ષકો લીધ હતા. જાતીયતા, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક અનુભવ, શાળાનો પ્રકાર, શાળાનો વિસ્તાર, કુટુંબનો પ્રકાર, આ ચલોનો જુદી જુદી રીતે અભ્યાસ કરવામાં આવેલ હતો. ત્રણ જુદા જુદા ઉપકરણો જેવા કે, સિદ્ધિપ્રેરણા માપદંડ, મૂલ્ય માપદંડ અને વલણ માપદંડ દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. માહિતીનું પૃથ્થકરણ, સરાસરી, સહસંબંધ અને પ્રમાણ વિચલન દ્વારા કરવામાં આવ્યુ હતું. ટી-ટેસ્ટ અને એફ-ટેસ્ટ જેવી અંકશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના અંતે તેમણે તારવ્યુ હતું કે પ્રાથમિક શાળાના શિક્ષકો ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક શાળાના શિક્ષકોનો આત્મવિશ્વાસ ઉંચો જોવા મળ્યો હતો. અનુસૂચિત જાતીનો પ્રાથમિક શાળાના શિક્ષકોનો આત્મવિશ્વાસ ઉંચો જોવા મળેલ હતો. સામાજિક મૂલ્ય પુરુષ અને સ્ત્રી

---

[૧૬] અતુલ કે. વ્યાસ. **માધ્યમિક શાળાના શિક્ષકોના મૂલ્યો, સિદ્ધિપ્રેરણા, તથા શીખવવા પ્રત્યેના વલણ**. (ગુજ.) અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૨૦૦૫).

[૧૭] પારુલબેન એન. પુરોહિત. **પ્રાથમિક શાળાના શિક્ષકોનો આત્મવિશ્વાસ, વ્યવસ્થાપન, મૂલ્યો અને સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ.** (ગુજ.) અપ્રકાશિત પીએચ.ડી. મહાનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, બરોડા (૨૦૦૬).

શિક્ષકોનું સમાન જોવા મળેલ હતુ. બીજી પછાત જ્ઞાતિના પ્રાથમિક શાળાના શિક્ષકોમાં ઉંચી સિદ્ધિપ્રેરણા જોવા મળેલ હતી.

## ૨.૬ વિવિધ શૈક્ષણિકક્ષેત્રે કાર્યસંતોષ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો :

સંશોધકે અગાઉ કાર્યસંતોષ અંગે થયેલાં સંશોધનોનો અભ્યાસ કર્યો. પૂર્વે થયેલાં અભ્યાસો પૈકી ૧૯૩૫ થી ૨૦૦૪ દરમ્યાન જે સંશોધનો થયા છે તેવા ૨૮ અભ્યાસો કર્યા હતા. જે ભારત અને વિદેશના પણ છે. આ સંશોધનો પીએચ.ડી., એમ.એડ્., એમ.ફીલ. અને પ્રોજેકટ કક્ષાએ સંકળાયેલા હતા. જેની માહિતી અત્રે વર્ષવાર ક્રમશઃ સારણી–૨.૪ અને ૨.૫માં રજૂ કરવામાં આવી છે.

**સારણી–૨.૪**

**સમીક્ષા માટે પસંદિત કાર્યસંતોષ માટે પ્રાપ્ત થયેલા સંશોધનો**

| ક્રમ | સંશોધકનું નામ | વર્ષ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧. | મોર્જ એન.સી. | ૧૯૫૩ | એલ. એ. રાઈડર |
| ૨. | ગાર્ડોન | ૧૯૫૫ | ન્યુયોર્ક યુનિવર્સિટી |
| ૩. | બીડવેલ અને ચાર્લ્સ | ૧૯૫૬ | ન્યુયોર્ક યુનિવર્સિટી |
| ૪. | ડબલ્યુ કે. રૂડ અને | ૧૯૬૨ | – |
| | એસ.વાઈઝમેન | | |
| ૫. | એફ. ફાઈલેન્ડર | ૧૯૬૩ | – |
| ૬. | એ. કે. પ્રસાદ | ૧૯૬૪ | ભાવનગર યુનિવર્સિટી |
| ૭. | બી.એસ.આર.અંજનીયુલુ | ૧૯૬૮ | એમ.એસ.યુનિવર્સિટી,બરોડા |
| ૮. | એલ. એ. રાઈડર | ૧૯૬૯ | – – |
| ૯. | કપૂર અને રાવ | ૧૯૬૯ | – |
| ૧૦. | આઈ.જયાલક્ષ્મી | ૧૯૭૪ | એમ.એસ.યુનિવર્સિટી,બરોડા |
| ૧૧. | કે. યુ. લવિંગિયા | ૧૯૭૪ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૧૨. | એચ. બી.વેગડવા | ૧૯૭૭ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૧૩. | એ. જે. વાળા | ૧૯૭૮ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ |

સારણી ૨.૪ ક્રમશ...

સારણી ૨.૪ ક્રમશ...

| ક્રમ | સંશોધકનું નામ | વર્ષ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧૪. | એન. કે. પોરવાલ | ૧૯૮૦ | - - |
| ૧૫. | જી. ડી. ગોહેલ | ૧૯૮૦ | ભાવનગર યુનિવર્સિટી |
| ૧૬. | જે. સી. ગોયલ | ૧૯૮૦ | - - |
| ૧૭. | કે. ડી. નાયક | ૧૯૮૨ | - - |
| ૧૮. | ડી. ઓ. જોષી | ૧૯૮૫ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૧૯. | એચ. પી. ગુપ્તા | ૧૯૮૬ | - |
| ૨૦. | ડી. જે. ભટ્ટ | ૧૯૮૭ | ભાવનગર યુનિવર્સિટી |
| ૨૧. | જી. નાયક | ૧૯૯૦ | એમ.એસ.યુનિવર્સિટી, બરોડા |
| ૨૨. | કે. બી. નાયર | ૧૯૯૨ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ૨૩. | એચ. એન. તપોધન | ૧૯૯૪ | - - |
| ૨૪. | એમ. જે. ઠાકર | ૧૯૯૫ | ભાવનગર યુનિવર્સિટી |
| ૨૫. | એમ. આર. જાડેજા | ૧૯૯૭ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૨૬. | કે. પી. રાઠવા | ૧૯૯૮ | ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૨૭. | એમ. વી. વ્યાસ | ૨૦૦૧ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ |
| ૨૮. | એચ. એલ. જોષી | ૨૦૦૪ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |

## વિદેશમાં થયેલા અભ્યાસોનો અહેવાલ

મોર્જે[૧૮](૧૯૫૩) સમાજમાં ઉજળામનાતા વ્યવસાયો (White Coller Jobs)ના કર્મચારીઓનાં વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દ્વારા તેણે તારવ્યું કે ૫૫ ટકા પુરુષ કર્મચારીઓ પોતાના વ્યવસાયથી અસંતુષ્ટ હતા. આમ, પુરુષ કર્મચારી કરતાં સ્ત્રી કર્મચારીઓમાં કાર્યસંતોષની માત્રા વધુ હતી. એટલે કે કાર્યસંતોષ પર જાતીયતાની અસર જોવા મળી હતી.

ગાર્ડોને[૧૯] (૧૯૫૫) માનવીની જરૂરિયાતો અને ઉદ્યોગધંધામાં રોકાયેલ કર્મચારીઓના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેણે શારીરિક જરૂરિયાતો, સલામતી, કદર અને સ્વમાનની જરૂરિયાતોને ધ્યાનમાં લીધી હતી. આ અભ્યાસ દ્વારા તેમણે તારવ્યું કે કર્મચારીઓની વ્યકિતગત જરૂરિયાતો સંતોષાય તો વ્યાવસાયિક સંતોષ વધે છે. આમ, વ્યકિતગત જરૂરિયાતોને કાર્યસંતોષ સાથે ઘનિષ્ઠ સંબંધ છે એવું તેમણે તારવ્યું હતું.

બીડવેલ અને ચાર્લ્સે[૨૦](૧૯૫૬) શિક્ષકોના કાર્યસંતોષ અને શાળા સંચાલન અંગે અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દ્વારા તેમણે તારવ્યું કે સમાજમાં શાળાની સારી છાપ ઉભી કરવામાં અસરકારક શિક્ષણ જરૂરી છે અને આ માટે શિક્ષકોમાં કાર્યસંતોષની માત્રા વધુ હોવી જોઈએ. સફળ સંચાલનથી શિક્ષકોનો સંતોષ વધે છે.

રૂડ અને વાઈઝમેને[૨૧](૧૯૬૨). શિક્ષકોના વ્યાવસાયિક સંતોષને અસર કરતા પરિબળોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ પરથી તેમણે તારવ્યું કે, સહકાર્યકરો સાથેના નબળા માનવીય સંબંધો અસંતોષ માટે મહત્વનું પરિબળ છે. આમ, માનવીય સંબંધોની કાર્યસંતોષ પર અસર જોવા મળી.

---

[૧૮] N. C. Morge : Satisfaction in the white collar Job, An Arbaor Institute of Worth Regear, Journal of Applied Psychology (1953). p.p.4-49.

[૧૯] Gardon : A factor analysis of human needs and ind-strial morle, Personal Psychology, New York, McGrawhill (1955) p.p.67-68.

[૨૦] Bidwel and Charles : Administration and teacher satisfaction, The Publication Company, New York (1956).

[૨૧] W. K. Rudd and Wiseman : Sources of dissatisfaction among agroup of teacerh. Journal of Educational and Psychology, 1962, P(6) 2530.

ફ્રાઈલેન્ડરે[૨૨](૧૯૬૩). વ્યાવસાયિકોનાં સંતોષ અને અસંતોષ માટે વ્યવસાયના લક્ષણોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યસથી તેમણે તારવ્યું કે, સિદ્ધિ, કાર્યભાર અને સહકાર્યકરોનું સાહચર્ય સંતોષ માટે મહત્વના લક્ષણો હતા. આ લક્ષણોની અસરકારકતાથી સંતોષ વધતો હતો.

રાઈડરે[૨૩](૧૯૬૯). સ્ત્રી કર્મચારીઓના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ દ્વારા તેમણે તારવ્યું કે કંપની કે મેનેજમેન્ટ સાથે યુવાન સ્ત્રી કર્મચારીઓ કરતાં ૨૫ વર્ષથી મોટી ઉંમરની અને પરિણીત સ્ત્રી કર્મચારીઓ અન્યાય સામે વિરોધ ઉઠાવવાની હતી અને સંઘર્ષ પણ કરતી હતી. આમ, ઉંમર અને વૈવાહિક દરજ્જાની કાર્યસંતોષ પર હકારાત્મક અસરો હતી.

## ભારતમાં થયેલાં અભ્યાસોનો અહેવાલ

પ્રસાદે[૨૪] (૧૯૬૪). વ્યક્તિત્વ અને કેટલાંક અંગત પરિબળોની વ્યાવસાયિક સંતોષ પર અસરનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે ઉંમર અને અનુભવની અસર તપાસી હતી. અભ્યાસના અંતે તેમણે તારવ્યું હતુ કે વ્યાવસાયિકોની ઉંમરની કાર્યસંતોષ પર અસર નહતી. પરંતુ અનુભવની વૃદ્ધિ સાથે સંતોષની માત્રા વધતી હતી. આમ, અનુભવને કાર્યસંતોષ સાથે સાર્થક સંબંધ હતો.

અંજુનીયુલુ[૨૫]એ (૧૯૬૮) માધ્યમિક શાળાના શિક્ષકોનો કાર્યસંતોષ અને તેની વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસરોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે આંધ્રપ્રદેશની ૧૦૨ માધ્યમિક શાળાઓના ૧૦૦૦ શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિથી પસંદ કર્યા હતા. આ અભ્યાસ માટે તેમણે મુલાકાત, પ્રશ્નાવલિ અને ક્રમમાપદંડનો ઉપયોગ કર્યો હતો. માહિતીનું પૃથક્કરણ  સરાસરી, પાદસ્થવિચલન અને બે શતમાનનાં

---

[૨૨] F. Frielander : Job characteristics as satisfaction and dissatissfaction Journal of Psychology, 1963. P.48(6) 390.

[૨૩] L.A. Rider : Job satisfaction of female employeers. Personal Practice Bulletin, 1969. P.25-4.

[૨૪] A. K. Prasad : A Study of job stafisfaction among secondary schools of Saurashtra, Unpublished Ph.D. Thesis, Bhavnagar University, Bhavnagar (1964).

[૨૫] B.S.R. Anjaniyulu : A study of job satisfaction in secondary school teachers on Education of Pupils with reference to the state of Andhrapradesh, Unpublished Ph.D. Thesis,M.S. University, Baroda (1968).

તફાવતની રીતે કર્યું. આ અભ્યાસ દ્વારા તેમણે તારવ્યું કે ૩૭ ટકા શિક્ષકો અસંતોષી હતા. યોગ્ય રહેઠાણનો અભાવ, વાલીઓના સહકારનો અભાવ અને ભૌતિક સુવિધાઓનો અભાવ અસંતોષ માટે જવાબદાર પરિબળ હતા.

કપૂર અને રાવે[૨૬](૧૯૬૯) સ્ત્રી કર્મચારીઓના કાર્યસંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે ઉંમર, અધિકારીઓ પ્રત્યેનું વલણ તપાસ્યું હતું. આ અભ્યાસ દ્વારા તેમણે તારવ્યું કે કંપની કે મેનેજમેન્ટ સાથે યુવાન સ્ત્રી કર્મચારીઓ કરતાં ૨૫ વર્ષથી મોટી ઉંમરની અને પરિણીત સ્ત્રી કર્મચારીઓ અન્યાય સામે વિરોધ ઉઠાવતી હતી અને સંઘર્ષ પણ કરતી હતી.

જયાલક્ષ્મીએ[૨૭](૧૯૭૪) એન્જીનીયરીંગ કોલેજના પ્રાધ્યાપકોના કાર્યસંતોષ પર અસર કરતા પરિબળોનું બહુચલીય પૃથક્કરણ વિષયનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે ભારત અને યુ.કે.ની ૧૩ એન્જીનીયરીંગ કોલેજોના ૨૦૮ પ્રાધ્યાપકોને નમૂનામાં પાત્રો તરીકે પસંદ કર્યા હતા. આ અભ્યાસ માટે તેમણે વ્યાવસાયિક સંતોષ સંશોધિની અને સંસ્થાકીય વાતાવરણની પ્રશ્નાવલી રચી હતી. આ ઉપરાંત વર્તન-વર્ણન, પર્યાવરણ પસંદગીપત્રક અને વ્યાવસાયિક સહભાગી સંશોધિનીનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ ટી-ટેસ્ટ, બહુચલીય વિચલન, રૈખિક સંબંધ અને ગુણક પ્રમાણવિચલનની રીતે કર્યું. અભ્યાસના અંતે તેમણે તારવ્યું કે સહકાર, સંમતિ, સ્વતંત્રતા, સંસ્થાકીય વાતાવરણ, વ્યક્તિત્વ, નોકરીની સલામતી જેવા ચલોની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી.

લવિંગિયાએ[૨૮](૧૯૭૪) શિક્ષકોના સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ માટે તેમણે ૧૬૦૦ પ્રાથમિક શિક્ષકો અને ૧૬૦૦ માધ્યમિક શિક્ષકો મળીને ગુજરાતની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાંથી ૩૨૦૦ શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે પસંદ કર્યા હતા. સંતોષના માપન માટે તેમણે સ્વરચિત વલણમાપદંડનો ઉપયોગ કર્યો હતો. અભ્યાસના અંતે તારવ્યું કે

---

[૨૬] Kapoor and Rao : Job satisfaction of teachers, Journal of Educational Psychology (1969). P.P.38, 43-53.

[૨૭] I Jayalakshmi : Multivariate analysis of factors affecting job satisfaction of engineering teachers, In M. B. Buch (Ed..) Second Survey of research in Education, Baroda, Abstract (1974) P.19.

[૨૮] K. U. Lavingia : A study of job satisfaction among school teachers, Unpublished Ph.D. Thesis, Gujarat University, Ahmedabad (1974).

માધ્યમિક શાળાના શિક્ષકો કરતાં પ્રાથમિક શાળાના શિક્ષકો વધુ સંતોષી હતા. આમ, શિક્ષણના સ્તરની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી. ઉપરાંત પુરુષ શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષકોનો સંતોષ વધુ હતો. પરિણીતો કરતા અપરિણીતોનો સંતોષ વધુ હતો. આમ જાતીયતા અને વૈવાહિક દરજ્જાની પણ કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી.

વેગડવા[૨૯]એ(૧૯૭૭). રાજકોટ શહેરની માધ્યમિક શાળામાં કાર્ય કરતી શિક્ષિકા બહેનોના કાર્યસંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે રાજકોટ શહેરની બધી કન્યાશાળાના બધાજ શિક્ષિકા બહેનોને નમૂનાના પાત્રો તરીકે લઈ સ્વરચિત પ્રશ્નાવલિ દ્વારા સંતોષનું માપન કર્યું. પ્રાપ્ત માહિતીનું કાઈવર્ગની રીતે પૃથક્કરણ કરી તારવ્યું કે મોટાભાગની શિક્ષિકા બહેનો સંતોષી હતા. ઉંમરની કાર્યસંતોષ પર અંશતઃ અસર હતી. જયારે સામાજિક સ્થિતિની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર ન હતી.

વાળા[૩૦]એ(૧૯૭૯). તળાજા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે તળાજા તાલુકાના ૧૭૫ શિક્ષકોને નમૂનાના પાત્રો તરીકે પસંદ કર્યા હતા. અભ્યાસ માટે તેણે ૧૧૬ વિધાનોવાળી સ્વરચિત અભિપ્રાયાવલિનો ઉપયોગ કરી સરળ કી પદ્ધતિથી માહિતીનું પૃથક્કરણ કર્યુ હતું. અભ્યાસના અંતે તેમણે તારવ્યું હતું કે પરિણીત શિક્ષિકા બહેનોનો સંતોષ, અપરિણીત, વિધવા અને ત્યકતા શિક્ષિકાબહેનો કરતાં વધારે હતો. આમ વૈવાહિક દરજ્જાની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી. જયારે શૈક્ષણિક લાયકાતની કાર્યસંતોષ પર અસર ન હતી.

પોરવાલે[૩૧](૧૯૮૦). ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષ અને વ્યક્તિત્વ વચ્ચેના પારસ્પારિક સબંધનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે આગ્રા વિસ્તારના ૧૦૦ સંતોષી અને ૧૦૦ અસંતોષી શિક્ષકો મળી કુલ ૨૦૦ શિક્ષકોનો નમૂનાનાં

---

[૨૯] હંસા બી. વેગડવા. **રાજકોટ શહેરની માધ્યમિક શાળામાં કાર્ય કરતી શિક્ષિકા બહેનોનો કાર્યસંતોષ તપાસવો**. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૧૯૭૭).

[૩૦] અનિરુધ્ધસિંહ જે. વાળા. **તળાજા તાલુકાની પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કરવો**. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૧૯૭૯).

[૩૧] N. K. Porwal. Personality Correlates of Job Satisfaction of Higher Secondary School Teachers. In M. B. Buch (Ed.). Third Survey of research in Education, New Delhi, N.C.E.R.T. (Abstract) (1980) p.p.831-832.

પાત્રો તરીકે અભ્યાસ કર્યો હતો. જુમર અને મૃથા રચિત કાર્યસંતોષ પ્રશ્નાવલિ દ્વારા તેમણે માહિતી પ્રાપ્ત કરી. કાઈવર્ગ, કાંતિકગુણોત્તર અને આસંગ સહસંબંધ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ કરી તારવ્યું કે પરિણીતો કરતાં અપરિણીતોનો સંતોષ વધારે હતો. આમ, વૈવાહિક દરજ્જાની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી. આ ઉપરાંત ઉંમર, જાતીયતા અને વિસ્તારની પણ કાર્યસંતોષ પર અર્થસૂચક અસરો હતી. જયારે અનુભવની માત્રાને કાર્યસંતોષ સાથે સાર્થક સંબંધ ન હતો.

ગોહેલ[૩૨](૧૯૮૦) મહુવા-તળાજા તાલુકાની માધ્યમિક શાળાના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં તેમણે ૧૧૬ માધ્યમિક શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે પસંદ કર્યા હતાં. આ અભ્યાસ તેમણે ૧૨૨ વિધાનોવાળી પ્રશ્નાવલિ દ્વારા કરી. માહિતી મેળવી અને તેનું સરાસરી પદ્ધતિથી પૃથક્કરણ કર્યુ હતું. અભ્યાસના અંતે તેમણે તારવ્યું કે પુરુષ શિક્ષકોનો સંતોષ સ્ત્રીશિક્ષકો કરતાં ઓછો હતો. આમ, જાતીયતાની કાર્યસંતોષ પર અર્થસૂચક અસરો હતી. આ ઉપરાંત શહેરી વિસ્તારના શિક્ષકો વધુ સંતોષ હતા. આમ વિસ્તારની પણ કાર્યસંતોષ પર અર્થસૂચક અસરો હતી અને ભૌતિક સુવિધાઓની કાર્યસંતોષ પર અર્થસૂચક અસરો હતી.

ગોયેલે[૩૩](૧૯૮૦). ભારતની શિક્ષણની તાલીમી સંસ્થામાં કાર્ય કરતાં અધ્યાપકોના વલણો, અનુકૂલન, વ્યવસાયીરસ અને કાર્યસંતોષ વચ્ચેના સંબંધનો અભ્યાસ કર્યો હતો. આ માટે તેમણે વિભિન્ન લાયકાત, વિભિન્ન અનુભવ ધરાવતા ૭૮ તાલીમી સંસ્થાના ૩૧૪ સ્ત્રી-પુરુષ અધ્યાપકોને નમૂનાના પાત્રો તરીકે પસંદ કર્યા હતા. આ અભ્યાસ માટે તેમણે સ્વનિર્મિત વલણ માપદંડ, મુક્તજવાબી પ્રશ્નાવલિ, ઈન્ડરસન રચિત વ્યાવસાયિક સંતોષની સંશોધિની અને બેલની અનુકૂલન સંશોધિનીનો ઉપયોગ કરી માહિતી મેળવી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણવિચલીન, ટી-ટેસ્ટ, પ્રચરણ પૃથક્કરણ અને પરિબળ ગુણાકાર પદ્ધતિ જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ દ્વારા કર્યુ હતું. આ અભ્યાસ દ્વારા તારવ્યું કે વ્યવસાય સાથેનો રસ, વલણ અને અનુકૂલન કાર્યસંતોષ સૂચિત કરતા હતા.

[૩૨] ગિરિરાજસિંહ ડી. ગોહેલ. **મહુવા તળાજા તાલકાની માધ્યમિક શાળાના શિક્ષકોનાં વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ**. અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર(૧૯૮૦).

[૩૩] J. C. Goyel. A study of the relationship along attitude job satisfaction, adjustment and professional interests of teacher education in India. in M.B.Buch(Ed.) Thirsd Survey of research in Education, New Delhi, N.C.E.R.T. (abstract), (1980) P.806.

નાયકે[૩૪](૧૯૮૨) પરિણીત અને અપરિણીત શિક્ષિકાઓનું અનુકૂલન અને કાર્યસંતોષનો અભ્યાસ કર્યો હતો આ અભ્યાસમાં તેમણે જબલપુર જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતી ૭૮૫ શિક્ષિકાઓનો નમૂનાનાં પાત્રો તરીકે અભ્યાસ કર્યો. નમૂનામાં તેમણે ૪૧૦ અપરિણીત અને ૩૭૫ પરિણીત શિક્ષિકાઓની યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદગી કરી હતી. તેમણે પ્રમોદકુમાર અને ડી.એન.મૃથા રચિત કાર્યસંતોષ પ્રશ્નાવલિ, એ. કે. પી. સિંહા અને ડૉ. આર. પી. સિંહા રચિત અનુકૂલન સંશોધિની અને આર. પી. શ્રીવાસ્તવ રરિચ વલણમાપન કસોટીનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરી. પ્રાપ્ત માહિતીનાં પૃથક્કરણ માટે તેમણે ટી–ટેસ્ટ, આવૃત્તિ વિતરણ અને સહસંબંધ જેવી પ્રયુક્તિઓ વાપરી હતી. આ અભ્યાસના અંતે તેમણે તારવ્યું કે વૈવાહિક દરજ્જાની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર ન હતી પરંતુ કાર્યસંતોષ અને અનુકૂલન વચ્ચે અર્થસૂચક સંબંધ હતો.

જોષીએ[૩૫](૧૯૮૫) ડભોઈ તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ માટે તેમણે ડભોઈ તાલુકાની ૧૫૦ શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે પસંદ કરી શિક્ષક, વિદ્યાર્થી, આચાર્ય અને શાળાસમાજ જેવા જુદા જુદા વિભાગોવાળી ૧૫૦ વિધાનોની પ્રશ્નાવલીનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરી હતી. અભ્યાસના અંતે તેમણે તારવ્યુ કે અનુસ્નાતક કરતાં સ્નાતક શિક્ષકો વધુ સંતોષી હતા. ઉપરાંત ૪૦ વર્ષથી નીચેના શિક્ષકોનો સંતોષ વધુ હતો. આમ, શૈક્ષણિક લાયકાત અને ઉંમરની અર્થસૂચક અસરો કાર્યસંતોષ પર હતી.

ગુપ્તાએ[૩૬](૧૯૮૬) જુદા જુદા ત્રણ શિક્ષણ સ્તરે કાર્યસંતોષનો અભ્યાસ કર્યો હતો. આ માટે તેમણે મેરઠ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક શાળા અને કોલેજોમાંથી ૭૬૫ પુરુષ શિક્ષકોનો નમૂનો પસંદ કર્યો હતો. અભ્યાસ માટે તેમણે કાર્યસંતોષ માપદંડ, વ્યવસાયિક

---

[૩૪] K. D. Nayak : A Study of Adjustment and Job Satisfaction of Married and Unmarried lady teachers, In M.B. Buch (Ed.) Fourth Survey of Research in Education, New Delhi. N.C.E.R.T. (Abstract) (1982) P.174.

[૩૫] દિનેશચંદ્ર ઓ. જોષી. **ડભોઈ તાલુકાની માધ્યમિક શાળાનાં શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ.** અપ્રકાશિત લઘુશોધનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. (૧૯૮૫).

[૩૬] S. P. Gupta : A Study of Job Satisfaction at Three Levels of Teaching, M. B. Buch (Ed.). Third Survey of Research in Education, New Delhi, N.C.E.R.T. (Abstract) (1986), p.p.809-810.

વલણમાપદંડ, વ્યક્તિત્વ અનુકૂલન કસોટી અને વ્યક્તિત્વમાપન સંશોધિની જેવા ઉપકરણો વાપરેલા હતા. માહિતીના પૃથક્કરણ માટે સરાસરી, પરિબળ ગુણાકારની રીતે સહસંબંધ, આસંગ સહસંબંધ અને ટી–ટેસ્ટ જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ વાપરી હતી.

આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતા.

(૧) સિદ્ધિ, સંસ્થા સાથે સંલગ્નતા અને સહનશીલતાની બાબતોનો પ્રાથમિક શિક્ષકોનો સંતોષ સાથે હકારાત્મક સંબંધ હતો. પરંતુ સ્વાયત્તતા અહમ અને સલામતી જેવી બાબતોનો સંતોષ સાથે નકારાત્મક સંબંધ હતો.

(૨) સિદ્ધિની જરૂરિયાત અને આદર આ બે ચલો માધ્યમિક શાળાના અને કોલેજના અધ્યાપકોનાં સંતોષ સાથે ઘનસંબંધ ધરાવતા હતા. જયારે સલામતી, સ્વાયતતા જેવી બાબતો કાર્યસંતોષ સાથે ઋણ સંબંધ ધરાવતી હતી.

(૩) માધ્યમિક શાળાના શિક્ષકો અને કોલેજના અધ્યાપકોનો સંતોષ પ્રાથમિક શાળાના શિક્ષકો કરતાં વધારે હતો.

ભટ્ટ[૩૭] (૧૯૮૭) સૌરાષ્ટ્ર વિસ્તારની કોલેજોના અધ્યાપકોના કાર્યસંતોષમાં નિર્ણાયક ઘટક તરીકે વ્યક્તિત્વનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલિત અને સંલગ્ન બધી જ કોલેજોની અધ્યાપકોનો નમૂનાનાં પાત્રો તરીકે સમાવેશ કર્યો હતો. અભ્યાસ માટે તેમણે વ્યાવસાયિક સંતોષ પ્રશ્નાવલિ અને વ્યકિતત્વ માપદંડ જેવા ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણવિચલન, ક્રાંતિકગુણોત્તર અને કાઈવર્ગ જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ દ્વારા કર્યુ હતું.

આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતાં.

(૧) પુરુષ–અધ્યાપકો કરતાં સ્ત્રી અધ્યાપકો વધુ સંતોષી હતા.

---

[૩૭] D. J. Bhatt. Personality determinations of Job satisfaction of college teachers in Saurashtra Region of Gujarat. Unpublished Ph.D. Thesis, Bhavngar University, Bhavnagar (1987).

(૨) પરિણીત અને અપરિણીત અધ્યાપકોના કાર્યસંતોષ સરેરાશાંકોનાં અર્થસૂચક તફાવત ન હતો.

(૩) ઉંમર સાથે કાર્યસંતોષને અર્થસૂચક સંબંધ ન હતો.

(૪) કાર્યનો વિસ્તાર, શૈક્ષણિક લાયકાત અને અનુભવની માત્રા જેવા ચલોને કાર્યસંતોષ સાથે અર્થસૂચક સંબંધ ન હતો.

નાયકે[૩૮](૧૯૯૦) વડોદરા યુનિવર્સિટીના અધ્યાપકોના કાર્યસંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણેએમ.એસ.યુનિ.ની જુદી જુદી આઠ ફેકલ્ટીના ૮૫ અધ્યાપકોને નમૂનાના પાત્રો તરીકે સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદ કર્યા હતા. અભ્યાસ માટે તેમણે સ્વરચિત કાર્યસંતોષ પ્રશ્નાવલિ વાપરી માહિતી એકત્ર કરી હતી. અભ્યાસના અંતે તેમણે તારવ્યું કે પુરુષ અને સ્ત્રી અધ્યાપકોના કાર્યસંતોષ સરેરાશાંકમાં અર્થસૂચક તફાવત ન હતો. શૈક્ષણિક અનુભવનો કાર્યસંતોષ સાથે ઘનસંબંધ હતો. ઉપરાંત પરિણીતો કરતાં અપરિણીત અધ્યાપકોનો સંતોષ વધુ હતો.

નાયરે[૩૯](૧૯૯૨) વડોદરા શહેરની પ્રાથમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે ૧૫૦ શિક્ષકોને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદ કર્યા હતા. તેમણે કાર્યસંતોષ માપક્રમ અને વ્યક્તિગત માહિતીક જેવા ઉપકરણથી માહિતી પ્રાપ્ત કરી. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ સરાસરી, ટી-ટેસ્ટ, સાદી ટકાવારી પદ્ધતિ અને આવૃત્તિ વિતરણ જેવી પદ્ધતિઓ દ્વારા કર્યુ હતું.

આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમણે હતા.

(૧) શાળાના પ્રકારના કાર્યસંતોષ સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત ન હતો.

(૨) શૈક્ષણિક લાયકાતના કાર્યસંતોષ સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત ન હતો.

(૩) વૈવાહિક દરજ્જાના કાર્યસંતોષ સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત ન હતો.

---

[૩૮] Ganeshchandra Naik : Job Satisfaction of teaching Assistant of M.S. University of Baroda. Unpublished M.Phil Thesis, M. S. University, Baroda (1992).

[૩૯] Kalpna B. Nair. A Study of the Job Satisfaction of the primary school teachers of Himmatnagar taluka. Unpublished dissertation Gujarat University, Ahmedabad (1990)

તપોધને[૪૦](૧૯૯૪) અમદાવાદ શહેરની માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક વલણો અને કાર્યસંતોષ વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે અમદાવાદ શહેરની ૧૬૮ માધ્યમિક શાળાઓમાં સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પૂર્વની ૧૨ શાળાના ૧૫૦ શિક્ષકો, કોટની ૧૮ શાળાના ૨૦૦ શિક્ષકો અને પશ્ચિમની ૧૫ શાળાનાં ૧૫૦ શિક્ષકો એમ કુલ મળીને ૫૦૦ શિક્ષકોને નમૂનાનાં પાત્રો તરીકે પસંદ કર્યા હતા.

માહિતી પ્રાપ્તિ માટે તેમણે પ્રમોદકુમાર અને ડી.એન.મૃથા રચિત કાર્યસંતોષ પ્રશ્નાવલિ અને સ્વરચિત વ્યાવસાયિક વલણમાપદંડનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ સરાસરી, પ્રમાણવિચલન, ક્રાંતિક ગુણોત્તર અને સરાસરી તફાવત જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા કર્યું હતું.

આ અભ્યાસના મુખ્યતારણોઆ પ્રમાણે હતા.

(૧) સ્ત્રી શિક્ષકોના વ્યાવસાયિક વલણો પુરુષ શિક્ષકો કરતાં વધારે હકારાત્મક હતા.

(૨) વિસ્તારની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર ન હતી.

(૩) વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક અનુભવ અને ઉંમરની અસર વ્યાવસાયિક વલણો પર ન હતી.

(૪) ઉંમર, શૈક્ષણિક અનુભવ, વૈવાહિક દરજ્જો અને શાળાના પ્રકારો જેવા ચલોની અસર કાર્યસંતોષ પર ન હતી.

ઠાકરે[૪૧](૧૯૯૫) સૌરાષ્ટ્રની માધ્યમિક શાળાના આચાર્યના વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે સૌરાષ્ટ્રના છ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૧૦૭૫ આચાર્યોને અભ્યાસપાત્રો તરીકે પસંદ કર્યા હતા.

---

[૪૦] હરિશભાઈ એન. **તપોધન.અમદાવાદ શહેરની માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક વલણો અને કાર્યસંતોષ વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ.** ગતિશીલ શિક્ષણ (૧૯૯૪) પૃ.૨૧-૨૪.

[૪૧] મનહર જે. ઠાકર. **સૌરાષ્ટ્રની માધ્યમિક શાળાઓના આચાર્યોના વ્યવસાય પ્રત્યેના સંતોષનો અભ્યાસ.** અપ્રકાશિત પીએચ.ડી.(શિક્ષણ) મહાનિબંધ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર (૧૯૯૫)

આ અભ્યાસ માટે તેમણે સ્વરચિત વ્યાવસાયિક સંતોષ માપદંડ અને સાક્ષ્યપત્રકનો ઉપયોગ કરી માહિતી પ્રાપ્ત કરી. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે તેમણે આવૃત્તિવિતરણ, સરાસરી, મધ્યસ્થ, પ્રમાણવિચલન, વિરુપતા, કકુદતા, કાઈવર્ગ અને ક્રમિકગુણોત્તર જેવી આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો હતો.

આ અભ્યાસના તારણો આ પ્રમાણે હતા.

(૧) મોટાભાગના આચાર્યો તટસ્થ વલણ ધરાવતાં હતા.

(૨) ઉંમર, વિસ્તાર, શૈક્ષણિક લાયકાત અને વૈવાહિક દરજ્જો જેવા પરિબળોને કાર્યસંતોષ સાથે અર્થસૂચક સંબંધ ન હતો.

(૩) શૈક્ષણિક અનુભવની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી. ૯ થી ૧૬ વર્ષનો અનુભવ ધરાવતા આચાર્યો વધુ સંતોષ હતા.

જાડેજાએ[૪૨](૧૯૯૭) નોકરી કરતી શિક્ષિકા બહેનોનો વ્યાવસાયિક સંતોષ, મૂલ્યો અને સમસ્યાઓનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે સ્તરીકૃત ઝુમખાં પદ્ધતિથી યાદચ્છિક રીતે સૌરાષ્ટ્રના છ જિલ્લાની માધ્યમિક શાળાઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો અને પ્રાથમિક શાળાઓના અનુક્રમે દશ ટકા, દશ ટકા, દશ ટકા અને એક ટકા લેખે ૧૧ કોલેજો, ૧૦૧ માધ્યમિક શાળાઓ, ૩૧ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને ૭૫ પ્રાથમિક શાળાઓના ૫૮૪ મહિલા શિક્ષક પાત્રો પસંદ કર્યા હતા. અભ્યાસ માટે તેમણે કે પી. વિરોજા રચિત વ્યાવસાયિક સંતોષ અભિપ્રાયાવલી જી. જી. નકુશમ અનુવાદિત મૂલ્યમાપદંઢ અને સ્વરચિત સમસ્યાસૂચિનો ઉપયોગ કર્યો હતો.

આ અભ્યાસમાં વય, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક દરજ્જો, સંચાલનનો પ્રકાર અને અનુભવ જેવા સ્વતંત્ર ચલો તથા સંતોષ, મૂલ્યો અને સમસ્યાઓ જેવા પરતંત્ર ચલો હતા. પ્રાપ્ત માહિતીના પૃથક્કરણ માટે તેમણે એફ–મૂલ્ય, ટી–મૂલ્ય, સરાસરી અને વિચરણ જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો હતો.

આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતા.

---

[૪૨] મધુરિકા આર.જાડેજા. **નોકરી કરતી શિક્ષિકા બહેનોનો વ્યાવસાયિક સંતોષ, મૂલ્યો અને સમસ્યાઓનો અભ્યાસ.** અપ્રકાશિત પીએચ.ડી. (શિક્ષણ) મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૧૯૯૭).

(૧) શિક્ષણના દરેકક્ષેત્રે શિક્ષિકાઓનો સંતોષ સમાન હતો.

(૨) પી.ટી.સી. થયેલા શિક્ષકો કરતાં બી.એડ્. થયેલા શિક્ષકોનો સંતોષ વધુ હતો.

(૩) સંચાલન અને શિક્ષણના માધ્યમની સંતોષ પર અસર ન હતી.

(૪) પરિણીત અને અપરિણીતોના સંતોષમાં અર્થસૂચક તફાવત ન હતો.

(૫) અનુભવની કાર્યસંતોષ પર અસર ન હતી.

રાઠવાએ[૪૩](૧૯૯૮) વડોદરા શહેરની નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોની વ્યાવસાયિક સંતોષનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે વડોદરા શહેરની નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં ૮૦ પુરુષો અને ૪૦ સ્ત્રી એમ કુલ ૧૨૦ શિક્ષકોને યાદચ્છિક નમૂના પસંદગીની રીતે પસંદ કર્યા હતા. તેમણે કે. યુ. લવિંગિયા રચિત વલણ માપદંડ દ્વારા માહિતી પ્રાપ્ત કરી હતી. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ પ્રમાણ વિચલન, કાઈવર્ગ, ક્રાંતિક ગુણોત્તર અને સરાસરી જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા કર્યું હતું. આ અભ્યાસના અંતે તેમણે તારવ્યું કે સ્ત્રી અને પુરુષ શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકોમાં અર્થસૂચક તફાવત ન હતો. ઉપરાંત ઉંમર, શૈક્ષીણક લાયકાત અને શૈક્ષણિક અનુભવની કાર્યસંતોષ પર અર્થસૂચક અસર હતી.

વ્યાસે[૪૪](૨૦૦૧) પ્રાથમિક શાળાના શિક્ષકોના સંદર્ભમાં તેમની જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના નમૂના માટે ઝુમખા પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો. જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ૩૦૦૦ પ્રાથમિક શાળાના શિક્ષકો પસંદ કર્યા હતા. જેમાં ૧૭૭૦ પુરુષ શિક્ષકો અને ૧૨૩૦ સ્ત્રી શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. તેમણે માહિતી પ્રાપ્ત કરવા વ્યક્તિગત સંશોધિનીનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ મધ્યક, પ્રમાણવિચલન, ત્રિમાર્ગીય પ્રમાણવિચલન અને કાઈવર્ગ જેવી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા કર્યું હતું. આ અભ્યાસના અંતે તેમણે તારવ્યું હતુ કે (૧) પરણિત અને અપરણિત શિક્ષકો વચ્ચે નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો.(૨) પુરુષ

---

[૪૩] કૈલાસબેન પી. રાઠવા. **વડોદરા શહેરની નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોનો વ્યાવસાયિક સંતોષ.** અપ્રકાશિત લઘુશોધ નિબંધ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૧૯૯૮).

[૪૪] એમ.વી.વ્યાસ. **પ્રાથમિક શાળાના શિક્ષકોના સંદર્ભમાં તેમની જાતીયતા, વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાતનોઅભ્યાસ.** અપ્રકાશિત પીએચ.ડી. (શિક્ષણ) મહાનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ(૨૦૦૧).

શિક્ષકોના કાર્યસંતોષ પર વૈવાહિક દરજ્જાની અસર જોવા મળી હતી. (૩) પરણિત શિક્ષકોના કાર્યસંતોષ પર જાતીયતાની અસર જોવા મળી હતી. (૪) ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતાં શિક્ષકો પર જુદા જુદા જિલ્લાઓની પણ અસર જોવા મળી હતી.

જોષીએ[૪૫](૨૦૦૪) ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર પ્રદેશના બી.એડ્.તાલીમાર્થી અને બી.એડ્. શિક્ષકોના વ્યવસાય મનોભાર, વ્યવસાય સામેલગીરી અને વ્યવસાય સંતોષનો તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસ માટે તેમણે બી.એડ્. તાલીમાર્થી ૬૦ પુરુષ અને ૬૦ સ્ત્રી તેમજ બી.એડ્. ૬૦ પુરુષ શિક્ષકો અને ૬૦ સ્ત્રી શિક્ષકો એમ મળીને કુલ ૨૪૦ને નમૂના તરીકે પસંદ કર્યા હતા. તેમણે માહિતી પ્રાપ્ત કરવા માટે વ્યકિતગત માહિતીપત્રક, વ્યવસાય મનોભાર સૂચિ ડૉ. ડી. જે. ભટ્ટ રચિત લોધાલ અને કેજનર (૧૯૬૫) રચિત કાર્ય સામેલગીરી તુલા ગુજરાતી રૂપાંતરમાં કુલ ૨૦ વિધાનોનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ, મધ્યક, પ્રમાણવિચલન, ત્રિમાર્ગીય પ્રમાણવિચલન, સહસંબંધ પદ્ધતિ અને ટી–કસોટી દ્વારા કર્યું હતું.

આ અભ્યાસના મુખ્ય તારણો આ પ્રમાણે હતા.

(૧) બી.એડ્. તાલીમાર્થીઓના વ્યવસાય મનોભાર અને વ્યવસાય સંતોષ વચ્ચે સાર્થક સંબંધ જોવા મળતો નથી.

(૨) બી.એડ્. તાલીમાર્થીઓની વ્યવસાય સામેલગીરી અને વ્યવસાય સંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળતો હતો.

(૩) પુરુષ શિક્ષકોની વ્યવસાય સામેલગીરી અને વ્યવસાયસંતોષ વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળતો હતો.

(૪) સંયુકત કુટુંબ ધરાવતા શિક્ષકો કરતાં વિભકત કુટુંબ ધરાવતા શિક્ષકોની વ્યવસાય સામેલગીરી વધારે હતી.

---

[૪૫] હરિના એલ. જોષી. **ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર પ્રદેશના બી.એડ્. તાલીમાર્થી અનેબી.એડ્. શિક્ષકોના વ્યવસાય મનોભાર, વ્યવસાય સામેલગીરી અને વ્યવસાય સંતોષનો તુલનાત્મક અભ્યાસ.** અપ્રકાશિત પીએચ.ડી. (શિક્ષણ) મહાશોધ નિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (૨૦૦૪).

## ૨.૭ વિવિધ શૈક્ષણિકક્ષેત્રે માનસિક તણાવ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો

વિવિધ શૈક્ષણિકક્ષેત્રે માનસિક તણાવને ધ્યાનમાં રાખી ઘણા સંશોધનો થયા છે. પૂર્વ થયેલા અભ્યાસો ૧૯૮૪થી ૨૦૦૫ દરમ્યાન જે સંશોધનો થયા છે તેમાંથી ૨૭ અભ્યાસો પ્રાપ્ત થયા હતા. જેની માહિતી અત્રે વર્ષવાર ક્રમશઃ સારણી– ૨.૬માં રજૂ કરવામાં આવી છે.

### સારણી–૨.૬
### વિવિધ શૈક્ષણિકક્ષેત્રે તણાવ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનો

| ક્રમ | સંશોધકનું નામ | વર્ષ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧. | Khash & Others | ૧૯૮૪ | કેનેડીયન જર્નલ ઓફ સ્પેશિયલ એજ્યુકેશન |
| ૨. | Newzeland Educational | | |
| | Institute | ૧૯૮૬ | ન્યુઝીલેન્ડ |
| ૩. | Blase | ૧૯૮૬ | અમેરિકન એજ્યુકેશન રીસર્ચ જર્નલ. |
| ૪. | ફર્નાન્ડિઝ અને મૂર્તિ | ૧૯૮૯ | અપ્રકાશિત સંશોધન પેપર બેંગ્લોર યુનિવર્સિટી |
| ૫. | દાસ | ૧૯૮૯ | Cuttak યુનિવર્સિટી, |
| ૬. | વદ્રા અને અખ્તર | ૧૯૮૯ | અપ્રકાશિત સંશોધન પેપર, નેશનલ સેમીનાર પતિયાલા |
| ૭. | ઉશર્શી અને જમુના | ૧૯૯૦ | સંશોધન પેપર, ૨૭ વાર્ષિક કોન્ફરન્સ IAAP, Aligarh |
| ૮. | જમુના અને ઉશર્શી | ૧૯૯૦ | સંશોધન પેપર ૨૭ વાર્ષિક કોન્ફરન્સ IAAP, Aligarh |
| ૯. | હીપ્સ અને હાલ્પીન | ૧૯૯૧ | Alabama University |
| ૧૦. | મિશ્રા | ૧૯૯૧ | Utkal University |
| ૧૧. | ઓકેબુકોલા અને જેજીડી | ૧૯૯૨ | જર્નલ ઓફ સાયન્સ એજ્યુકેશન |
| ૧૨. | હીપસ અને હાલ્પીન | ૧૯૯૨ | Alabama University |
| ૧૩. | Freed Lythans | ૧૯૯૨ | સંશોધન પેપર, કેરાલા યુનિવર્સિટી, |

સારણી–૨.૬ ક્રમશ..

**સારણી-૨.૬ ચાલુ...**

| ક્રમ | સંશોધકનું નામ | વર્ષ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| ૧૪. | Pullis | ૧૯૯૨ | Journal of Behavioural Disordered |
| ૧૫. | Gazial | ૧૯૯૩ | જર્નલ ઓફ કમ્પેરિટિવ એજયુકેશન |
| ૧૬. | જહોનસન | ૧૯૯૩ | Journal of Intervention in school and clinic. |
| ૧૭. | સોયિબો | ૧૯૯૪ | જર્નલ ઓફ રીસર્ચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજીકલ એજયુકેશન. |
| ૧૮. | દુન્હામ | ૧૯૯૪ | Journal of Education Management and administration. |
| ૧૯. | SOLO | ૧૯૯૫ | Seandinvion Journal of Educational Research |
| ૨૦. | Keiper & Busslle | ૧૯૯૬ | Journal of Rural Educator |
| ૨૧. | ગ્રીન અને રોસ | ૧૯૯૬ | જર્નલ ઓફ ટીચીંગ એન્ડ ટીચીંગ એજયુકેશન |
| ૨૨. | સ્ક્રેમર અને જેકસન | ૧૯૯૬ | Journal of Education Canada |
| ૨૩. | ક્રીસ | ૧૯૯૮ | University of queensland Australia |
| ૨૪. | Benmasour Naime | ૧૯૯૮ | Mediterranean Journal of Educational Studies |
| ૨૫. | નવનીત જયસ્વાલ | ૨૦૦૧ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૨૬. | ગિરીશ પી. રાવલ | ૨૦૦૩ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |
| ૨૭. | ઘનશ્યામ જી. દેસાઈ | ૨૦૦૫ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી |

Klash અને અન્ય[૪૬] (૧૯૮૪). તાણના અભ્યાસના ક્ષેત્રમાં ખાસ શિક્ષણ શિક્ષકો અને નિયમિત વર્ગ શિક્ષકો પરત્વે અસરકારકતા

અભ્યાસના હેતુઓમાં તાણની ખાસ અસર શિક્ષણ આપતા શિક્ષકો પરત્વે અને તાણની નિયમિત વર્ગશિક્ષકો પરત્વેની અસરકારકતા હતું.

૧૦૦ શિક્ષકોનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરાયો હતો.

૧૦૦ શિક્ષકોના નમૂનાને પ્રશ્નાવલિ આપવામાં આવી હતી.

પ્રશ્નાવલિના પરિણામનાં પૃથક્કરણ દરમ્યાન જાણવા મળ્યું કે શિક્ષકોનું સૂચન એવું હતેં કે તેઓ જે શિખવે છે તેની કક્ષા અને બદલતાં અનુભવો સબળ કારણરૂપ હતા. વધુ તાણ જોવા મળી તેમાં (૧) સમય આયોજન અને (૨) વાલી–શિક્ષક સંબંધો આ સંશોધનમાં શિક્ષકો વધુ તાણ અનુભવતા હોય તો તેમાં (૧) નિર્ણય શકિતમાં વિલંબ અને (૨) નોકરીની અસલામતી.

પરિણામ દર્શાવે છે કે : શિક્ષણની કક્ષાકે શાળાનો વિસ્તાર શિક્ષકનાં તાણસંબંધી લક્ષણ સાથે કોઈ સંબંધ ધરાવતો નથી.

ન્યુઝીલેન્ડ એજયુકેશનલ ઈન્સ્ટીટયુટ[૪૭](૧૯૮૬) ૬ મિશને શિક્ષકોના તાણના કારણોની અગત્ય અને તણાવ નિરાકરણ પદ્ધતિ (કોપીંગ સ્ટ્રેટેઝી) પરત્વે અભ્યાસ હાથ ધરેલ.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) તાણનાં કારણો, તેની અસર અને તણાવ નિરાકરણપદ્ધતિના કારણો શોધવા માટે પ્રશ્નાવલિની રચના કરવી.

(૨) શિક્ષકોના તાણ ઉત્પન્ન કરતી જુદી – જુદી પરિસ્થિતિ શોધવી.

(૩) શિક્ષકોમાં તાણ ઉત્પન્ન કરતા કારણો શોધવા.

---

[૪૬] L. K. Klash and Others : Factor which stress the special education teachers. a Comparison to other eudcational specialists and regular classroom teachers, Canadian Journal of Special Education, Vol. 1(2) 66-71, Win. 1984.

[૪૭] New Zealand Educational Institute : Stress; Cause, Consequences and coping strategies for teachers, New Zealand : Author (1986).

(૪) શિક્ષકની તાણની અગત્ય શોધવી અને તાણ માટેના અસરકારક બાબતનીશોધ કરવી.

પ્રતિભાવ માટે ન્યુઝીલેન્ડની ૮૦૦ પ્રાથમિક જાહેર શાળાઓનાં શિક્ષકોને પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. (પ્રતિભાવનો આંક ૬૭.૩ ટકા હતો.) તાણનાં કારણો, તેની અસર અને તણાવ નિરાકરણ પદ્ધતિની અસરકારકતા શોધવા માટે પ્રશ્નાવલિ રચવામાં આવી હતી. શિક્ષક પોતે પોતાની જાતે તૈયાર કરી શકે અને શાળા-કાળ દરમ્યાન જાતે કોપીંગ માળખુ તૈયાર કરી શકે તે માટે ઉપયોગી પ્રશ્નાવલિની બાબતો રજૂ કરવામાં આવી હતી.

પરિણામ પરથી ખ્યાલ આવે છે કે છ પરિસ્થિતિઓ શિક્ષકોની તાણ માટે જવાબદાર હતી. આ પરિસ્થિતિઓને ઓળખાવતા :

(૧) કામનો અતિબોજો

(૨) વાલીઓ અને અન્યોની અપેક્ષાઓ

(૩) વર્ગમાં સંબંધો

(૪) વાલીઓના સહયોગનો અભ્યાસ અને ઠોઠ વિદ્યાર્થીઓ.

(૫) શિક્ષણની શારીરિક માંગ

(૬) શાળાકાળ દરમિયાનનો જ કાબુ

ચિંતાતુરતાનું પ્રમાણ અને થાક પણ અહીં રીપોર્ટીંગના અંતે જોવા મળ્યા હતા. તે પણ એક કારણરૂપ ભાગ ગણાવીશકાય. છ મહત્વની નિરાકરણ પદ્ધતિ જોવા મળી.

(૧) સમજપૂર્વકનું માત્ર કાર્યને મહત્વલક્ષી વર્તન.

(૨) સંગ્રહાત્મક વલણ પરત્વેની નિરાકરણ પદ્ધતિ.

(૩) સહકાર્યકરોના સહયોગની ઉપયોગિતા

(૪) વસ્તુઓને હકારાત્મકતામાં મૂકવી.

(૫) ઓછું સમાવિષ્ટપણું.

(૬) પરિસ્થિતિ પરત્વે પ્રયત્નો પર સવાર થવું

Blase[૪૮](૧૯૮૬)નાં અભ્યાસમાં શિક્ષકની કાર્યક્ષમતાં પર તાણની અસર અને તાણ ઉત્પન્ન કરનાર પરિબળોનો ગુણાત્મક પૃથક્કરણ અભ્યાસ.

ગુણાત્મક સંશોધન પદ્ધતિ દ્વારા હેતુ નિર્ધારણ કરવામાં આવ્યુ હતું. આ અભ્યાસનું મુખ્ય કેન્દ્રબિંદુનો પ્રશ્ન એ હતો કે શિક્ષકોના કાર્ય પરત્વે તાણ ઉત્પન્ન કરનાર તત્ત્વ પરત્વે શિક્ષકોનો પ્રતિભાવ કેવો છે ?

૧૯૮૧, ૧૯૮૨, અને ૧૯૮૩માં અમેરિકાનાં ઉત્તર-પશ્ચિમ-દક્ષિણ-પૂર્વ મધ્ય પશ્ચિમ અને દક્ષિણ પશ્ચિમ પ્રાંતના પ્રારંભિક, મધ્યમ, જુનિયર અને માધ્યમિક કક્ષાના ૩૯૨ શિક્ષકોને શિક્ષક તાણ સંશોધનિકા આપવામાં આવી હતી.

સંખ્યાત્મક સંશોધનોની માર્ગદર્શન ભૂમિકા હેઠળ આ T.S.I. તૈયાર કરવામાં આવી હતી. શિક્ષકોનાં તાણ પરત્વેના ખ્યાલનો મહત્તમ ખ્યાલ મેળવવા માટે સંશોધકે આ ગુણાત્મક માહિતી એકત્ર કરવાનું સાધન વિકસાવ્યું હતું. વધુમાં તાણની ઓળખ, શિક્ષકોની તાણ પરત્વેની વર્ણનાત્મક લાગણી અને તણાવ સાથેની નિરાકરણ પદ્ધતિની પ્રક્રિયાનાં ઉદાહરણ વર્ણવવાની જોગવાઈ હતી.

પરીક્ષાંતે દસ મહત્વના તત્વો કે જે શિક્ષકોમાં તાણ ઉત્પન્ન કરનારા પરિબળો જણાયા હતા. (૧) સંગઠનાત્મક (૨) વિદ્યાર્થી (૩) વહીવટને લગતા (૪) શિક્ષક (૫) વાલી (૬) ધંધાકીય (૭) વ્યક્તિગત (૮) શાળાકીય કાર્યક્રમો (૯) જનતાનું નકારાત્મક વલણ (૧૦) અન્યત્ર (આકસ્મિક).

તાણ વિશેની માહિતીને પાંચ તબક્કાઓમાં વહેંચી શકાય એવા સૂચન મળ્યા. (૧) અન્ય પ્રત્યે ગુસ્સો (૨) પોતા પ્રત્યે હતાશા (૩) ચિંતાતુરતા (૪) શારીરિક લાગણીઓ (૫) બદનામી.

બહારનાં વ્યવહારોના શિક્ષક તાણ અનુભવતા તેના કારણોમાં (૧) સામ-સામે પ્રત્યક્ષ (૨) સામ-સામે અપ્રત્યક્ષ (૩) પૂર્વે કાર્યદક્ષતા - હકારાત્મક (૪) નકારાત્મક (૫) ટાળવાની વૃત્તિ (૬) છુટકારો (૭) છટકી જવું.

---

૪૮ J. J. Blase : A qualitative analysis of Sources of teacher stress, consequences for performance, American Educational Research Journal, Vol.23(1), 13-40, (1986).

તાણ-સભર શિક્ષકોના અન્ય પ્રત્યેનાં વ્યવહારમાં આવું જોવા મળ્યું (૧) પ્રત્યક્ષ (૨) લાગણીપ્રધાન છુટકારો (૩) ફંટાઈ જવું (૪) સામાજિક પીઠબળ (૫) પૂર્વ કાર્યદક્ષતા – હકારાત્મક (૬) સખત દબાણ (૭) તાર્કિકતા (૮) બુદ્ધિમતા (૯) વિભાજનકરણ (૧૦) મૂંગી અનુમતિ (હકારાત્મક).

કાર્ય સંબંધિત તાણ ઉત્પન્ન કરનાર મુખ્ય પરિબળો કયા છે, તે શિક્ષકો પોતે પોતાની રીતે કેવા માને છે તેનું પ્રસ્તુત માહિતી પરથી દર્શન થાય છે.

શિક્ષકની તાણમાં સંગઠનો, વિદ્યાર્થી, વહીવટી કાર્યો અને શિક્ષક સંબંધિત પરિબળો અવારનવાર અસર કરે છે અને તેની જવાબદારીનું પ્રમાણ ૮૩.૧% પ્રબળ નકારાત્મક લાગણીઓએ તાણ ઉત્પન્ન કરનારું મહત્વનું પરિબળ ગણી શકાય તેવું મળેલી માહિતી પરથી જણાય છે. વધુ કંઈને કંઈ શિક્ષકોનો અન્ય પ્રત્યેનો રોષ પણ મહત્વના ગણાવી શકાય. વિદ્યાર્થીની મુશ્કેલીઓ અને અશકયતાઓ સંતોષકારક લક્ષ્યાંક સુધી પહોંચાડવામાં શિક્ષણની તાણ અવરોધરૂપ સાબિત થાય છે.

ફર્નાન્ડિઝ અને મૂર્તિ[૪૯](૧૯૮૯). માધ્યમિક શાળાના શિક્ષકોની નોકરી સંબંધી તાણ અને જલનનો એક અભ્યાસ.

આ અભ્યાસ માટે નીચેના હેતુઓ નક્કી થયા હતા.

(૧) માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં તાણ સંબંધિત પરિબળો શોધવા.
(૨) બેંગ્લોર શહેરની શાળાઓના શિક્ષકોના ઝલન વર્તન સંબંધી શોધ કરવી.
(૩) ઝલન અને તાણ વચ્ચેના સંબંધી નોકરીમાં અનુભવી શિક્ષકો પાસેથી માહિતી મેળવવી.
(૪) પરિણીત શિક્ષકો પાસેથી તાણનાં અનુભવો સંશોધવા.

બેંગ્લોરના પૂર્વ પ્રાંતની તાણનાં અનુભવો સંશોધવા.

---

[૪૯] G.Fernandes and Murthy : A study of job related stress and burnout in middle and secondary school teachers, Unpublished research paper, Banglore University(1989).

નમૂના તરીકે પસંદ કરી S.S.Q.= (તાણ લક્ષણ પ્રશ્નાવલિ) અને Malsach'sની ચિંતાતુરતા સંશોધિની આપવામાં આવી તેમાં ૪૧ પરિણીત અને ૯ શિક્ષિકાઓ અપરિણીત હતી અને તેઓની ઉંમર ૨૨ થી ૫૯ વર્ષ હતી. સામાજિક – આર્થિક રીતે દ્વિતીય કક્ષા કહી શકાય તેવા વર્ગની તમામ શિક્ષિકાઓ હતી.

આ અભ્યાસ પરથી જણાતું હતું કે :

(૧) કુલ નમૂનામાં ૭૦ ટકા નોકરીમાં તાણની અનુભૂતિ કરે છે, પરંતુ એ તાણની માત્રા જુદી જુદી ગણાવી શકાય.

(૨) "વિદ્યાર્થીઓનું અયોગ્ય વર્તન" એ શિક્ષિકાઓ માટે વધુમાં વધુ તાણ અપાવે તેવું જાણવા મળ્યું હતું.

(૩) અન્ય પરિબળોનાં સમય પાલનમાં દબાણ, કાર્યશિથિલતા અને નબળું શાળા નીતિમત્તાનું ધોરણ જાણવા મળ્યું.

(૪) કાઈ-વર્ગ પૃથક્કરણનું પરિણામ જણાવે છે કે શિક્ષકની લાક્ષણિકતાઓ, દબાણ (તાણ) અને ઝલન વચ્ચે કોઈ સૂચક સબંધ નથી.

(૫) તાણ અને ઝલન વચ્ચેનો સહ-સંબંધાંક સૂચવે કે તાણ એ સામાન્ય રીતે થાક સાથે જોડાયેલા હોય છે.

(૬) વ્યક્તિમત્તા પરિપૂર્ણતા અને વ્યક્તિગત સિદ્ધિ વચ્ચેનાં સહસંબંધાંક સૂચક સંબંધ જોવા મળ્યો.

દાસ[૫૦](૧૯૮૯). પ્રાથમિક શાળાનાં શિક્ષકો માનસિક તંદુરસ્તીનો અભ્યાસ.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) શિક્ષકોમાં ભારે તાણ ઉત્પન્ન કરનારા પરિબળો શોધવા.

(૨) શાળાના માનવીય સંબંધો શોધવા.

---

[૫૦] M. Das : A Study of the mental health of teachers serving in the primary schools of Puri town, (Edu. Cuttak Uni.1989). In Fifth Survey of Educational Research (Vol.1, P.114). New Delhi : N.C.E.R.A. T. (1977)

(૩) શિક્ષકોની સારી માનસિક તંદુરસ્તી માટેની જરૂરી નિરાકરણ પદ્ધતિ શોધવી. માનસિક તંદુરસ્તી વિશેની પ્રશ્નાવલિ પ્રાથમિક શિક્ષકોને આપવામાં આવી હતી.

**પરિણામ :**

(૧) ૫૦% શિક્ષકોનું માનવું હતું કે કામનો બોજ જવાબદાર છે.

(૨) સતાધીશો અને શિક્ષકો વચ્ચેનાં સંબંધો સંતોષકારક ન હતાં.

(૩) ૬૦% શિક્ષકોએ વિદ્યાર્થીઓનાં શિસ્તને જવાબદાર ગણાવ્યા હતા.

(૪) જુદુ જુદુ પગાર-ધોરણ એ આ સમસ્યાને ખૂબ અસર કરતું હતું.

(૫) શિક્ષકો માનતા હતા કે તેઓને સમાજ તરફથી હડધુત કરવામાં આવ્યા હતા.

(૬) અભિપ્રાય એવો હતો કે પ્રગાઢ પીઠબળવાળું સામાજિક પર્યાવરણ એ સારી માનસિક સ્થિતિ (શિક્ષકોની) માટે જરૂરી હતું.

તાણ સંબંધી સમસ્યાના મુળભૂત કારણોમાં :

(૧) નકારાત્મકતા (લાગણીઓમાં) અને (૨) વ્યક્તિગત પરિપૂર્ણતા એ નોંધનીય ગણાવી શકાય.

શિક્ષકોએ આ અભ્યાસમાં બે મહત્વનાં મુદ્દાઓ આપ્યા હતા. (૧) તેઓના કાર્યને આનંદસભર અને પ્રશંસનીય ઉલ્લેખવામાં આવે અને (૨) ઝલનનાંઅનુભવોનાં કારણે સારી અને લાગણીકીય તાણનો ઉદ્દભવ થાય છે.

વંદ્રા અને અખ્તર[૫૧](૧૯૮૯). યુનિવર્સિટીના શિક્ષકોના ઘર અને કુટુંબ સંબંધી તાણનો અભ્યાસ.

---

[૫૧] P. P. Vandra and Akhtar : A Study of extra organizational stress, paper presented at the national seminar of Anxiety, Stress and Depression in modern life, Patiala (1989, November).

આ અભ્યાસમાં તાણની જાતીયતા પર અસર અને પરિણીત પર અસરનો હતો. ઘર અને કુટુંબની સ્થિતિના અભ્યાસ માટે (સામાજિક અને કૌટુંબિક ભૂમિકામાં તણાવ) SERS સ્કેલ તૈયાર કરવામાં આવ્યો હતો. આ સ્કેલ યુનિવર્સિટીનાં ૧૨૦ શિક્ષકોને આપવામાં આવ્યો હતો.

પરિણામ જણાવતું હતું કે (૧) મહિલા શિક્ષકો કરતા પુરુષ શિક્ષકો સામાજિક અને કૌટુંબિક તણાવ વધુ અનુભવતા હતા. (૨) પરિણીત શિક્ષકો અપરિણીત શિક્ષકો કરતા વધુ તણાવ અનુભવતા હતા.

આ અભ્યાસ સૂચવે છે કે સામાન્ય સંગઠનાત્મક જેટલા જ વિશિષ્ટ સંગઠનાત્મક તણાવયુક્ત પરિબળો સક્ષમ હતા.

ઉશર્શી અને જમુના[૫૨](૧૯૯૦) સામાન્ય શિક્ષક અને વિષય શિક્ષક પ્રત્યેનો તાણ પરત્વેનો અભ્યાસ અને કારણો.

અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) સામાન્ય શિક્ષકની તણાવની જાતીયતા પર અસર.

(૨) વિષયશિક્ષકના તણાવની જાતીયતા પર અસર.

(૩) બન્નેની તુલનાત્મક અસર.

નમૂના તરીકે ખાસ શિક્ષકો માટે TTD – તિરૂપતિ બહેરા-મૂંગા શાળાનાં ૪૦ શિક્ષકો જેમાં ૨૦ પુરુષ અને ૨૦ સ્ત્રી શિક્ષકો પસંદ કર્યા અને યાદચ્છિક રીતે ૬૦ શિક્ષકો જેમાં ૩૦ પુરુષો અને ૩૦ સ્ત્રી શિક્ષકો TTD હાઈસ્કૂલના પસંદ કર્યા હતા. બધા ૩૫-૪૦ વર્ષની વય જૂથનાં હતા.

ભૂષણની શિક્ષકોની ભૂમિકાની સંઘર્ષ સંશોધિનિકા (TRCI) અને Seidman અને Zager of (TBS) teachers Burnout Scale નો ઉપયોગ કર્યો. આ ઉપકરણ નમૂનામાં આપવામાં આવ્યું હતું.

---

[૫૨] S. Ushasree and Jammuna : Role Conflict and Job Stress among special and general school teachers, Paper presented at 27th Annual Conference of IAAP, Aligarth (1990, January)

પરિણામનું પૃથક્કરણ જણાવતુ હતું કે :

(૧) જાતિયતાની અસર જણાઈ ન હતી.

(૨) સામાન્ય શાળાના સ્ત્રી શિક્ષકોને શિક્ષકની ભૂમિકામાં વધુ સંઘર્ષ કરવાનું જણાયું હતું.

(૩) સામાન્ય શાળાના સ્ત્રી શિક્ષકોને તેના વિદ્યાર્થીઓ પ્રત્યે વધુ નકારાત્મક વલણ જણાયું.

(૪) સ્ત્રી શિક્ષકો પોતાની કારકિર્દી પ્રત્યે ઓછી સભાનતા ધરાવતી હતી. ત્રણેય હકીકતો કેટલીક શાળાઓમાં અમુક ભાગોને અનુસરી.

(૫) બન્ને પ્રકારની શાળાઓનાં શિક્ષકો સૂચક રીતે ભૂમિકામાં સંઘર્ષ અને તનાવની અનુભૂતિ જણાતા હતા જયારે સામાન્ય શાળાના શિક્ષકોની ભૂમિકામાં સંઘર્ષ અને તણાવ ઓછો જણાયો હતો.

જમુના અને ઉશર્શી[૫૩] (૧૯૯૦) ખાનગી અને જાહેર શાળાના શિક્ષકોની તણાવ સ્થિતિ પરત્વેનો અભ્યાસ.

અભ્યાસના હેતુઓ ખાનગી અને જાહેર શાળાના જુદી-જુદી વયકક્ષાનાં સ્ત્રી શિક્ષકોની તનાવની સ્થિતિ શોધી કાઢે છે.

નમૂના તરીકે ૧૨૦ સ્ત્રી શિક્ષકો ખાનગી-૬૦ અને જાહેર-૬૦, તેમાં ૩૦ શિક્ષકો ૩૦ થી ૪૦ વર્ષની વયના અને ૩૦ શિક્ષકો ૪૦ થી ૫૦ વર્ષની વયના હતા.

TBSની કાબેલ આવૃત્તિ (સેડમેન અને ઝેગરની) ખાનગી અને જાહેર શાળા (તિરૂપતિની) નાં શિક્ષકોનો તણાવ અભ્યાસ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવી.

પરિણામ મળ્યું કે :

---

[૫૩] D. Jammuna and Ushasree : Burnout among women teachers belonging private and public schools, Paper presented at the 27th Annual conference of IAAP, Aligarh (1990, January) P.333.

(૧) નિમ્ન વયકક્ષાનાં સ્ત્રીજૂથમાં તનવાનું પ્રમાણ ખૂબ જ પ્રબળ હતું.

(૨) TBS ના ત્રણ પેટા સ્કેલમાં ખાનગી અને જાહેર શાળાનાં શિક્ષકોનો તણાવ વચ્ચે ખૂબ જ સૂચક તફાવત હતો.

– કારકીર્દિ સંતોષ

– વહીવટી પીઠબળની સમજણ અને

– વ્યવસાયિક તણાવ સાથે જોડાયેલ નિરાકરણ પાસાઓ.

હીપ્સ અને હાલ્પીન[૫૪](૧૯૯૧) શિક્ષકો અને આચાર્યોનો તણાવ અને કેટલાક વ્યવસાય સંતોષને અસર કરતા તણાવનો અભ્યાસ.

આ અભ્યાસનું પ્રયોજન આ પ્રમાણે હતું.

(૧) રાજય ગુણવત્તા પ્રમાણિતતાનાં ધોરણોનાં અનુસંધાને જુદી જુદી શાળાઓના શિક્ષકો અને આચાર્યોના વ્યવસાય સંતોષ તણાવનાં તફાવત પરત્વેનો અભ્યાસ.

(૨) તણાવનો સંબંધ રાજયના ધોરણોની કક્ષાએ, વયકક્ષાએ અને જાતીયતાની કક્ષાએ તપાસવા.

(૩) રાજય ગુણવત્તા–પ્રમાણિકતાનાં ધોરણો પ્રમાણે શિક્ષકો અને આચાર્યો વચ્ચેની તાણયુકતી પરિસ્થિતિની સંવાદિતતા તપાસવી.

બે ઉપકરણો શૈક્ષણિક વ્યવસાય તણાવનું માપન (MEJS) અને રાજ્ય સ્તરે શૈક્ષણિકસ્તર ઊંચું લાવવા સંકળાયેલ તણાવ સંશોધિની (SPBAS)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ ૪૪૫ શિક્ષકો અને ૧૨૮ આચાર્યોને મોકલવામાં આવેલ. પ્રતિચારો ૨૧૯ શિક્ષકો અને ૫૮ આચાર્યોના મળેલા હતા.

---

[૫૪] E.S. Hipps and Halpin : Job stress, stress related to performance based accreditation, locus of control, age and gender as related to job satisfaction and burnout in teachers and principals, Unpublished research report, Alabama University (Nov.1991)

પાંચ પરિબળો તણાવ સર્જન પરિસ્થિતિને સહાયક જણાયા હતા.

(૧) વ્યવસાયનો અતિભાર

(૨) ગૌણ અને મહત્વનાં સંબંધો

(૩) વિદ્યાર્થી સંબંધો

(૪) તવંગરો સાથેના સંબંધો

(૫) પગાર અને વળતર

અભ્યાસના પરિણામ પરથી જણાતું હતુ કે દરરોજની વ્યવસાયિક પરિસ્થિતિનાં અનુસંધાને વધુ પ્રમાણમાં તનાવની અનુભૂતિ અને પોતાની ગુણવત્તાયુક્ત પ્રતિષ્ઠાને જાળવવામાં આ તણાવને મધ્યસ્થી કરવાની વધુ તક સંપ્રાપ્ત થતી હતી.

મિશ્રા[૫૫](૧૯૯૧) શિક્ષકોના તનાવમાં સંગઠન સંબંધ સંઘર્ષ અને પ્રાથમિક કક્ષાએ વ્યક્તિત્વનાં સંઘર્ષ વિષયક તનાવની પરિસ્થિતિ વચ્ચેનો સંબંધ.

૨૦૦ શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરીને અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને માહિતીના એકત્રિકરણ માટે પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

૨૦૦ શિક્ષકો પાસેથી મળેલી માહિતીનાં પૃથક્કરણમાં સહ–સંબંધ ANOVA અને પ્રત્યાગમન પૃથક્કરણ કરવામાં આવેલ.

સંગઠન સંબંધમાં સંઘર્ષ અને વ્યક્તિત્વ વિષયક સંઘર્ષના સંબંધમાં તફાવત જોવા મળ્યો હતો અને વૈવિધ્યસભર તનાવ અને ઝલન સંબંધી વર્તનો જોવા મળ્યા હતા.

ઓકે બુકોલા અને જેજીડી[૫૬] (૧૯૯૨) તણાવયુક્ત પરિબળોનો અભ્યાસ અને વિજ્ઞાન શિક્ષકોમાં તણાવ નિરાકરણ પદ્ધતિના પાસાઓ.

વિજ્ઞાન શિક્ષકોમાં શિક્ષણ પર અસર કરતા મુખ્ય પાંચ પરિબળોની ઓળખ આ અભ્યાસ દ્વારા જાણવા મળેલ. આ પરિબળોમાં –

---

[૫૫] K.N.Misra : Inter relationship between organizational in school teachers stress and burn out in relation to feacher personality at primary level, (Edu. Utkal Uni.1991) In Fifth Servery of educational Research, (Vol. 1.P.114). NCERT : New Delhi (1997).

[૫૬] O. K. Bucola & JGD : જર્નલ ઓફ સાયન્સ એજયુકેશન. (૧૯૯૨).

(૧) વિદ્યાર્થીની લાક્ષણિકતાઓ

(૨) શિક્ષકની લાક્ષણિકતાઓ

(૩) શાળા-પર્યાવરણ

(૪) વહીવટી કાર્યો

(૫) નોકરીની શરતો / પરિસ્થિતિ

નિરાકરણ પદ્ધતિ દ્વારા તનાવને રાહત મળતી હતી. તેમાં વ્યવસાયિક સલામતી, શિક્ષકની શારીરિક તંદુરસ્તી, વૈજ્ઞાનિક સૂચનો વગેરે ગણાવી શકાય.

પરિણામ દર્શાવે છે કે અભ્યાસની અસરકારકતા એ શિક્ષકોમાં તણાવ લાવવામાં કે બદલવામાં ફેરફાર કરી શકે છે.

હીપ્સ અને હાલ્પીન[૫૭](૧૯૯૨) શિક્ષકો અને આચાર્યોની સામાન્ય વ્યવસાયિક તણાવયુક્ત સ્થિતિ અને તેની કાર્યક્ષમતા પર તણાવયુકત સ્થિતિનું માપન.

અભ્યાસનો હેતુ એ હતો કે નમૂના તરીકે પસંદ કરાયેલા શિક્ષકો અને આચાર્યો વચ્ચે કાર્યદક્ષતા પર તણાવની અસર અને વ્યવસાયિક તણાવ એ બે સ્થિતિ જાણવાનો હતો.

આ અભ્યાસમાં બે ઉપકરણો પ્રયોજાયા હતા. (૧) APBAS અને (૨) ME (કેળવગણીકારના તણાવનું માપદંડ) આ ઉપકરણનો અમલ ૬૫ આચાર્યો અને ૨૪૨ શિક્ષકો (Albama પ્રકારની શાળા) પર થયો હતો.

૧૪૧ શિક્ષકો અને ૩૯ આચાર્યોના પ્રતિભાવો માહિતીના પૃથક્કરણમાં આધારભૂત હતા.

અભ્યાસ પરથી જણાયું હતું કે આચાર્યો કરતા શિક્ષકો વધુ તાણ અનુભવતા હતા શિક્ષકોને વધુ માત્રામાં તણાવ ઉત્પન્ન કરતી બાબતોમાં

(૧) વ્યવસાયનો અતિભાર

---

[૫૭] E. S. Hipps and Halpin : The differences in teacher's and principal's general job stress and stress related to performance - based accreditation. Unpublished Doctoral Dissertation, Alabama University (Nov.1992)

(૨) વિદ્યાર્થી પ્રત્યેના સંબંધો

(૩) પગાર અને વળતર

(૪) પેટા સંગઠનકીય અને અતિસંબંધાંત્મક સ્થિતિ

કાર્યક્ષમતાના આધારે નામકરણ થાય છે તે શાળાકીય પદ્ધતિ શાળા સુધારણામાં ખૂબ ઉપયોગી છે. પણ તેનો ઉપયોગ ઓછા તણાવ સર્જન પરિસ્થિતિ ઊભી કરે છે. શિક્ષકો તેમાં બહારથી બદલાવ ઈચ્છતા હોય છે.

Fred Luthans[૫૮] (૧૯૯૨) એ તણાવ અનુભૂતિ કરતી વ્યક્તિ માટે તણાવનાં તબક્કાઓનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસનાં હેતુઓ તાણ વિકાસ માપન કસોટીની રચના કરવી તથા વિવિધ ચલોના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોનું સમાયોજન અને તણાવ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવાનો સમાવેશ કર્યો હતો. નમૂનામાં કેરાલાના કોલમ જિલ્લાના ૬૦ શિક્ષકો જેમાં ૧૪ પુરુષો અને ૪૬ મહિલાઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી.

સ્વરચિત તાણ વિકાસ માપનકસોટીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. તેના તારણો આ પ્રમાણે હતા.

(૧) તાણની બાબતમાં પુરુષ અને સ્ત્રી શિક્ષકો વચ્ચે સૂચક તફાવત જણાયો હતો.

(૨) સ્ત્રી શિક્ષકોનાં પુરુષ શિક્ષકો કરતા તાણ વધુ હોવાનું જણાયું હતું.

(૩) તાણના સંદર્ભમાં ઉંભરની અસર જોવા મળી હતી ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો વધુ તણાવ અનુભવતા હતા.

(૪) તણાવના સંદર્ભમાં જુદી-જુદી લાયકાત ધરાવતાં શિક્ષકોમાં તફાવત જોવા મળ્યો હતો. ભાષા શિક્ષકો અને પ્રિ-ડીગ્રી શિક્ષકો અન્ય કરતાં વધુ તણાવ અનુભવતા હતા.

---

[૫૮] Fred Luthans : સંશોધન પેપર, કેરાલા યુનિવર્સિટી.(૧૯૯૨)

(૫) તાલીમી કાર્યક્રમો હાજરી આપતા શિક્ષકોના તણાવ અને સમાયોજનમાં કોઈ સૂચક ફેરફાર જણાયો ન હતો.

Pullis[૫૯](૧૯૯૨) શિક્ષકોની વ્યવસાયિક તણાવને કારણે વર્તન વિચલિતતા સ્રોતો, અસરો, તણાવ નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ.

આ અભ્યાસ માટે વર્તન વિચલિતતા ધરાવતા ૨૪૪ શિક્ષકો પસંદ કરવામાં આવ્યા હતા. વ્યવસાયિક તણાવ માટેની પ્રશ્નાવલિ આ શિક્ષકોને આપવામાં આવી હતી.

તારણો પરથી જણાતું હતું કે વિદ્યાર્થીઓના સીધા સંપર્ક કરતા શાળા, પર્યાવરણ, કારકીર્દિ વિષયક અને કાર્યબોજના પરિબળો વધુ તણાવ સર્જક જોવા મળ્યા હતા.

થાક, હતાશા અને અતિભાર એ તણાવસર્જક પરિસ્થિતિ માટેજવાબદાર અને આ પરિસ્થિતિને અન્યત્ર પરત્વે વહન કરવામાં પરિબળ જવાબદારો જણાયા હતા.

વ્યવસાયિક સલામતીને સંબંધિત તણાવસર્જક પરિબળો એ કેટલીક બીજી તણાવસર્જનક પરિસ્થિતિ ઊભી કરવામાં સહાયભૂત નિવડતા હતા – એવું અહીં જણાય છે .

Gazial[૬૦] (૧૯૯૩). જયુઈશ અને આરબનાં પ્રાથમિક શિક્ષકોના મંતવ્યોનો વ્યવસાયિક તણાવનો અભ્યાસ.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) આરબના પ્રાથમિક શિક્ષકો અને જયુઈશના શિક્ષકોનો વ્યવસાયિક તણાવનો અભ્યાસ કરવો.

---

[૫૯] M. Pullis : An analysis of occupational stress of teachers of the behaviorally disordered; Sources, effect and strategies for coping journal of Behavioural Disordered, Vol. 17(3), 191-201 (May-1992).

[૬૦] H. H. Gazial : Coping with occupational stress among teachers ; a crosscultural study. Journal of Comparative Education, Vol.29(1), 67-79 (1993).

(૨) આરબ અને જયુઈશના શિક્ષકોના તણાવસર્જક પરિબળોનો અભ્યાસ કરવો.

(૩) આરબ અને જયુઈશના શિક્ષકો વડે ઉપયોગ કરવામાં આવતી તણાવ નિરાકરણ પદ્ધતિના પાસાનો અભ્યાસ કરવો.

વ્યવસાયિક તણાવ શોધવા માટે જેરુસલેમની જયુઈશ અને આરબ પ્રાથમિક શાળાના ૩૭૩ શિક્ષકો પર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

જયુઈશનાં શિક્ષકો ઉચ્ચ વ્યવસાયિક તણાવ સર્જવા માટે બે કારણો દર્શાવતા હતા (૧) શિક્ષકોની કાર્ય કરવા અંગેની શરતો, (૨) શિક્ષકોની વ્યવસાયિક છાપ. આરબ શિક્ષકો તણાવસર્જન કરનારી પરિસ્થિતિના બે કારણો દર્શાવતા હતા. (૧) સામાજીક સંબંધો, (૨) વાલીઓની ઉચ્ચ અપેક્ષાઓ.

બે અલગ જૂથોમાં તણાવ નિવારણ પાસા માટે વ્યવસ્થાપન અને વ્યવસાયિક તણાવ સર્જવા માટે જવાબદાર ગણાતા હતા. આ અભ્યાસ મુખ્યત્વે શિક્ષણ પક્રિયામાં સંસ્કૃતિની અસરકારકતા પરત્વે કેન્દ્રિત હતો.

જહોનસન[૬૧] (૧૯૯૩) કૌટુંબિક તણાવના પરિણામો નાના બાળકોનો અભ્યાસ આવા પ્રકારનાં બાળકો માટે વર્ગશિક્ષકે શિક્ષણમાં દાખવેલ ખાસ કાળજી.

કૌટુંબિક તણાવ પરિસ્થિતિની અસરનાં કારણે બાળકોનાં શાળાના વર્તન અને કાર્યક્ષમતાની અસર તપાસવા માટે આ અભ્યાસ સૂચક રીતે મદદ કરે તેવું જણાય છે. તણાવ નિરાકરણ પદ્ધતિઓ નીચેના મુદ્દાઓને સમાવિષ્ટ કરે છે.

(૧) બાળકની સમસ્યાની ઓળખ કરવી.

(૨) બાળકની તણાવભરી સ્થિતિ નિવારવા અને વિકાસ માટે તેની સાથે કાર્ય કરવું.

(૩) વર્ગમાં બાળકને યોગ્ય પ્રતિચાર મળે તેવી પરિસ્થિતિ સર્જવી.

(૪) આવા બાળકોનાં વાલીઓ સાથે કાર્ય કરવું.

---

[૬૧] H. L. Johnson : Stressful family experiences and young children; how the classroom teacher and help. Journal of Intervention in school and clinic, Vol. 28(3) 165-171 (Jan-1993).

અભ્યાસ પરથી જણાતું હતું કે : બાળકની તણાવભરી સ્થિતિમાં શિક્ષક મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે તો પણ શાળા કરતા બાળક ઘરે તેનાં વાલીની સાથે વધુ સમય રહેતું હોય તે માટે કુટુંબની સમસ્યાની તેના પર વધુ અસર રહે છે.

સોયિબો[૬૨](૧૯૯૪) વિજ્ઞાન શિક્ષકોમાં વ્યવસાયિક તણાવસર્જક પરિબળો અને તણાવ નિરાકરણ પદ્ધતિના પાસાનો અભ્યાસ.

આ અભ્યાસ વિજ્ઞાન શિક્ષક માટે અભ્યાસ કાર્યની ભૂલો પ્રત્યે ઉપયોગી હતો.

આ અભ્યાસમાં ૪૦ વિગતોને સમાવતું જાતે તૈયાર કરેલું ઉપકરણ વપરાયું હતું. ત્રજમૈકાનના ૨૩૦ માધ્યમિક શાળાનાશિક્ષકોને આપવામાં આવ્યું હતું.

આ અભ્યાસનાં મહત્વનાં તારણો એ હતા કે વિજ્ઞાન શિક્ષકે વર્ગ - અધ્યાપનમાં તણાવસર્જક પરિસ્થિતિ પરત્વે ધારણ અને અસરકારક શિક્ષણ સર્જવું જોઈએ.

દુન્હામ[૬૩] (૧૯૯૪) સમગ્ર શાળાની તણાવ વ્યવસ્થાપનની કાર્યનીતિ માટે શિક્ષકોના તણાવ નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ.

આ અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) તણાવ અનુભવતા શિક્ષકોનો અભ્યાસ કરવો.

(૨) તણાવ માટેના વ્યવસ્થાપન શિક્ષકો માટેની તણાવ નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ.

અભ્યાસ પરથી જણાયું હતું કે માળખાગત શાળાની વ્યવસ્થાપન સ્થિતિ કરતા સમજપૂર્વકની અને સહકાર્યકરોની મદદની ભાવનાવાળી કામ કરવાની નીતિ ઓછું દબાણ સર્જન કરે છે.

---

[૬૨] K. Soyibo : Occupational Stress Factors and Coping Strategies among Jamaican High School Science Teacher. Journal of Research in Science and Technological Education, Vol.12(2), 187-192 (1994).

[૬૩] J. Dunham : A framework of teacher's coping strategies for a whole school stress management policy. Journal of Educational Management and Administration, Vol. 22(3), pp.168-174 (Jul.1994).

તણાવ નિરાકરણ પદ્ધતિએ ઘણી વિશાળ બાબતોનો સમાવેશ કરે છે તેમાં કૌશલ્યો-જ્ઞાન, યુકિતઓ, સંબંધો, વિચારો અને વ્યક્તિગત - આંતરવૈયક્તિક, સામાજિક કે સંસ્થા દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓને સમાવે છે.

Solo[૬૪](૧૯૯૫) ફીનીશ શાળાના શિક્ષકોની તનાવ પ્રક્રિયાનો અભ્યાસ.

અભ્યાસ વિસ્તરણ માટે તણાવ ઉત્પન્ન કરતા સ્રોતો, તણાવ નિવારવાના સ્રોતો, ભૂમિકારૂપ ચલો અને જુદાજુદા પ્રકારની શિક્ષકની માનસિકતાઓ માટે ચાર સંજોગોમાં ૬૬ ફીનીશ શાળાના શિક્ષકો પર અભ્યાસ થયો.

પરિણામ પરથી તણાવનો સ્પષ્ટ સંગ્રહ એ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં આંતરસંબંધો વચ્ચેનો જણાતો હતો.

Keiper and Bussle[૬૫](૧૯૯૬) ગ્રામ્ય શિક્ષકોના તણાવનો અભ્યાસ. આ અભ્યાસ ગ્રામ્ય શિક્ષકોમાં તણાવયુકત પરિબળો જાણવા સંબંધી હતો. આ અભ્યાસ શિક્ષકોનાં ભાવિ પૂર્વગ્રહો અને તણાવ નિરાકરણ પદ્ધતિનો પણ અભ્યાસ કર્યોહતો.

આ અભ્યાસમાં વોશિંગ્ટનનો વોટકોન પ્રાંતના ૧૨૦ ગ્રામ્ય શિક્ષકોનો સમાવેશ થયો હતો.

પરિણામ દર્શાવતુ હતું કે, નબળું વ્યવસ્થાતંત્ર, વિદ્યાર્થીઓનું નબળું પ્રોત્સાહન અને શિસ્તની ખામીઓને કારણે વારંવાર તણાવયુકત સ્થિતિ સર્જાતી હતી.

આ માટે શિક્ષકો પ્રત્યેની હિંસાયુકત સ્થિતિ અને પગાર ધોરણ જવાબદાર ગણાવી શકાય.

ગ્રીન અને રોસ[૬૬](૧૯૯૬) તેનાં સંશોધન અભ્યાસમાં ૧૦૫ મધ્ય, જુનિયર અને સિનિયર માધ્યમિક શાળાનાં શિક્ષકોનો અભ્યાસ કર્યો તેઓના વર્ણનમાં શૈક્ષણિક મૂલ્યાંકનના પ્રશ્નો અને મનોસ્થિતિના પ્રશ્નો હતા.

---

[૬૪] K.Solo : Teacher - Stress processes;  How can they be explained ? Sandinviun Journal of Education Research,Vol.39(3), p.p.205-222(Sep.1995).

[૬૫] P.W. Keiper and Busselle : The rural educator and Stress. Journal of Rural Educator, Vol.17(2). p.p.18-21, Win. (1995-96).

[૬૬] S.B.Green and Ross ; A theory - based measure of coping strategies used by teacher; the problem in teaching scale. Journal of Teaching and Teacher Education, Vol.12(3), p.p.315-325 (May, 1996).

પરિણામ પરથી સ્પષ્ટ હતું કે ત્રિપરિમાણીય બાબત હેઠળ ગ્રાફ હતો. આ પરિણામો એ ત્રણ તનાવ સર્જન પરિસ્થિતિમાં સામાન્યતઃ હતા. શિક્ષકોએ આ ત્રણ પરિસ્થિતિના ષડયંત્ર પરત્વે સૂચનો કર્યા હતા.

સ્કેમર અને જેકસન[૬૭](૧૯૯૬) શિક્ષકોના તણાવ અને તણાવ નિરાકરણ પદ્ધતિના પાસાની અસરકારકતા આ અભ્યાસમાં વણાયેલ હતા. તેમાં,

(૧) સતત તોપમારાની જેમ તણાવ સર્જન પરિસ્થિતિના કારણે જે તણાવસર્જન અને વ્યકિતની બેદરકારીના કારણે આ તનાવ ચાલુ રહે છે તેનો અભ્યાસ.

(૨) શિક્ષકો અન્ય વ્યવસાય કરતાં વધુ તણાવ અનુભવે છે.

(૩) શિક્ષકો વિદ્યાર્થી પરત્વેના નકારાત્મક વલણને કારણે પણ તણાવ અનુભવે છે.

(૪) શિક્ષકો વિચારત્વ ગુમાવવુ, શકિત ગુમાવવી અને જીવનનાં ધ્યેયો ગુમાવ્યા હોવાના કારણે તણાવ અનુભવે છે.

આ અભ્યાસ અસરકારક રીતે તાણ પરત્વેનું સમાયોજન અને શિક્ષક-તાણને રોકવા સંબંધી કેટલીક તણાવ નિરાકરણ પદ્ધતિનું સૂચન કરે છે.

ક્રીસ[૬૮](૧૯૯૮) ઓસ્ટ્રેલિન નિયમિત વર્ગ શિક્ષકોનું આંતરમાળખાકીય શિક્ષણ અને ખાસ સૂચનો કે જે તેઓને તાણ ઉભી કરે છે.અભ્યાસ ૧૯૯૭ના વર્ષ દરમ્યાન પ્રાથમિક શિક્ષકોને સમાવતોહતો.

૧૭ નિયમિત વર્ગશિક્ષકો (પ્રાથમિક શાળાનાં)ને મુલાકાત દ્વારા સમાવ્યા હતા. નિયમિત શિક્ષણનાં વર્ગોની બેજવાબદારી પ્રત્યેનાં મહત્વનાં મુદ્દાઓ આ શિક્ષકોએ ઓળખાવ્યા. આ ચર્ચામાં મુખ્યત્વે કેન્દ્રિત બાબતોમાં....

---

[૬૭] L.A.Scamer and Jackson : Coping with stress; Commonsense about teacher burnout. Journal of Education Canada, Vol.36(2) p.p.28-31, (1996).

[૬૮] F. Chris : Teacher's Perceptin of the stress associated with inclusive Dissertation,University of Queensland Australia (1998).

(૧) આંતરિક આવશ્યકતાઓ કે જે નિયમિત શિક્ષકોમાં તણાવ ઉત્પન્ન કરે છે.

(૨) તેઓ જે મુશ્કેલીઓ પ્રત્યે અથડામણ અનુભવે તેના ઉકેલો.

(૩) ઉપલબ્ધી અને ઉપયોગી એવા પીઠબળરૂપી માળખું.

(૪) તેઓ આ સર્વેમાંથી મેળવતા લાભો.

તણાવ સર્જનારી પરિસ્થિતિની ઓળખ માટે લીકર્ટપદ્ધતિને અનુસરીને બે પ્રશ્નાવલિ વિકસાવવામાં આવી હતી.આ ઉપકરણોમાં વિવિધ લાગણીકીય - પાસાઓને ધ્યાનમાં રાખીને તેમજ જુદી-જુદી સમસ્યાઓને નજરઅંદાઝ રાખીને રચવામાં આવી હતી.

આ ઉપકરણ નિયમિત વર્ગ-શિક્ષણ કરાવતા ૪૦ શિક્ષકોને આપવામાં આવ્યું હતું. ચાર પરિબળો જોવા મળ્યા હતા.

(૧) બાળકના શૈક્ષણિક વિકાસમાં શિક્ષકની જવાબદારી

(૨) બાળકનો અન્ય પ્રત્યે શારીરિક હુમલો

(૩) ભંડોળ એકત્રિકરણ

(૪) અન્ય છાત્રો પ્રત્યે ક્ષમતા ઘટાડવી.

આ સિવાય અન્ય તણાવ નિરાકરણ પદ્ધતિના પાસાઓ જોવા મળ્યા હતા તે નીચે પ્રમાણે છે.

(૧) સામાન્ય સમજની સમજણ (કેળવણી)

(૨) કાર્યનું આયોજન કરવું અને તેને અનુસરવું.

(૩) તજજ્ઞો સાથે પરિસ્થિતિની ચર્ચા કરવી.

આમ, તારણો પરથી જણાયું કે - શિક્ષણમાં સંકળાયેલા પ્રાથમિક શિક્ષકો ઘણી બધી તણાવયુકત પરિસ્થિતિમાં હતા અને તેઓ માનસિક સમતુલન અને કાર્યનું આયોજન અને માર્ગદર્શન કેટલાક વિષય તજ્જ્ઞોના ઉપયોગ વડે મેળવતા.

Benmasour[૬૯](૧૯૯૮) "મોરક્કોન માધ્યમિક શિક્ષકોના વ્યવસાયિક તનાવ, વ્યવસાય સંતોષ અને તણાવ નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ."

આ અભ્યાસમાં મોરક્કોના માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં વ્યવસાય તણાવ, વ્યવસાય સંતોષ અને તણાવ નિરાકરણ પદ્ધતિઓ જાણવા માટે ૧૫૩ શિક્ષકોનો પોતાનો સ્વ-અભિપ્રાય જાણવામાં આવ્યો હતો.

પરિણામ પરથી જણાતું હતું કે,

(૧) ૪૫% શિક્ષકો તેમનાં વ્યવાસય પ્રત્યે સંતોષ અનુભવતા હતા.

(૨) અડધાથી વધુ શિક્ષકો ઉચ્ચ પ્રકારની તાણ અનુભવતા હોવાનું જણાવ્યું.

(૩) આ શિક્ષકો વ્યવસાય સંતોષ પ્રત્યે નકારાત્મક સહ-સંબંધ ધરાવતા હતા.

(૪) ૧૬ પ્રકારની નિરાકરણ પદ્ધતિના પાસાઓના પૃથક્કરણ બાદ ચાર અવયવ મળ્યા હતા.

અભ્યાસનું પરિણામ બતાવતું હતું કે, ૫૦% શિક્ષકોને તેનાં વ્યવસાયથી સંતોષ હતો અનેબાકીના શિક્ષકો વ્યવસાય સંતોષ પરત્વે નકારાત્મક સંબંધથી જોડાયેલા હતા આનો મતલબ એવો થાય કે, લગભગ ૫૦% શિક્ષકોએક અથવા બીજી રીતે વ્યવસાયિક સમસ્યા અનુભવતા અને જુદા-જુદા પ્રકારની તણાવ નિરાકરણ પદ્ધતિનો વ્યવસાયમાં પ્રયોજન કરતા.

જયસ્વાલ[૭૦](૨૦૦૧) એ શાળાના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક અને બિનજ્ઞાનાત્મક લક્ષણો પર શૈક્ષણિક તણાવની અસરનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓ શૈક્ષણિક તણાવ સંશોધિનીની રચના કરવી તથા માધ્યમિક શાળાના છ

[૬૯] N. Benmansour : Job Satisfaction, Stress and coping strategies among Moroccan high school teacher. Mediterranean Journal of Educational Studies, Vol.3, p.p.13-33, 1998

[૭૦] નવનીત એમ. જયસ્વાલ : શાળાના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક અને બિનજ્ઞાનાત્મક લક્ષણો પર શૈક્ષણિક તણાવની અસર. અપ્રકાશિત શોધનિબંધ, પીએચ.ડી. શિક્ષણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૧.

સ્વતંત્ર ચલોના સંદર્ભમાં શૈક્ષણિક તણાવનો અભ્યાસ કરવાનો સમાવેશ કર્યો હતો. નમૂનામાં માધ્યમિક શાળાના ૧૦૦૦ વિદ્યાર્થીઓ લેવામાં આવ્યા હતા. જેમાં ૫૦૦ કુમારો તથા ૫૦૦ કન્યાઓ હતી.

સ્વરચિત શૈક્ષણિક તણાવ સંશોધિનીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. તેમના તારણો આ પ્રમાણે હતા :

ભિન્ન તણાવ ધરાવતા નમૂનાનાં પાત્રોની શૈક્ષણિક સિદ્ધિ ભિન્ન જોવા મળી. વધુ શૈક્ષણિક તણાવ ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ ઊંચી જોવા મળી.

ભિન્ન તણાવ ધરાવતા નમૂનાનાં પાત્રોનો આત્મવિશ્વાસ ભિન્ન જોવા મળ્યો. વધુ શૈક્ષણિક તણાવ ધરાવતા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધુ હતો.

રાવલ[૭૧](૨૦૦૩)એ તણાવ ઉત્પન્ન કરનાર પરિબળો સાથે બંધ બેસતા થવા માટેના અભિગમો અને શિક્ષક સિદ્ધિનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસના મુખ્ય હેતુઓ શિક્ષક તણાવ સંશોધિનીની રચના કરવી તથા વિવિધ ચલોના સંદર્ભમાં માધ્યમિક શાળાના શિક્ષકોના તણાવનો અભ્યાસકરવાનો સમાવેશ કર્યો હતો. નમૂનામાં માધ્યમિક શાળાના ૪૫૦ શિક્ષકો જેમાં ૩૧૭ પુરુષ શિક્ષકો તથા ૧૩૩ સ્ત્રી શિક્ષકો લેવાયા હતા.

સ્વરચિત શિક્ષક તણાવ સંશોધિનીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો તેમના તારણો આ પ્રમાણે હતા :

(૧) ૫વર્ષથી ઓછો અનુભવ ધરાવતા શિક્ષકોના તણાવ વધુ જોવા મળ્યાં.

(૨) પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકોના તણાવ સમાન જોવા મળ્યા.

(૩) પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના તણાવ લગભગ સમાન હતા જયારે ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકોના તણાવ ઊંચા જોવા મળ્યા હતા.

---

[૭૧] Girish P.Raval : Approaches of coping with Stress Factors and Teacher Performance. Unpublished Ph.D. Thesis Education. SaurashtraUniversity, 2003.

(૪) જ્ઞાતિના સંદર્ભમાં શિક્ષકોના તણાવ લગભગ સમાન જોવા મળ્યા હતા.

(૫) શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકોના તણાવ લગભગ સમાન હતા. જયારે અર્ધ શહેરી વિસ્તારના શિક્ષકોના તણાવ ઊંચા જોવા મળ્યા હતા.

દેસાઈ[૭૨](૨૦૦)એ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યોના માનસિક તણાવ, મૂલ્યો અને વ્યવસાયિક સંતોષ પ્રત્યેના વલણ પર અભ્યાસ કર્યો હતો. અભ્યાસ મુખ્ય હેતુઓ વિવિધ ચલોના સંદર્ભમાં માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોનાતણાવનો અભ્યાસકરવામાં આવ્યો હતો. નમૂનામાં ૫૯૮ માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો લેવાયા હતા.

સ્વરચિત માનસિક તણાવ સંશોધિનીનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. તેમના તારણો આ પ્રમાણે હતા :

માધ્યમિક – ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોના જાતીયતા, શૈક્ષણિક અનુભવ, લાયકાત, વૈવાહિક દરજ્જો,કુટુંબના પ્રકાર, શાળાનો વિસ્તાર અને શાળાના પ્રકારના સંદર્ભમાં માનસિક તણાવ લગભગ સમાન હતા. જયારે ૩૫ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા માધ્યમિક – ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યોના માનસિક તણાવ, ૩૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતાઆચાર્યોકરતા ઊંચા હતાં.

તણાવ માપદંડ તૈયાર કરવા માટે લિકર્ટ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## ૨.૮ સિદ્ધિપ્રેરણા અંગે પ્રાપ્ત થયેલા સંશોધનની સમીક્ષા

સંશોધકે સમીક્ષા માટે સિદ્ધિપ્રેરણા સંબંધિત અપ્રકાશિત સંશોધનો, પીએચ.ડી. કક્ષાના સંશોધનો અને સંશોધન પેપર પસંદ કર્યા હતા. ૧૯૭૧ થી ૨૦૦૬નાં સમયગાળામાં થયેલા સંશોધનોનો સમાવેશ થયો હતો. આ આઠ સંશોધનો દ્વારા સિદ્ધિપ્રેરણા સંબંધિત માહિતી મેળવવામાં આવી હતી.

---

[૭૨]ઘનશ્યામ જી. દેસાઈ : માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના માનસિક તણાવ, મૂલ્યો અને વ્યવસાયિક સંતોષ પ્રત્યેના વલણનો અભ્યાસ. અપ્રકાશિત શોધનિબંધ, પીએચ.ડી. શિક્ષણ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૫.

લાખીયા(૧૯૭૧) એ બૌદ્ધિક, શૈક્ષણિક, સામાજિક-આર્થિક પરિસ્થિતિ અને સિદ્ધિપ્રેરણાના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

પટેલ(૧૯૭૧) એ સિદ્ધિપ્રેરણા, ચિંતાતુરતા, યુનિવર્સિટીની પરીક્ષામાં દેખાવ અને સામાજિક આર્થિક દરજ્જાનોઅભ્યાસ કર્યો હતો.

રાવ(૧૯૭૫) એ સિદ્ધિપ્રેરણા અને શાળાકીય કામગીરી જાણવાનો અભ્યાસ કર્યો હતો.

નરૂલ્લા(૧૯૭૮) એ સિદ્ધિપ્રેરણા વ્યકિતગત પસંદગીતેના ખ્યાલો, તેની ચિંતાતુરતાઓ અને જોખમ લેવાની વૃત્તિ અને સંબંધી બાબતો જેવી કે બુદ્ધિમતા, સામાજિક, આર્થિક મોભો કામગીરીનો અભ્યાસ કર્યો હતો.

જોષી(૧૯૯૯) એ પ્રાથમિક શાળાનાશિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો.

ઝેન્ઝેન(૨૦૦૨)એ ઔદ્યોગિક ટેકનોલોજીના વિદ્યાર્થીની સિદ્ધિપ્રેરણા પર અભ્યાસ કર્યો હતો.

વ્યાસ (૨૦૦૫) એ માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, મૂલ્યો અને શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કર્યો હતો.

પુરોહિત(૨૦૦૬) પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, આત્મવિશ્વાસ, વ્યવસ્થાપન અને મૂલ્યોનો અભ્યાસ કર્યો હતો.

લાખીયા (૧૯૭૧) એ નમૂનામાં પાત્રોની સંખ્યા ૧૦૦ લીધી હતી. રાવ (૧૯૭૫) એ ૪૧૦ પાત્રો નમૂનામાં પસંદ કર્યા હતા. પટેલ (૧૯૭૭) એ ૮૭૬ પાત્રો નમૂનામાં લીધા હતા.નરૂલ્લા (૧૯૭૦) એ ૬૦૮ પાત્રોને નમૂનામાં લીધા હતા. જોષી (૧૯૯૯) એ ૫૨૫ પાત્રો નમૂનામાં લીધા હતી. ઝેન્ઝેન (૨૦૦૨) એ૯૯ વિદ્યાર્થી પાત્રો નમૂનામાં લીધા હતા.વ્યાસ(૨૦૦૫)એ ૬૪૬ પાત્રો નમૂનામાં લીધા હતા. પુરોહિત (૨૦૦૬) એ ૯૪૩ પાત્રો નમૂના તરીકે પસંદ કર્યા હતા.

લાખીયા(૧૯૭૧)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ડો. સી. સી. પાઠકનો વ્યકિત માપન ટેસ્ટ અને શ્રી એચ. એસ. ડેવિડની ટી.એ.ટી.વાર્તાઓનો ઉપયોગ કર્યો હતો. રાવ (૧૯૭૫)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી.એ.ટી.નો ઉપયોગ કર્યો હતો. પટેલ (૧૯૭૭) એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ધ મેરીટ એપીરેન્સીપશોર્ટનો ઉપયોગ કર્યો હતો. નરૂલ્લા (૧૯૭૮)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી.એ.ટી. ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો. જોષી(૧૯૯૯)એ કે. પી. મેવા દ્વારા અનુવાદિત 'સિદ્ધિપ્રેરણા માપદંડ'નો ઉપયોગ કર્યો હતો. વ્યાસ (૨૦૦૫)એ ટી-ટેસ્ટ અને એફ-ટેસ્ટ દ્વારા સિદ્ધિપ્રેરણાનું માપન કર્યું હતું. પુરોહિત (૨૦૦૬)એ સિદ્ધિપ્રેરણાના માપન માટે ટી-ટેસ્ટ અને એફ-ટેસ્ટનો ઉપયોગ કર્યો હતો.

## ૨.૯ કાર્યસંતોષ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનોની સમીક્ષા

સંશોધકે સમીક્ષા માટે કાર્યસંતોષ સંબંધિત સંશોધનો પસંદ કર્યા હતા. આ અઠયાવીસ સંશોધનોમાં ભારતના તથા વિદેશના સંશોધનોનો સમાવેશ થાય છે. ૧૯૫૩ થી ૧૯૭૪ના સમયગાળામાં અગિયાર સંશોધનો અને ૧૯૭૭ થી ૧૯૯૭ના સમયગાળામાં ચૌદ સંશોધનોનો સમાવેશ થયો હતો. જયારે ૧૯૯૮ થી ૨૦૦૬ના સમયગાળામાં ત્રણ સંશોધનોનો સમાવેશ થયો હતો. આ સંશોધનો પીએચ.ડી., એમ.એડ્., એમ.ફીલ. કક્ષાના તથા પ્રોજેકટ કક્ષાના હતા.

કાર્યસંતોષ અંગે પ્રાપ્ત થયેલા અભ્યાસ પૈકી અઢાર અભ્યાસો પ્રાથમિક-માધ્યમિક શાળાના શિક્ષકોના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો. પાંચ અભ્યાસો કોલેજના અધ્યાપકોના અને પાંચ ઉજળા વ્યવસાયો કે ઉદ્યોગ-ધંધાના કર્મચારીઓના કાર્યસંતોષના સંદર્ભમાં હતા.

આ સંશોધનોના અભ્યાસમાં પંચ્યાસીથી ત્રણ હજાર નમૂનાઓ લીધા હતા. નમૂનામાં પ્રાથમિક શાળાના શિક્ષકો, માધ્યમિક શાળાના શિક્ષકો, કોલેજના અધ્યાપકો, કંપનીના મેનેજરો તથા કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને પણ લીધા હતા.

બધા સંશોધનોનું કેન્દ્ર કાર્યસંતોષ પર આધારિત હતું. તેથી દરેક અભ્યાસના ચલો, કાર્યસંતોષ પર આધારીત હતા. અમુક સંશોધનોમાં કાર્યસંતોષ અને કાર્યવલણ વચ્ચે સંબંધ માપવામાં આવ્યો હતો. જયારે અમૂક સંશોધનોમાં કાર્યસંતોષ અને માનસિક તણાવ વચ્ચેનો સંબંધ ચલ પર આધારિત હતો.

આ સંશોધનો પ્રમાણે સ્વતંત્ર્ય ચલો આ મુજબ સ્વીકારવામાં આવ્યા હતા. જેમકે, તેર સંશોધનોમાં જાતિયતા, અગિયાર સંશોધનોમાં ઉંમર, નવ સંશોધનોમાં વૈવાહિક દરજ્જો અને શૈક્ષણિક લાયકાત આઠ સંશોધનોમાં હતા. સાત સંશોધનોમાં શૈક્ષણિક અનુભવ, ચાર સંશોધનોમાં ભૌતિક સુખ સગવડતાઓ, સાત સંશોધનોમાં વિસ્તાર, પાંચ સંશોધનોમાં પગારધોરણ, સાત સંશોધનોમાં શાળાનો પ્રકાર, પાંચ સંશોધનોમાં સામાજિક દરજ્જો, ત્રણ સંશોધનોમાં શાળાનું વાતાવરણ, સાત સંશોધનોમાં કાર્યબોજ, બે સંશોધનોમાં સહકાયકરોનો સહકાર, એક સંશોધનમાં નોકરીની સલામતી, એક સંશોધનમાં વલણ, એક સંશોધનમાં અનુકૂલન અને એક સંશોધનમાં કુટુંબના પ્રકારની ચર્ચા થઈ હતી. સ્વતંત્ર ચલો જેવા કે જાતિયતા, શૈક્ષણિક લાયકાત, વૈવાહિક દરજ્જો, ઉંમર, અનુભવ, ભૌતિક સગવડતાઓ, પગાર ધોરણ અને શાળાના પ્રકારની આ અભ્યાસોમાં વધુ અસર જોવા મળી હતી.

માહિતીના પૃથક્કરણ માટે આંકડાકિય તક્નીકીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમકે, સરાસરી, પ્રમાણવિચલન, ટી–ટેસ્ટ, એફ–ટેસ્ટ, સહસંબંધ, ટકાવારી પદ્ધતિ, કાઈવર્ગ અને આવૃત્તિ વિતરણ. આ સંશોધનોમાં ટી–ટેસ્ટનો વારંવાર ઉપયોગ થયો હતો.

## ૨.૧૦ માનસિક તણાવ અંગે પ્રાપ્ત થયેલા સંશોધનની સમીક્ષા

માનસિક તણાવ અંગે પ્રાપ્ત થયેલા અભ્યાસો પૈકી ચૌઉદ અભ્યાસ Klash (૧૯૮૪), ફર્નાન્ડિઝ અને મૂર્તિ (૧૯૮૯), જમુના અને ઉશર્શી (૧૯૯૦), મિશ્રા (૧૯૯૧), ઓકેબુકેલા અને જેજીડી(૧૯૯૨), Fred Lythans(૧૯૯૨), Pullis (૧૯૯૨), સચિબો (૧૯૯૪), દુન્હામ (૧૯૯૪), Solo (૧૯૯૫), Keiper અને Busslle (૧૯૯૬), સ્કેમર અને જેકસન (૧૯૯૬) Benmasorer Naime (૧૯૯૮) ગિરીશ રાવલ (૨૦૦૩) એ માધ્યમિક શાળાના શિક્ષકોના તણાવના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

ચાર અભ્યાસો ન્યુઝીલેન્ડ એજયુકેશનલ ઈન્સ્ટિટયુટ (૧૯૮૬), દાસ (૧૯૮૯), Gazial(૧૯૯૩) અને ક્રીસ(૧૯૯૮) એ પ્રાથમિક શાળાના શિક્ષકોના તણાવના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

બે અભ્યાસો Blase(૧૯૮૬) અને ગ્રીન અને રોસ (૧૯૯૬) પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના તણાવના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

બે અભ્યાસો હીપ્સ અને હાલ્પીન (૧૯૯૧) અને હીપ્સ અને હાલ્પીન (૧૯૯૨) એ માધ્યમીક શાળાના શિક્ષકો અને આચાર્યોના તણાવના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

નવનીત જયસ્વાલ (૨૦૦૧) એ શાળાના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક અને બિનજ્ઞાનાત્મક લક્ષણો પર શૈક્ષણિક તણાવની અસરનો અભ્યાસ કર્યો હતો.

વંદ્વા અને અખ્તર (૧૯૮૯) યુનિવર્સિટીનાં શિક્ષકોના ઘર અને કુટુંબ સંબંધી તણાવનો અભ્યાસ કર્યો હતો.

ઉશર્શી અને જમુના (૧૯૯૦) એ બહેરા-મુંગાની શાળાના શિક્ષકોના તાણનાં સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

જોહન્સન (૧૯૯૩) એ કૌટુંબિક તણાવના પરિણામે નાના બાળકોનો અભ્યાસ કર્યો હતો.

દેસાઈ(૨૦૦૫) એ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના માનસિક તણાવના સંદર્ભમાં અભ્યાસ કર્યો હતો.

Klash(૧૯૮૪) એ નમૂનામાં સો શિક્ષકો પસંદ કર્યા હતા. ફર્નાન્ડિઝ અને મૂર્તિ (૧૯૮૯) એ પચાસ સ્ત્રી શિક્ષકો લીધા હતા. જમુના અને ઉશર્શી (૧૯૯૦)એ એકસોવીસ સ્ત્રી શિક્ષકો પસંદ કર્યા હતા. મિશ્રા (૧૯૯૧) એ બસ્સો શિક્ષકોને નમૂનાના પત્ર તરીકે પસંદ કર્યા હતા. ઓકેબુકેલા અને જેજીડી (૧૯૯૨) એ વિજ્ઞાન શિક્ષકોને નમૂનાના પાત્ર તરીકે પસંદ કર્યા હતા. Fred Lythans(૧૯૯૨) એ સાઈઠ શિક્ષકો નમૂના માટે પસંદ કર્યા હતા. Pullis(૧૯૯૨) એ બસ્સો ચુમાલીસ શિક્ષકોને નમૂનામાં સમાવ્યા હતા. સોયિબો(૧૯૯૪) એ બસો ત્રીસ પાત્રો નમૂનામાં લીધા હતા. દુન્હામ (૧૯૯૪)એ શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. Solo(૧૯૯૫) એ છાસઠ શિક્ષકોને નમૂનામાં સમાવ્યા હતા. Keiper and Bussle(૧૯૯૬) એ એકસોવીસ શિક્ષકો પસંદ કર્યા હતા.સ્કેમર અને જેકસન (૧૯૯૬)એ એકસો પાંચ શિક્ષકો નમૂના તરીકે પસંદ

કર્યા હતા. Benmasour Naime(૧૯૯૮) એ એકસો ત્રેપન શિક્ષકોનો નમૂના તરીકે સમાવેશ કર્યો હતો. નવનીત જયસ્વાલ (૨૦૦૧)એ હજાર વિદ્યાર્થી અને બસ્સો શિક્ષકો નમૂના તરીકે પસંદ કર્યા હતા. ગીરીશ રાવલ (૨૦૦૩) ચારસોપચાસ શિક્ષકો નમૂના તરીકે પસંદ કર્યા હતા અને દેસાઈ (૨૦૦૫)એ પાંચસો અઠ્ઠાણું આચાર્યો નમૂના તરીકે પસંદ કર્યા હતા.

ન્યુઝીલેન્ડ એજ્યુકેશનલ ઈન્સ્ટીટયુટ(૧૯૮૩) કમીશને આઠસો શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. દાસ (૧૯૮૯) એ શિક્ષકોનો સમાવેશ કર્યો હતો. Gazial(૧૯૯૩)એ ત્રણસો તોતેર શિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો. ક્રીસ(૧૯૯૮)એ ચાલીસ વર્ગશિક્ષકોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો.

Blase(૧૯૮૬)એ ત્રણસોબાણું શિક્ષકો નમૂનામાં પસંદ કર્યા હતા. ગ્રીન અને રોસ (૧૯૯૬) એ એકસો પાંચ શિક્ષકોને પાત્રો તરીકે પસંદ કર્યા હતા.

હીપ્સ અને હાલ્પીન(૧૯૯૧) એ બસ્સોઓગણીસ શિક્ષકો અને અઠ્ઠાવન આચાર્યોને નમૂના તરીકે પસંદ કર્યા હતા. હીપ્સ અને હાલ્પીન (૧૯૯૨) એ એકસો એકતાલીસ શિક્ષકો અને ઓગણચાલીશ આચાર્યોને નમૂના તરીકે પસંદ કર્યા હતા.

વંદ્રા અને અખ્તર (૧૯૮૯)એ યુનિવર્સિટીના એકસોવીસ શિક્ષકો નમૂના તરીકે પસંદ કર્યા હતા. જયારે ઉશર્શી અને જમુના (૧૯૯૦) એ ચાલીશ પાત્રોનો નમૂનામાં સમાવેશ કર્યો હતો અને જોહનસન (૧૯૯૩)એ પાત્રોનો સમાવેશ કર્યો હતો.

## ૨.૧૧ પ્રસ્તુત અભ્યાસની વિશિષ્ટતા

પૂરોગામી અભ્યાસોના સંદર્ભમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને કોલેજના શિક્ષકો પર સંશોધન થયા હતા. આ અભ્યાસોમાં કાર્યસંતોષ, સિદ્ધિપ્રેરણા અને માનસિક તણાવ માપવામાં આવ્યા હતા. આ અભ્યાસોમાં શિક્ષકોની સિદ્ધિપ્રેરણા અંગે જૂજ અભ્યાસો થયા હતા. તેમાંથી ચાર સંશોધનો પ્રાથમિક શાળાના શિક્ષકો પર, બે સંશોધનો માધ્યમિક શાળાના શિક્ષકો પર અને બે તાલીમાર્થી શિક્ષકો પર હતા. આ અભ્યાસો ભારત અને વિદેશમાં થયેલા હતા. શિક્ષણ સહાયક શિક્ષકની સિદ્ધિપ્રેરણા પર એક પણ સંશોધન મળેલ નથી.

પૂરોગામી સંશોધનોમાં કાર્યસંતોષના સંદર્ભમાં પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચત્તર માધ્યમિક શાળા, કોલેજ, તાલીમી સંસ્થા અને વિશિષ્ટ શાળાઓ પર અભ્યાસો થયા હતા. આ અભ્યાસોમાંથી છવ્વીસ અભ્યાસોનું વિશ્લેષણ મળેલ હતું. તેમાં એમ.એડ્., એમ.ફીલ. અને પીએચ.ડી. કક્ષાના અભ્યાસો હતા. શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર એક પણ અભ્યાસ થયેલ જોવા મળેલ નથી.

પુરોગામી અભ્યાસમાં તણાવના સંદર્ભમાં પૂર્વ પ્રાથમિક – પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને કોલેજ તાલીમી સંસ્થા અને વિશિષ્ટ શાળાઓના શિક્ષકો પર સંશોધન થયા હતા. જેમાં ચૌદ સંશોધનો માધ્યમિક શાળાના શિક્ષકો, ચાર સંશોધનો અભ્યાસમાં પ્રથામિક કે પૂર્વ પ્રાથમિક શાળા શિક્ષકો, એક સંશોધન અભ્યાસમાં યુનિવર્સિટીના શિક્ષકો, બે સંશોધન અભ્યાસમાં પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો પર તથા એક સંશોધન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ પર જયારે એક સંશોધન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પર તથા એક અભ્યાસ બહેરા–મુંગા શાળાના શિક્ષકો પર કરવામાં આવેલ હતો. પૂરોગામી અભ્યાસ ભારત અને વિદેશમાં થયેલા હતા. શિક્ષણ સહાયક શિક્ષકના માનસિક તણાવને ધ્યાનમાં રાખીને પીએચ.ડી. કક્ષાએ એકપણ સંશોધન મળેલ નથી.

પ્રસ્તુત સંશોધનનાં શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ પર અસર કરતાં દસ સ્વતંત્ર ચલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જે આ મુજબ હતા. (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજજો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર અને (૧૦) શાળાનો પ્રકાર.

પુરોગામી અભ્યાસમાં સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને તણાવ સંબંધિત થયેલા અભ્યાસ પૈકી નમૂનામાં પાત્રો ૨૦ થી ૪૦૦૦ સુધી હતા. અન્ય બત્રીસ સંશોધનોમાં ૫૦૦ થી પણ ઓછા પાત્રો હતા. જયારે પ્રસ્તુત સંશોધનમાં નમૂનાના પાત્રોની સંખ્યા ૫૮૮ હતી. પૂરોગામી અભ્યાસો પરથી જાણવા મળે છે કે સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ આ ત્રણ પરતંત્ર ચલને ધ્યાનમાં રાખીને માધ્યમિક શાળાના શિક્ષણસહાયક શિક્ષકો પર કોઈ પીએચ.ડી. કક્ષાએ સંશોધન હાથ ધરાયુ નથી. પ્રસ્તુત સંશોધનમાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવનો અભ્યાસ હાથ ધરાયો હતો.

# પ્રકરણ–૩

# સંશોધન યોજના અને તેના આધારો

# પ્રકરણ-૩
# સંશોધન યોજના સંશોધન યોજના અને તેના આધારો

## ૩.૧ પ્રસ્તાવના

શાળા સમાજનો પાયો છે. શિક્ષક સમાજના ઘડવૈયા છે. શિક્ષણનો આધાર શિક્ષકો પર રહેલો છે તેથી શિક્ષકો સ્વસ્થ હોવા ખૂબ જરૂરી છે. આજના યુગમાં માનવીની જરૂરિયાતો વધતી જાય છે અને જયારે જરૂરિયાતોને સંતોષી ન શકાય ત્યારે માનવીને હતાશા, સંઘર્ષ અને ચિંતાનો ભોગ બનવું પડે છે.

શિક્ષણમાં શિક્ષકનો ફાળો ખૂબ જ અગત્યનો છે. શાળામાં અમુક બાબત વધુ ઉત્તમ રીતે અને વધુ ઝડપથી કઈ રીતે થઈ શકે, તેમાં વિશિષ્ટ કે નવું કેમ કરી શકાય એવા વિચારો સાથે સંકળાયેલ હોય તે વ્યકિતના ઉચ્ચ ધ્યેય સાથે સંકળાયેલું આંતરિક તત્ત્વ સિદ્ધિપ્રેરણા છે. શિક્ષકોના આવા ગુણ વિકસેલા હોય તે ખૂબ જરૂરી છે. તેથી પ્રયોજકે શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા જાણવા પ્રયત્ન કર્યો હતો.

શિક્ષક કાર્ય કરે છે તેનો તેને સંતોષ થવો ખૂબ જરૂરી છે. તેની સીધી અસર શિક્ષણ પર થાય છે તેથી પ્રયોજકે શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષ જાણવા પ્રયત્ન કર્યો હતો.

માનસિક ખેંચ, તંગદિલી, માસિકતાણ વગેરે સામાન્ય રીતે સમાનાર્થી તરીકે વપરાતા શબ્દો આજે દુનિયાભરમાં ચર્ચાનો વિષય બનેલા છે. માનસિક તણાવ બધે જોવા મળે છે. શિક્ષકોને પોતાની જવાબદારીઓ પ્રત્યેની સભાનતા માટે સતત જાગૃત રહેવું પડે છે. આ માટે પ્રયોજકે શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવ તપાસવાનો નમ્ર પ્રયાસ કરેલ હતો.

## ૩.૨ વ્યાપવિશ્વ

પ્રયોગ માટેનો નમૂનો જે સમૂહમાંથી પસંદ કરવામાં આવે તે મૂળભૂત પાત્રોના સમૂહને વ્યાપવિશ્વ કહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સૌરાષ્ટ્રના સાત જિલ્લાઓ તથા કચ્છમાં આવેલ માધ્યમિક શાળામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૭-૦૮ દરમિયાન ફરજ બજાવતા શિક્ષણ સહાયક શિક્ષકોનો

વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ દરેક જિલ્લાઓમાં આવેલી માધ્યમિક શાળાઓની માહિતી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પાસેથી મેળવવામાં આવી. તેમજ ગુજરાત રાજય દ્વારા વર્ષ ૨૦૦૭-૦૮માં પ્રકાશિત આંકડાકીય માહિતીમાંથી આ માહિતી મેળવવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર તથા કચ્છના જુદા જુદા જિલ્લામાં વર્ષ ૨૦૦૭માં આવેલી માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક શિક્ષકોની સંખ્યા સારણી ૩.૧માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી-૩.૧**

**વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ શિક્ષણ સહાયક શિક્ષકોની સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષણ સહાયક શિક્ષકો |
|---|---|---|
| ૧. | અમરેલી | ૨૨૬ |
| ૨. | ભાવનગર | ૩૦૮ |
| ૩. | જામનગર | ૧૫૪ |
| ૪. | જૂનાગઢ | ૩૫૮ |
| ૫. | કચ્છ | ૧૨૭ |
| ૬. | પોરબંદર | ૯૪ |
| ૭. | રાજકોટ | ૩૦૭ |
| ૮. | સુરેન્દ્રનગર | ૧૫૬ |
| | કુલ | ૧૭૩૦ |

સારણી ૩.૧માં દર્શાવેલ અનુસાર જૂનાગઢ જિલ્લામાં શિક્ષણ સહાયક શિક્ષકોની સંખ્યા સૌથી વધારે ૩૫૮ હતી. જયારે પોરબંદર જિલ્લામાં શિક્ષણ સહાયક શિક્ષકોની

સંખ્યા સૌથી ઓછી ૯૪ હતી.

શિક્ષણ સહાયક શિક્ષકોની વ્યાપવિશ્વમાં સંખ્યા આલેખ-૩.૧માં દર્શાવેલ હતી.

## ૩.૩ નમૂના પસંદગી

નમૂનો એટલે વ્યાપવિશ્વમાંથી પસંદ કરેલ પાત્રોનું જૂથ જે સમગ્ર વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ કરતું હોય.

યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો પસંદ કરવા માટે વ્યાપવિશ્વની સંપૂર્ણ માહિતી મેળવવામાં આવી. નમૂનાની પસંદગી એ ખૂબ જ અગત્યની બાબત છે. એ વ્યાપવિશ્વમાંથી કરવામાં આવે છે. ઓછી ભૂલને આદર્શ નમૂનાની પસંદગી કહી શકાય. તેની પસંદગી કોઈપણ પૂર્વગ્રહ વગર થયેલી હોવી જોઈએ. વ્યાપવિશ્વમાં ઘણા શિક્ષણ સહાયક શિક્ષકો એવા છે જેની નિમણૂંક તાજેતરમાં થઈ હોય. તેમને પણ નમૂનાના અભ્યાસ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. સારણી-૩.૧માં દર્શાવ્યા મુજબ કુલ-૧૭૩૦ શિક્ષણ સહાયક શિક્ષકોનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો. તેમાંથી આશરે ૩૦% (ટકા) શિક્ષણ સહાયકો શિક્ષકોને નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જેથી પ્રત્યેક જિલ્લા તથા સ્તરનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે. આ માટે સ્તરીકૃત ઝૂમખા પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

સારણી ૩.૨ શિક્ષણ સહાયક શિક્ષકોની સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાના વિસ્તારોમાંથી નમૂનાની પસંદગી બતાવી હતી.

**સારણી-૩.૨**

**નમૂનામાં સમાવિષ્ટ શિક્ષણ સહાયક શિક્ષકોની સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષણ સહાયક શિક્ષકો |
|---|---|---|
| ૧. | અમરેલી | ૭૭ |
| ૨. | ભાવનગર | ૯૨ |
| ૩. | જામનગર | ૬૭ |
| ૪. | જૂનાગઢ | ૮૭ |
| ૫. | કચ્છ | ૫૨ |
| ૬. | પોરબંદર | ૪૧ |

| | | |
|---|---|---|
| ૭. | રાજકોટ | ૯૪ |
| ૮. | સુરેન્દ્રનગર | ૭૮ |
| | **કુલ** | **૫૮૮** |

આલેખ ૩.૨માં નમૂનામાં સમાવિષ્ટ શિક્ષણ સહાયક શિક્ષકોની સંખ્યા દર્શાવેલ હતી.

## ૩.૪ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અભ્યાસના હેતુઓની પૂર્તિ અર્થે નમૂનાનાં પાત્રોની પાસેથી ચલો અંગેની માહિતી પ્રાપ્ત કરવાની હતી. નમૂનામાં સમાવિષ્ટ ૫૮૮ પાત્રોની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, સામાજિક વર્ગ, નોકરીનું સ્થળ, વિદ્યાશાખા, શાળાનો વિસ્તાર અને શાળાનો પ્રકારના સંદર્ભે માહિતી એકત્ર કરવાની હતી. આ માટે વિવિધ ઉપકરણો દ્વારા માહિતી એકત્ર કરવાની હતી. આ માહિતી પ્રાપ્ત કરવા માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**સર્વેક્ષણ પદ્ધતિ.** શૈક્ષણિક, સરકારી, ઔદ્યોગિક અને રાજકીય ક્ષેત્રનાં વ્યક્તિઓ પોતાની સમસ્યાના ઉકેલ માટે સર્વેક્ષણ હાથ ધરે છે. અહીં વર્તમાન પરિસ્થિતિની ઊંડી માહિતી મેળવી તેનું પૃથક્કરણ કરી વર્તમાન સ્થિતિ કેટલા અંશે યોગ્ય છે તેની ચકાસણી કરવામાં આવે છે. ભવિષ્યના આયોજનની દષ્ટિએ પણ વર્તમાન સ્થિતિનું સર્વેક્ષણ કરવામાં આવે છે. કેટલીક વાર આદર્શ સ્થિતિ અથવા પ્રમાણભૂત સ્થિતિની તુલનામાં વર્તમાન સ્થિતિ કેવી છે તે પણ તપાસવામાં આવે છે.

સર્વેક્ષણો વિશાળ પણ હોઈ શકે અને સીમિત પણ હોઈ શકે, કેટલીકવાર સમગ્ર વ્યાપવિશ્વનું સર્વેક્ષણ કરવામાં આવે છે. તો કેટલીકવાર તે માટે નિર્ધારિત નમૂનો પસંદ કરવામાં આવે છે. સર્વેક્ષણમાં અનેક ચલો સમાવી શકાય અથવા અમુક પસંદગીના ચલો અંગે તપાસ થાય, સર્વેક્ષણની માત્રા અને વ્યાપનો આધાર સમસ્યાના પ્રકાર પર રહે છે.

શૈક્ષણિક સર્વેક્ષણના જુદા જુદા પ્રકારો હોઈ શકે છે.

૧. શાળાકીય સર્વેક્ષણો

૨. વ્યવસાય પૃથક્કરણ

૩. દસ્તાવેજ સર્વેક્ષણ

૪. જનમત સર્વેક્ષણ

૫. સમાજ સર્વેક્ષણ

કેટલાક સર્વેક્ષણોમાં શિક્ષકો, નિરીક્ષકો, કેળવણી મંડળના સભ્યો, આચાર્યો વગેરે અંગે તપાસ થાયછે. આમા તેમની ઉંમર, જાતીયતા, શૈક્ષણિક લાયકાતો, સામાજિક–આર્થિક સ્થિતિ, આવક, સામાજિક સંબંધો વગેરેની માહિતી મેળવાય છે.

આ ઉપરાંત શિક્ષક ગણના માનવીય સંબંધો અને તેની શિક્ષણ પર થતી અસર અંગે પણ ઘણા સર્વેક્ષણો થાય છે. શિક્ષકોનું સમાજમાં સ્થાન તથા તેની અસરોનો પણ સમાવેશ થાય છે.

## ૩.૫ ઉપકરણોની પસંદગી

નમૂનાનાં પાત્રો પાસેથી વિવિધ ચલોની માહિતી એકત્ર કરવા માટે ઉપકરણોનો ઉપયોગ કરવો પડે છે. સંશોધનની સફળતાનો મુખ્ય આધાર યોગ્ય રીતે પસંદ કરેલાં ઉપકરણો ઉપર છે. એટલું જ નહીં પરંતુ પસંદ કરેલાં ઉપકરણો બનાવવા માટે રાખવામાં આવેલી ચોકસાઈ અને ખંત ઉપર પણ છે.

ઘણીવાર એક જ સંશોધન માટે એકથી વધુ ઉપકરણો ઉપયોગમાં લેવામાં આવે છે. સંશોધનની પદ્ધતિ અને તેના હેતુઓ લક્ષમાં રાખીને સંશોધનકારે ઉપકરણોની પસંદગી કરવાની રહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં નમૂનામાં સમાવિષ્ટ શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્ય સંતોષ અને માનસિક તણાવ અંગેની માહિતી મેળવવાની હતી.સિદ્ધિપ્રેરણા અંગેની માહિતી મેળવવા મીનાક્ષી ભટનાગરની "વ્યક્તિત્વ પરખ સંશોધનિકા"માંથી સિદ્ધિપ્રેરણાના વિધાનોનું કે. પી. મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ"નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નમૂનામાં સમાયેલ શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષ તથા માનસિક તણાવના માપન માટે સંશોધક દ્વારા પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી.

## ૩.૫.૧ સિદ્ધિ પ્રેરણા માપદંડ

સિદ્ધિ પ્રેરણા માપદંડ મીનાક્ષી ભટનાગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. અને તેનો ગુજરાતી અનુવાદ કે. પી. મેવા દ્વારા કરવામાં આવેલ છે. જેનો ઉપયોગ શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિ પ્રેરણા તરીકે પ્રસ્તુત અભ્યાસ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ માપદંડમાં સિદ્ધિપ્રેરણાના વિવિધ પાસાઓ અંગે કુલ અઢાર પાસાંઓની જોડીનો સમાવેશ કરેલ હતો. 'અ' ને 'બ' બે વિકલ્પનો પ્રત્યુત્તર તરીકે ઉપયોગ કરી શકાય છે. સોળ જોડી હકારાત્મક અને બે જોડી નકારાત્મક છે.

અહીં પ્રત્યુતર આપવા માટે સમયની કોઈ મર્યાદા નથી. શિક્ષણ સહાયક શિક્ષકોને માહિતી અને પ્રત્યુત્તર આપવા માટે આશરે ૩૦ મિનિટનો સમય લાગ્યો હતો.

અધ્યેતાઓએ આપેલા પ્રતિચારના આધારે ગુણાંકન કરવા માટે પ્રત્યેક સાચા પ્રતિચાર માટે એક ગુણ આપવામાં આવે છે. આમ, કુલ અઢાર વિધાનોની જોડ પૈકી કુલ અઢાર ગુણ મળવાની શકયતા હતી.

સિદ્ધિપ્રેરણા માપદંડની વિશ્વસનીયતા શોધવા માટે અર્ધ વિચ્છેદન પદ્ધતિનો ઉપયોગ કરેલ. માપદંડમાં લેવાયેલ અઢાર કલમોને બે સરખા ભાગમાં વહેંચવામાં આવી હતી. એટલે કે દરેક ભાગમાં કુલ નવ કલમો હતી. જે વિભાજન મૂળ કસોટી મુજબ હતુ. સિદ્ધિપ્રેરણા માપદંડ ભરનાર કુલ પાત્રોમાંથી ૧૦૦ પાત્રો આકસ્મિક રીતે પસંદ કર્યા હતા. આ પાત્રોના બન્ને ભાગ પરના પ્રાપ્તાંકો વચ્ચેના સહસંબંધ સ્પીયરમેન બ્રાઉન સુત્રની મદદથી શોધવામાં આવ્યો હતો. જે ૦.૩૨ હતો. આ સહસંબંધાંક પરથી રૂલોનના સૂત્રનો ઉપયોગ કરી આખી કસોટીનો વિશ્વસનીયતા આંક શોધવામાં આવ્યો હતો. જેનું મૂલ્ય ૦.૬૨ આવ્યું. આમ, કસોટીની વિશ્વસનીયતા ૦.૬૨ છે. પ્રમાણિત થયેલ મૂળ સિદ્ધિપ્રેરણા સંશોધિનીની પ્રમાણભૂતતા ઈન્ટર, બી.એ./બી.એસસી. તથા એમ.એ./એમ.એસસી.ના ત્રણ જૂથો પર અલગ-અલગ નક્કી કરવામાં આવી હતી. તેમાં પ્રમાણભૂતતા નક્કી કરવા માટે આર.પી.ભટનાગરે હિન્દીમાં અનુવાદ કરેલ. "એડવર્ડઝ પર્સનલ પ્રેફરન્સ" શીડયુલ માપદંડ તરીકે લેવામાં આવેલ હતો. મૂળ સિદ્ધિપ્રેરણા

સંશોધિની અને ભટનાગરની હિન્દી એડવર્ડઝ પર્સનલ શીડયુલ સાથેની ઈન્ટર, સ્નાતક અને અનુસ્નાતક જૂથોના સહસંબંધાંક અનુક્રમે ૦.૭૦, ૦.૬૬ અને ૦.૬૨ હતા.

આ ઉપકરણ અન્ય ઉપકરણનું માત્ર ગુજરાતી રૂપાંતર જ હોવાથી તેની પ્રમાણભૂતતા શોધવાનું જરૂરી ન જણાતા પ્રસ્તુત ઉપકરણની પ્રમાણભૂતતા શોધવામાં આવી નથી.

## ૩.૬ કાર્યસંતોષ માપદંડની રચના

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષને પરતંત્ર ચલ તરીકે સ્વીકારેલ હતો. શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ માપી શકાય તેવું ઉપકરણ પ્રાપ્ય ન હતું. આથી સંશોધકે કાર્યસંતોષ માપદંડની રચના કરવાનું નક્કી કર્યુ હતું. કાર્યસંતોષ માપદંડની રચનાની વિવિધ પદ્ધતિઓ પૈકી લિકર્ટ-પદ્ધતિનો અત્રે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૩.૬.૧ ઉપકરણના પ્રાથમિક સ્વરૂપની રચના વિધાનોની રચના.

કાર્યસંતોષ સંબંધિત વિધાનો રચવા માટે વિવિધ પ્રકારના સ્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી જેમાં,

- જે તે શાળામાં કાર્યરત શિક્ષણ સહાયક શિક્ષકો.
- માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો
- બી.એડ્. અને એમ.એડ્.ના તાલીમાર્થીઓ
- માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના નિવૃત્ત શિક્ષકો.
- શિક્ષણ કાર્ય કરતા અનુભવી શિક્ષકો
- વિવિધ સંદર્ભ પુસ્તકો

કાર્યસંતોષ માટે પ્રશ્નોત્તરીની રચના નીચેનાં પાંચ પરિબળોને આધારે થાય છે.

- કાર્યમાં પોતાની જાતનો સમાવેશ
- કાર્યસંતોષ

- કાર્યના પ્રોત્સાહકો
- કાર્ય વિશ્વાસ
- વર્તમાન કાર્યની પરિસ્થિતિ

જેમાં ધનાત્મક અને ઋણાત્મક હોય તેવાં વિધાનો પસંદ કરવામાં આવ્યા હતા. તટસ્થ વિધાનોને આમાંથી દૂર કરવામાં આવ્યા હતા. કાર્યસંતોષ માટેની પ્રશ્નાવલિના પ્રારંભિક તબક્કે બત્રીસ પ્રશ્નોનો સમાવેશ કરેલ હતો. (જેની નકલ પરિશિષ્ટ-૧માં સામેલ છે.) આ વિધાનો તજ્જ્ઞોને  મોકલવામાં આવ્યા હતા. સંબંધિત નિષ્ણાંતોના પ્રત્યુત્તર માટે દરેક વિધાનના નીચેના ભાગમાં પૂરતી જગ્યા આપવામાં આવેલ હતી.

**૩.૬.૨ કાર્યસંતોષની પ્રાથમિક પ્રશ્નાવલિનું પરીક્ષણ**. દરેક ઉપકરણ બનાવતા પહેલા તેની પ્રાથમિક કસોટી કરવાની હોય છે. આ પરીક્ષણનાં પ્રત્યુત્તરો કે જે શિક્ષકો દ્વારા, અલગ-અલગ સ્રોતના વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓ એ આપેલા હોય છે. સંશોધકે આવેલા પ્રત્યુત્તરોને આધારે કેટલાંક ચોક્કસ ફેરફારો કર્યા હતા.

કાર્યસંતોષ માટે તૈયાર કરેલી આ પ્રશ્નાવલિને તજ્જ્ઞોને મોકલવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ, બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલશ્રી, પ્રાધ્યાપકો ઉપરાંત શિક્ષણક્ષેત્રના તજ્જ્ઞોને કાર્યસંતોષની પ્રશ્નાવલિનું પ્રાથમિક સ્વરૂપ મોકલવામાં આવ્યું હતું. સાથે આ પ્રશ્નાવલિ માટે તેમના તજ્જ્ઞીય અભિપ્રાય મંગાવવામાં આવ્યા હતા. દરેક વિભાગમાં જરૂરી સૂચનો અથવા યોગ્ય પ્રશ્નો માટે જગ્યા રાખવામાં આવી હતી. કાર્ય સંતોષની પ્રશ્નાવલિને રચનાની દષ્ટિએ તપાસવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. કોઈ વિધાનો બાકી રહી જતા હોય તો તે દર્શાવવા માટે વિનંતી કરવામાં આવી હતી. સાથે પ્રયોજકના સરનામાવાળું ટિકિટ સહિતનું કવર પણ મૂકવામાં આવ્યું હતું. કુલ ૩૨ તજ્જ્ઞોને પ્રશ્નાવલિ મોકલી આપવામાં આવી હતી. તેમાંથી ૨૨ તજ્જ્ઞોના જવાબો પ્રાપ્ત થયા હતા. (તજ્જ્ઞોનું લીસ્ટ પરિશિષ્ટ-૨ માં સામેલ છે.) તજ્જ્ઞોના સુચનો મુજબ અમુક વિધાનો રદ કર્યા હતા અને અમુક વિધાનોની પુનઃરચના કરવામાં આવી

હતી. આમ, પ્રાથમિક સ્વરૂપના કાર્યસંતોષની પ્રશ્નાવલિની રચના કરવામાં આવી હતી. (જે પરિશિષ્ટ–૩ માં સામેલ છે.)

**૩.૬.૩ કાર્યસંતોષની પ્રશ્નાવલિના પ્રાથમિક સ્વરૂપની અજમાયશ.** આ રીતે તૈયાર થયેલ કાર્યસંતોષની પ્રશ્નાવલિની પ્રાથમિક સ્વરૂપની અજમાયશ કરવામાં આવી હતી. પ્રાથમિક સ્વરૂપની અજમાયશ માટેના હેતુઓ આ મુજબ હતા : (૧) પ્રત્યેક વિધાનનો આંતર સહસંબંધાંક ચકાસવો. (૨) કાર્યસંતોષની પ્રશ્નાવલિમાં આપેલી સૂચનાઓ સમજવામાં શિક્ષકોને પડતી મુશ્કેલીઓ જાણવી. (૩) કાર્યસંતોષની પ્રશ્નાવલિ ભરતી વખતે શિક્ષકોને નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો. (૪) સમયનો અંદાજિત ખ્યાલ મેળવવો.

પ્રાથમિક સ્વરૂપની અજમાયશ માટે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાની માધ્યમિક શાળાના કુલ ૧૦૦ શિક્ષણ સહાયક શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. પ્રાથમિક અજમાયશ માટેના નમૂનાનાં પાત્રોની વિગત જિલ્લાને ધ્યાનમાં રાખી સારણી–૩.૩માં દર્શાવવામાં આવી છે.

**સારણી–૩.૩**

**કાર્યસંતોષની પ્રશ્નાવલિના પ્રારંભિક સ્વરૂપની અજમાયશ માટેના નમૂનાનાં પાત્રોની વિગત**

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમરેલી | ૨૧ |
| ૨. | ભાવનગર | ૧૦ |
| ૩. | જામનગર | ૦૭ |
| ૪. | જુનાગઢ | ૧૪ |
| ૫. | કચ્છ | ૦૬ |
| ૬. | પોરબંદર | ૦૭ |
| ૭. | રાજકોટ | ૨૫ |
| ૮. | સુરેન્દ્રનગર | ૧૦ |

**કુલ** **૧૦૦**

સારણી-૩.૩નાં જિલ્લા અનુસાર નમૂનામાં કુલ-૧૦૦ શિક્ષણ સહાયક શિક્ષકોનો સમાવેશ થયો હતો. જે પૈકી સૌથી વધુ શિક્ષકો રાજકોટ જિલ્લાના હતા. જયારે સૌથી ઓછા શિક્ષણ સહાયક શિક્ષકો કચ્છ જિલ્લામાંથી પસંદ થયા હતા.

### ૩.૬.૪ કાર્યસંતોષના માપદંડના અંતિમ સ્વરૂપની રચના.

કાર્યસંતોષની પ્રશ્નાવલિની પ્રાથમિક અજમાયશ દ્વારા મળેલ માહિતીનું ગુણાંકન કરવામાં આવ્યું હતું. પરિબળ ગુણાકાર પદ્ધતિથી શિક્ષણ સહાયક શિક્ષકોના કુલ ગુણ અને પ્રત્યેક વિધાન પરનાં ગુણ વચ્ચે સહસંબંધાંક શોધવામાં આવ્યો તથા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી પરિણામની વિગત સારણી-૩.૪માં દર્શાવવામાં આવી છે.

**સારણી-૩.૪**

**કાર્યસંતોષની પ્રશ્નાવલિના કુલ ગુણ અને વિધાન ગુણ વચ્ચેનો સહસંબંધાંકો**

| ક્રમ | સહસંબંધાક | સાર્થકતા |
|---|---|---|
| ૧. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૨. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૩. | ૦.૧૪ | સાર્થક નથી |
| ૪. | ૦.૬૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૬. | ૦.૧૭ | સાર્થક નથી |
| ૭. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૮. | ૦.૧૬ | સાર્થક નથી |
| ૯. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૧૦. | ૦.૪૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૧. | ૦.૫૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૨. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૩. | ૦.૫૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૪. | ૦.૪૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

| | | |
|---|---|---|
| ૧૫. | ૦.૬૫ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૧૬. | ૦.૭૧ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૧૭. | ૦.૧૬ | સાર્થક નથી |
| ૧૮. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૧૯. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૨૦. | ૦.૧૫ | સાર્થક નથી |
| ૨૧. | ૦.૬૯ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૨. | ૦.૬૦ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૩. | ૦.૪૮ | 0.0૧ કક્ષાએ સાર્થક |

**સારણી-૩.૪... પાછળ**

**સારણી-૩.૪** ..ચાલુ..

| **ક્રમ** | **સહસંબંધાક** | **સાર્થકતા** |
|---|---|---|
| ૨૪. | ૦.૫૨ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૫. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૨૬. | ૦.૪૨ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૭. | ૦.૪૫ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૮. | ૦.૫૩ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૨૯. | ૦.૪૮ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૩૦. | ૦.૬૨ | 0.0૧ કક્ષાએ સાર્થક |
| ૩૧. | ૦.૧૫ | સાર્થક નથી |
| ૩૨. | ૦.૬૩ | 0.0૧ કક્ષાએ સાર્થક |

સારણી-૩.૪નું અવલોકન દર્શાવે છે કે વિધાન ક્રમાંક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૫ અને ૩૧ના કુલ પ્રાપ્તાંકો સાથેના સહસંબંધાંકો અનુક્રમે ૦.૨૧, ૦.૧૮, ૦.૧૪, ૦.૧૯, ૦.૧૭, ૦.૧૮, ૦.૧૬, ૦.૨૦, ૦.૧૬, ૦.૧૮, ૦.૨૧, ૦.૧૫, ૦.૧૯ અને ૦.૧૫ હતા. જે સાર્થક ન હતા. આથી આ ચૌદ વિધાનો કાર્યસતોષ માપદંડમા સ્વીકારવામાં આવ્યા નહીં, આમ શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષ માપવા

માટે કાર્યસંતોષ માપદંડમાં કુલ ૧૮ વિધાનો સ્વીકારવામાં આવ્યા હતાં. જેમાં ૧૧ ધન વિધાનો અને ૭ ઋણ વિધાનો હતા. (જે પરિશિષ્ટ-૪માં સામેલ છે.) (કાર્યસંતોષની અંતિમ પ્રશ્નાવલિ)

**૩.૬.૫ કાર્યસંતોષ માપદંડની વિશ્વસનીયતા.** કાર્યસંતોષ માપદંડના અંતીમ સ્વરૂપની રચના કર્યા બાદ તેની વિશ્વસનીયતા નક્કી કરવામાં આવી હતી. કસોટીની વિશ્વસનીયતા એટલે કસોટી વિવિધ પ્રસંગે એક સરખુ જ પરિણામ આપશે તે ચકાસી જોવું. જો ઉપકરણ વિશ્વસનીય હોય તો વિવિધ સમયે, વિવિધ પ્રસંગે વિવિધ પરિસ્થિતિમાં વ્યકિત દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોમાં સાતત્ય હોય કોઈ પણ ઉપકરણ પર વ્યકિતએ મેળવેલા પ્રાપ્તાંક એ તેના સાચા પ્રાપ્તાંક અને માપન ભૂલનો સરવાળો છે.

વિશ્વસનીયતાંક નક્કી કરવા માટેની વિવિધ રીતો પૈકી કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા પદ્ધતિ દ્વારા પ્રસ્તુત કાર્યસંતોષ માપદંડનો વિશ્વસનીયતાંક નક્કી કરવામાં આવ્યો હતો.

**કાર્યસંતોષ માપદંડના અંતિમ સ્વરૂપ પુનઃકસોટી વિશ્વસનીયતા.** કાર્યસંતોષ માપદંડના અંતિમ સ્વરૂપને ઉપયોગમાં લેતા પહેલા કસોટી પુનઃકસોટી વડે તેની વિશ્વસનીયતા ચકાસવામાં આવી હતી. તે માટે રાજકોટ શહેરની ખાનગી ગ્રાન્ટેડ શાળ ાના શિક્ષણ સહાયક શિક્ષકો પર કાર્યસંતોષની પ્રશ્નાવલિનું સંચાલન કરવામાં આવ્યું હતું. એક વખત કાર્યસંતોષની પ્રશ્નાવલિ દ્વારા પ્રાપ્તાંકો મેળવ્યા બાદ એક મહિના પછી તે જ પાત્રોમાંથી ૨૫ (પચ્ચીસ) પાત્રોને ફરીથી કાર્યસંતોષ પ્રશ્નાવલિ માપદંડનું અંતિમ સ્વરૂપ ભરવા માટે આપ્યું હતું. ઉત્તરપત્ર તપાસીને કાર્યસંતોષની પ્રશ્નાવલિ પરના કુલ પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતાં. આ પાત્રોએ પ્રથમ વખત મેળવેલ પ્રાપ્તાંક અને ફરીથી મેળવેલ પ્રાપ્તાંક વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો હતો. જેની કિંમત ૦.૯૧ આવી હતી ૦.૦૧ કક્ષાએ સાર્થક હતી. તેથી કહી શકાય છે કે કાર્યસંતોષની પ્રશ્નાવલિનું અંતિમ સ્વરૂપ આ અભ્યાસના નમૂના માટે વિશ્વસનીય હતું.

**૩.૬.૬ કાર્યસંતોષ માપદંડની યથાર્થતા.** કોઈપણ મનોવૈજ્ઞાનિક ઉપકરણનું મહત્વ તેની યથાર્થતા છે. ઉપકરણ પાસે રખાતી અપેક્ષાઓ તે કેટલે અંશે

પરિપૂર્ણ કરે છે તેનું માપ યથાર્થતા ઉપરથી મળે છે. યથાર્થતા ચકાસવા માટે સામાન્ય રીતે બાહ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રશ્નાવલિને આધારે કસોટીની મૂલવણી થાય છે.

પ્રયોજકે તૈયાર કરેલ પ્રશ્નાવલિની યથાર્થતા પ્રસ્થાપિત કરવા માટે માધ્યમિક શાળાના આચાર્યના અભિપ્રાયો લેવામાં આવ્યા હતાં. અભ્યાસના નમૂનામાં સમાવિષ્ટ શાળાઓ પૈકી એક સરકારી તથા એક બિનસરકારી માધ્યમિક શાળાને યથાર્થતા ચકાસવા માટે પસંદ કરવામાં આવી હતી. આ બન્ને શાળાના નમૂનામાં પસંદગી પામેલા પચ્ચીસ શિક્ષકોના નામની યાદી બન્ને શાળાની અલગ અલગ તૈયાર કરવામાં આવી હતી અને તે યાદી જે તે આચાર્યને આપવામાં આવી ત્યારબાદ આચાર્યના અભિપ્રાય માટે પંદર પ્રશ્નોની એક પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. આચાર્યશ્રીએ જે તે શિક્ષક માટે આપેલ અભિપ્રાયોનું ગુણાંકન કરવામાં આવ્યું. શિક્ષણ સહાયક શિક્ષકના કાર્યસંતોષની પ્રશ્નાવલિ પરના પ્રાપ્તાંક અને અભિપ્રાયવલિમાં આચાર્યશ્રીએ આપેલા અભિપ્રાયના પ્રાપ્તાંક વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો. પ્રમાણભૂતતા સહસંબંધાંક ૦.૬૮ મળી આવ્યો. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતો. આથી કહી શકાય કે પ્રસ્તુત કાર્યસંતોષની પ્રશ્નાવલિ શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષ માપતી હતી. અર્થાત્ ઉપકરણની યથાર્થતા પ્રસ્થાપિત થયેલ હતી.

## ૩.૭ માનસિક તણાવ માપદંડની રચના

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવને પરતંત્રચલ તરીકે સ્વીકારેલો હતો. માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવ માપી શકાય તેવું ઉપકરણ પ્રાપ્ત ન હતું. આથી સંશોધકે માનસિક તણાવ માપદંડની રચના કરવાનું નક્કી કર્યુ હતું. માનસિક તણાવ માપદંડની રચનાની પદ્ધતિઓ પૈકી લિકર્ટ પદ્ધતિનો અત્રે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ૩.૭.૧ ઉપકરણના પ્રાથમિક સ્વરૂપની રચના

**વિધાનોનું એકત્રિકરણ.** માનસિક તણાવ સંબંધિત વિધાનો રચવા માટે વિવિધ પ્રકારના સ્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી જેમાં,

- શિક્ષણશાસ્ત્રભવનના પ્રાધ્યાપકો
- મનોવિજ્ઞાનભવનના પ્રાધ્યાપકો
- વિવિધ પ્રકારના સંચાલનની અને વિસ્તારની શાળાઓના આચાર્યશ્રીઓ
- માધ્યમિક શાળાઓના નિવૃત્ત શિક્ષકો તેમજ આચાર્યશ્રીઓ
- પ્રાથમિક શાળા અને કોલેજમાં કાર્યરત આચાર્યશ્રીઓ
- શિક્ષણકાર્ય કરતા અનુભવી શિક્ષકો તેમજ
- સંદર્ભ ગ્રંથોનો સમાવેશ થાય છે.

જેમાં ધનાત્મક અને ઋણાત્મક હોય તેવાં વિધાનો પસંદ કરવામાં આવ્યા હતા. તટસ્થ વિધાનો આમાંથી દૂર કરવામાં આવ્યા હતાં. માનસિક તણાવ માપદંડના પ્રાથમિક સ્વરૂપમાં કુલ પાંચ વિભાગો હતા. (૧) માનસિક સ્વાસ્થ્ય તણાવ, (૨) આર્થિક તણાવ, (૩) શાળા વ્યવસ્થાપન તણાવ, (૪) સામાજિક અને કૌટુંબિક તણાવ અને (૫) શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ. આ પાંચ વિભાગોમાં કુલ ધનાત્મક અને ઋણાત્મક ૧૦૬ વિધાનોનો સમાવેશ થતો હતો. આ વિધાનોની સામે સહમત હોય તો હા અને અસહમત હોય તો ના લખવા ચોરસ ખાના મૂકયા હતા. (જેની નકલ પરિશિષ્ટ–૫માં સામેલ છે.) આ વિધાનો તજ્જ્ઞોને મોકલવામાં આવ્યા હતા. સંબંધિત નિષ્ણાંતોના પ્રત્યુત્તર માટે દરેક વિધાનના નીચેના ભાગમાં પૂરતી જગ્યા આપવામાં આવેલ હતી.

**૩.૭.૨ માનસિક તણાવની પ્રાથમિક પ્રશ્નાવલિનું પરીક્ષણ.** દરેક ઉપકરણ બનાવતા પહેલા તેની પ્રાથમિક કસોટી કરવાની હોય છે. આ પરીક્ષણના પ્રત્યુત્તરો કે જે શિક્ષકો દ્વારા, અલગ–અલગ સ્રોતના વ્યકિતઓ અને વિદ્યાર્થીઓએ આપેલા હોય છે. સંશોધકે આપેલા પ્રત્યુત્તરોને આધારે કેટલાંક ચોક્કસ ફેરફારો કર્યા હતા.

માનસિક તણાવ માટે તૈયાર કરેલી આ પ્રશ્નાવલિને તજ્જ્ઞોને મોકલવામાં આવી હતી. જેમાં યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ, પ્રાધ્યાપકો, બી.એડ્. કોલેજના પ્રિન્સિપાલશ્રી, પ્રાધ્યાપકો ઉપરાંત શિક્ષણક્ષેત્રના તજ્જ્ઞોને માનસિક તણાવ માપદંડનું પ્રાથમિક સ્વરૂપ મોકલવામાં આવ્યું હતું. સાથે આ માનસિક તણાવ માપદંડ તેમના તજ્જ્ઞીય અભિપ્રાય માંગવામાં આવ્યા હતા તથા માનસિક તણાવ માપદંડને રચનાની દષ્ટિએ તપાસવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક

તણાવ દર્શાવવા કોઈ વિધાનો બાકી રહી જતા હોય તો તે દર્શાવવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી. સાથે પ્રયોજકના સરનામાવાળું ટિકિટ સહિતનું કવર પણ મૂકવામાં આવ્યું હતું. (તજ્જ્ઞોનું લીસ્ટ – પરિશિષ્ટ-૬માં સામેલ છે.) જેમાંથી ૨૦ તજ્જ્ઞોના જવાબ આવ્યા હતા. બાકીના તજ્જ્ઞોને ફરી પત્ર દ્વારા વિનંતી કરતા બીજા ૦૨ તજ્જ્ઞોના જવાબો પ્રાપ્ત થતાં હતાં. તેમણે આપેલા સૂચનો આપેલા સુચનો આ પ્રમાણે છે.

માનસિક તણાવ માટેની પ્રારંભિક પ્રશ્નાવલિના કુલ પાંચ વિભાગો આ મુજબ હતા.

(૧) માનસિક સ્વાસ્થ્ય તણાવ (૨) મનોધૈર્ય તણાવ, (૩) શાળા વ્યવસ્થાપન તણાવ, (૪) સામાજિક / કૌટુંબિક તણાવ અને (૫) વિવિધ પ્રવૃત્તિ તણાવ.

તેમાં ચાર તજ્જ્ઞોના સુચનો ધ્યાને લઈ ફેરફાર કર્યો હતો જે આ મુજબ છે. (૧) માનસિક સ્વાસ્થ્ય તણાવ (૨) આર્થિક તણાવ, (૩) શાળા વ્યવસ્થાપન તણાવ, (૪) સામાજિક અને કૌટુંબિક તણાવ અને (૫) શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.

વિભાગ-૧માં કલમ ૨, ૫, ૬, ૮, ૧૫, ૧૬, ૧૮, ૧૯ અને ૨૦ને તજ્જ્ઞોના સુચન મુજબ રદ કરી હતી. જયારે અમુક કલમો અન્ય વિભાગમાં સમાવવામાં આવી હતી.

વિભાગ-૨માં કલમ ૧૫, ૧૬, ૧૮, ૧૯ અને ૨૦ને તજ્જ્ઞોના સુચન મુજબ રદ કરી હતી. જયારે અમુક કલમો અન્ય વિભાગમાં સમાવવામાં આવી હતી.

વિભાગ-૩માં કલમ ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૬ના તજ્જ્ઞોના સુચન મુજબ ભાષાકીય ભુલો સુધારી હતી. જયારે અમુક કલમો અન્ય વિભાગમાં સમાવવામાં આવી હતી.

વિભાગ-૪માં કલમ ૫, ૮, ૧૦, ૧૪, ૧૫, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૭ અને ૨૯ને તજ્જ્ઞોના સુચન મુજબ રદ કરી હતી. જયારે અમુક કલમો અન્ય વિભાગમાં સમાવવામાં આવી હતી.

વિભાગ-૫માં કલમ ૧૧ને તજ્જ્ઞોના સુચન મુજબ રદ કરી હતી. જયારે બે કલમોની પુનઃરચના કરવામાં આવી હતી. (જે પરિશિષ્ટ-૭માં સામેલ છે.)

**૩.૭.૩ માનસિક તણાવના માપદંડની પ્રાથમિક સ્વરૂપની અજમાયશ.** આ રીતે તૈયાર થયેલા માનસિક તણાવ માપદંડની પ્રાથમિક અજમાયશ કરવામાં આવી હતી. પ્રાથમિક અજમાયશ માટેના હેતુઓ આ મુજબ હતાં.

(૧) પ્રતીક વિધાનનો આંતર સહસંબંધાંક ચકાસવો.

(૨) માનસિક તણાવ માપદંડમાં આપેલી સૂચનાઓ સમજવામાં શિક્ષણ સહાયક શિક્ષકોને પડતી મુશ્કેલીઓ જાણવી.

(૩) માનસિક તણાવ માપદંડ ભરતી વખતે શિક્ષણ સહાયક શિક્ષકોને નડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

(૪) સમયનો અંદાજિત ખ્યાલ મેળવવો.

પ્રાથમિક સ્વરૂપની અજમાયશ માટે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાની માધ્યમિક શાળાના કુલ ૧૦૦ શિક્ષણ સહાયક શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક અજમાયશ માટેના નમૂનાનાં પાત્રોની વિગત જિલ્લાને ધ્યાનમાં રાખી સારણી–૩.૫માં દર્શાવવામાં આવી છે.

**સારણી–૩.૫**

**માનસિક તણાવની પ્રશ્નાવલિના પ્રારંભિક અજમાયશ માટેના નમૂનાના પાત્રોની વિગત**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષકોની સંખ્યા** |
|---|---|---|
| ૧. | અમરેલી | ૨૧ |
| ૨. | ભાવનગર | ૧૦ |
| ૩. | જામનગર | ૦૭ |
| ૪. | જુનાગઢ | ૧૪ |
| ૫. | કચ્છ | ૦૬ |

| | | |
|---|---|---|
| ૬. | પોરબંદર | ૦૭ |
| ૭. | રાજકોટ | ૨૫ |
| ૮. | સુરેન્દ્રનગર | ૧૦ |
| | **કુલ** | **૧૦૦** |

સારણી–૩.૫ના જિલ્લા અનુસાર નમૂનામાં કુલ–૧૦૦ શિક્ષણ સહાયક શિક્ષકોનો સમાવેશ થયો હતો. જે પૈકી સૌથી વધુ શિક્ષકો રાજકોટ જિલ્લાના હતા. જયારે સૌથી ઓછા શિક્ષણ સહાયક શિક્ષકો કચ્છ જિલ્લામાંથી પસંદ થયા હતા.

**૩.૭.૪ માનસિક તણાવ માપદંડના અંતિમ સ્વરૂપની રચના.** માનસિક તણાવ માપદંડની પ્રાથમિક અજમાયશ દ્વારા મળેલ માહિતીનું ગુણાંકન કરવામાં આવ્યું હતુ પરિબળ ગુણાકાર પદ્ધતિથી શિક્ષણ સહાયક શિક્ષકોના કુલ ગુણ અને પ્રત્યેક વિધાનોમાં પ્રાપ્ય ગુણ વચ્ચ સહસંબંધાંક શોધવામાં આવ્યો તથા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી. પરિણામની વિગત સારણી–૩.૬માં દર્શાવવામાં આવી.

**સારણી–૩.૬**

**માનસિક તણાવ માપદંડના કુલ ગુણ અને**
**વિધાનગુણ વચ્ચેના સહસંબંધાંકો**

| **વિધાન** | **સહસંબંધાંક** | **સાર્થકતા** |
|---|---|---|
| ૧. | ૦.૩૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨. | ૦.૫૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩. | ૦.૧૭ | સાર્થક નથી |
| ૪. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૫. | ૦.૧૫ | સાર્થક નથી |
| ૬. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૭. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૮. | ૦.૧૬ | સાર્થક નથી |

| | | |
|---|---|---|
| ૯. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૧૦. | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૧. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૧૨. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૩. | ૦.૬૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૪. | ૦.૭૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૫. | ૦.૬૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૬. | ૦.૫૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૭. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૧૮. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૧૯. | ૦.૬૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

**સારણી–૩.૬... પાછળ**

**સારણી–૩.૬ ..ચાલુ..**

| **ક્રમ** | **સહસંબંધાક** | **સાર્થકતા** |
|---|---|---|
| ૨૦. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૨૧. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૨૨. | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૩. | ૦.૫૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૪. | ૦.૭૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૫. | ૦.૭૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૬. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૭. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૨૮. | ૦.૪૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૨૯. | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

| | | |
|---|---|---|
| ૩૦. | ૦.૬૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૧. | ૦.૫૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૨. | ૦.૪૪ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૩. | ૦.૧૭ | સાર્થક નથી |
| ૩૪. | ૦.૭૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૫. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૬. | ૦.૩૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૭. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૩૮. | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૩૯. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૪૦. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૪૧. | ૦.૩૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૨. | ૦.૨૦ | સાર્થક નથી |

**સારણી–૩.૬... પાછળ**

**સારણી–૩.૬ ..ચાલુ..**

| ક્રમ | સહસંબંધાક | સાર્થકતા |
|---|---|---|
| ૪૩. | ૦.૫૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૪. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૫. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૪૬. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૪૭. | ૦.૧૬ | સાર્થક નથી |
| ૪૮. | ૦.૩૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૪૯. | ૦.૫૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૦. | ૦.૬૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૧. | ૦.૭૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૨. | ૦.૨૦ | સાર્થક નથી |

| | | |
|---|---|---|
| ૫૩. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૫૪. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૫૫. | ૦.૬૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૬. | ૦.૬૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૭. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૫૮. | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૫૯. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૬૦. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૬૧. | ૦.૫૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૬૨. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૬૩. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૬૪. | ૦.૫૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૬૫. | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

**સારણી–૩.૬... પાછળ**

**સારણી–૩.૬ ..ચાલુ..**

| **ક્રમ** | **સહસંબંધાક** | **સાર્થકતા** |
|---|---|---|
| ૬૬. | ૦.૬૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૬૭. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૬૮. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૬૯. | ૦.૬૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૦. | ૦.૫૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૧. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૨. | ૦.૪૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૩. | ૦.૪૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૪. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૭૫. | ૦.૨૦ | સાર્થક નથી |

| | | |
|---|---|---|
| ૭૬. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૭૭. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૭૮. | ૦.૫૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૭૯. | ૦.૪૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૦. | ૦.૫૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૧. | ૦.૨૧ | સાર્થક નથી |
| ૮૨. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૮૩. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૮૪. | ૦.૫૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૫. | ૦.૬૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૬. | ૦.૬૨ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૭. | ૦.૧૯ | સાર્થક નથી |
| ૮૮. | ૦.૬૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૮૯. | ૦.૫૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |

**સારણી–૩.૬... પાછળ**

**સારણી–૩.૬ ..ચાલુ..**

| **ક્રમ** | **સહસંબંધાક** | **સાર્થકતા** |
|---|---|---|
| ૯૦. | ૦.૭૦ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૯૧. | ૦.૫૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૯૨. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૯૩. | ૦.૨૩ | સાર્થક નથી |
| ૯૪. | ૦.૫૬ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૯૫. | ૦.૨૦ | સાર્થક નથી |
| ૯૬. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૯૭. | ૦.૫૩ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૯૮. | ૦.૨૧ | સાર્થક નથી |

| | | |
|---|---|---|
| ૯૯. | ૦.૧૮ | સાર્થક નથી |
| ૧૦૦. | ૦.૫૮ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦૧. | ૦.૬૧ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦૨. | ૦.૪૯ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦૩. | ૦.૨૨ | સાર્થક નથી |
| ૧૦૪. | ૦.૫૭ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦૫. | ૦.૪૫ | ૦.૦૧ કક્ષાએ સાર્થક |
| ૧૦૬. | ૦.૧૯ | સાર્થક નથી |

સારણી–૩.૬નું અવલોકન દર્શાવે છે કે વિધાન ક્રમાંક ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૭, ૩૩, ૩૭, ૩૯, ૪૦, ૪૨, ૪૫, ૪૬, ૪૭, ૫૨, ૫૩, ૫૪, ૫૭, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૬૭, ૬૮, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૮૧, ૮૨, ૮૩, ૮૭, ૯૨, ૯૩, ૯૫, ૯૬, ૯૮, ૯૯, ૧૦૩ અને ૧૦૬ના કુલ પ્રાપ્તાંકો સાથેના સહસંબંધાંકો અનુક્રમે ૦.૧૭, ૦.૨૧, ૦.૧૫, ૦.૧૮, ૦.૨૨, ૦.૧૬, ૦.૨૦, ૦.૨૧, ૦.૨૨, ૦.૨૦, ૦.૧૯, ૦.૨૨, ૦.૨૧, ૦.૧૭, ૦.૧૯, ૦.૨૦, ૦.૧૯, ૦.૨૦, ૦.૧૮, ૦.૧૯, ૦.૧૬, ૦.૨૦, ૦.૨૧, ૦.૧૮, ૦.૧૮, ૦.૧૮, ૦.૨૦, ૦.૨૦, ૦.૨૨, ૦.૧૮, ૦.૧૯, ૦.૧૮, ૦.૨૦, ૦.૧૮, ૦.૨૧, ૦.૨૧, ૦.૨૨, ૦.૨૦, ૦.૧૯, ૦.૨૨, ૦.૨૩, ૦.૨૦, ૦.૧૮, ૦.૨૧, ૦.૧૮, ૦.૨૨ અને ૦.૧૯ હતા જે સાર્થક ન હતા આથી આ સુડતાલીસ વિધાનો માનસિક તણાવ માપદંડમાં સ્વીકારવામાં આવ્યા નહી. આમ, શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવ માપવા માટેના માનસિક તણાવ માપદંડમાં કુલ ૫૯ વિધાનો સ્વીકારવામાં આવ્યા હતા. (જે પરિશિષ્ટ– ૮માં છે.)

**૩.૭.૫ માનસિક તણાવ માપદંડની વિશ્વસનીયતા.** ઉપકરણની રચના કર્યા બાદ તેની વિશ્વસનીયતા નક્કી કરવામાં આવી હતી. કસોટીની વિશ્વસનીયતા એટલે કસોટી વિવિધ પ્રસંગે એક સરખુ જ પરિણામ આપશે તે ચકાસી જોવું. જો ઉપકરણ વિશ્વસનીય હોય તો વિવિધ સમયે, વિવિધ પ્રસંગે, વિવિધ પરિસ્થિતિમાં વ્યકિત દ્વારા મેળવેલ પ્રાપ્તાંકોમાં સાતત્ય હોય, કોઈપણ ઉપકરણ પર વ્યકિતએ મેળવેલા પ્રાપ્તાંક એ તેના સાચા પ્રાપ્તાંક અને માપન ભૂલનો સરવાળો છે.

વિશ્વસનીયતાંક નક્કી કરવા માટેની વિવિધ રીતો પૈકી કસોટી – પુનઃકસોટી વિશ્વસનીયતા પદ્ધતિ દ્વારા પ્રસ્તુત માનસિક તણાવ માપદંડનો વિશ્વસનીયતાંક નક્કી કરવામાં આવ્યો હતો.

**કસોટી–પુનઃકસોટી વિશ્વસનીયતા.** માનસિક તણાવ માપદંડને ઉપયોગમાં લેતા પહેલા કસોટી પુનઃકસોટી વડે તેની વિશ્વસનીયતા ચકાસવામાં આવી હતી. તે માટે રાજકોટ શહેરની સરકારી, બિનસરકારી શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો પર માનસિક તણાવ માપદંડનું સંચાલન કરવામાં આવ્યુ હતું. એક વખત માનસિક તણાવ માપદંડ દ્વારા પ્રાપ્તાંક મેળવ્યા બાદ એક મહિના પછી તે જ પાત્રોમાંથી પચ્ચીસ પાત્રોને ફરીથી માનસિક તણાવ માપદંડ ભરવા માટે આપ્યો હતો. ઉત્તરપત્ર તપાસીને માનસિક તણાવ માપદંડના કુલ પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. આ પાત્રોએ પ્રથમ વખત મેળ વેલ પ્રાપ્તાંક અને ફરીથી મેળવેલ પ્રાપ્તાંક વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો હતો. જેની કિંમત ૦.૭૨ આવી હતી. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતી. તેથી કહી શકાય કે અંતિમ માનસિક તણાવ માપદંડ આ અભ્યાસના નમુના માટે વિશ્વસનીયત હતો.

**૩.૭.૬ માનસિક તણાવ માપદંડની યથાર્થતા.** કોઈપણ મનોવૈજ્ઞાનિક કસોટી માટે મહત્વની વાત તેની યથાર્થતા છે. કસોટી પાસે રખાતી અપેક્ષાઓ તે કેટલે અંશે પરિપૂર્ણ કરે છે તેનું માપ યથાર્થતા ઉપરથી મળે છે. યથાર્થતા ચકાસવા માટે સામાન્ય રીતે બાહ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. માપદંડને આધારે કસોટીની મુલવણી થાય છે.

પ્રયોજકે તૈયાર કરેલ પ્રશ્નાવલિની યથાર્થતા પ્રસ્થાપિત કરવા માટે માધ્યમિક શાળાના આચાર્યના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. અભ્યાસના નમૂનામાં સમાવિષ્ટ શાળાઓ પૈકી એક સરકારી તથા એક બિન સરકારી માધ્યમિક શાળાને યથાર્થતા ચકાસવા માટે પસંદ કરવામાં આવ હતી. આ બન્ને શાળાના નમૂનામાં પસંદગી પામેલા પચ્ચીસ શિક્ષકોના નામની યાદી બન્ને શાળાની અલગ અલગ તૈયાર કરવામાં આવી હતી અને તે યાદી જે તે આચાર્યને આપવામાં આવી ત્યારબાદ આચાર્યનો અભિપ્રાય માટે પંદર પ્રશ્નોની એક પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. આચાર્યશ્રીએ જે તે શિક્ષક માટે આપેલ અભિપ્રાયનું ગુણાંકન કરવામાં આવ્યું. શિક્ષણ સહાયક શિક્ષકના

માનસિક તણાવની પ્રશ્નાવલિ પરના પ્રાપ્તાંક અને અભિપ્રાયવલિમાં આચાર્યશ્રીએ આપેલા અભિપ્રાયના પ્રાપ્તાંક વચ્ચે પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવામાં આવ્યો. પ્રમાણભૂતતા સહસંબંધાંક ૦.૬૯ મળી આવ્યો. જે 0.01 કક્ષાએ સાર્થક હતો. આથી કહી શકાય કે પ્રસ્તુત માનસિક તણાવની પ્રશ્નાવલિ શિક્ષણ સહાયક શિક્ષકોનો માનસિક તણાવ માપતી હતી. અર્થાત્ ઉપકરણની યથાર્થતા પ્રસ્થાપિત થયેલ હતી.

## ૩.૮ માહિતીનું એકત્રિકરણ

અભ્યાસના હેતુઓની પૂર્તિ અર્થે અને ઉત્કલ્પનાઓની ચકાસણી અર્થે નમૂનાના પાત્રો પાસેથી વિવિધ ઉપકરણો દ્વારા માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું હતું.

માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ સંબંધિત માહિતીનું એકત્રિકરણ માટે તથા અભ્યાસ હેઠળના દસ ચલો સંબંધિત માહિતી માટે માનસિક તણાવ માપદંડના પ્રથમ પાના ઉપર સૂચિ ભરવા વિશે સમજૂતિ તથા વ્યકિતગત માહિતી માંગવામાં આવી હતી. કાર્યસંતોષ માપદંડ અને સિદ્ધિપ્રેરણા માપદંડમાં સૂચનાઓ ઉપરથી તેમને આ ઉપકરણમાં પોતાના પ્રતિચારો આપવાના હતા. એકપણ ઉપકરણમાં સમયમર્યાદા નહતી તેમજ ઉપકરણ ભરવા માટેનો ક્રમ પણ નક્કી ન હતો. નમૂનામાં પસંદ થયેલી શાળાઓ પૈકી રાજકોટ શહેરની તથા ગ્રામ્યની શાળાઓમાં રૂબરૂ જઈ જરૂરી સૂચનાઓ અને સમજૂતિ આપી શિક્ષણ સહાયક શિક્ષકોને ત્રણેય ઉપકરણો સાથે આપી યોગ્ય પ્રતિચાર મેળવવામાં આવ્યો હતો. નમૂનાના અન્ય જિલ્લામાં દરેક જિલ્લા દીઠ એક એક શિક્ષણ સહાયક શિક્ષક પ્રતિનિધિ દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આ શિક્ષણ સહાયક શિક્ષક પ્રતિનિધિ દરેક શાળ ાઓમાં રૂબરૂ જઈ જરૂરી સૂચનાઓ આપ્યા બાદ શિક્ષકોના પ્રતિચારો મેળવતા હતા. આ રીતે કુલ ૮૦૦ પાત્રોને આ ઉપકરણો આપવામાં આવ્યા હતા. જેમાંથી પૂર્ણ રીતે ભરાઈને આવેલાં ઉપકરણોની સંખ્યા ૫૮૮ હતી. આથી કહી શકાય કે આશરે ૭૪% પાત્રોએ સહકાર આપ્યો હતો. કેટલાક શિક્ષણ સહાયક શિક્ષકોએ માહિતી આપવાની ના પાડી. જયારે કેટલાંક ઉપકરણો અધૂરા ભરેલા પાછા આવ્યા હતા. આ રીતે માહિતીનું એકત્રિકરણ કરવામાં આવ્યું હતું.

## ૩.૯ ગુણાંકન યોજના

પૃથક્કરણમાં ઉપયોગમાં લેવાયેલા પાત્રોના સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ ઉપકરણ પરં મળેલા પ્રતિચારોનું ગુણાંકન જે તે ઉપકરણના સૂચનાપત્રમાં આપેલ ગુણાંકન ચાવી વડે કરવામાં આવ્યુ હતું.

**સિદ્ધિપ્રેરણા માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ.** પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. "તમારા માટે શું યોગ્ય લાગે છે ?" કસોટી પર શિક્ષણ સહાયક શિક્ષકોએ આપેલ પ્રતિચારોના આધારે કસોટીની માર્ગદર્શિકા તથા કસોટીમાં આપેલા કોષ્ટકની મદદથી પ્રાપ્તાંક મેળવવામાં આવ્યા હતા. પ્રત્યેક વિધેયાત્મક પ્રતિચાર માટે એક ગુણ અને નિષેધાત્મક પ્રતિચાર માટે શૂન્ય ગુણ આપવામાં આવ્યા હતાં. આ કસોટીમાં કુલ અઢાર વિધાનોની જોડ હતી. (જે પરિશિષ્ટ-૯માં સામેલ છે.) જેમા પ્રત્યેક સાચા ઉત્તર માટે એક ગુણ મળી કુલ અઢાર ગુણ મળવાની શકયતા હતી.

**કાર્યસંતોષ માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ.** કાર્યસંતોષ માપદંડમાં અઢાર પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દરેક પ્રશ્નની સામે 'હા' કે 'ના' એવા બે ખાના આપેલ હતા. શિક્ષણ સહાયક શિક્ષકે તેમાં ખરાની (✓) નિશાની મૂકવાની છે. હકારાત્મક પ્રશ્ન સામે 'હા'ના ખાનામાં ખરાની (✓) નિશાની નો ૧ ગુણ અને 'ના' ના ખાનામાં ખરાની (✓) નિશાનીનો ૦ ગુણ હતો. જયારે નકારાત્મક પ્રશ્ન સામેના 'હા' ખાનામાં ખરાની (✓) નિશાનીનો ૦ ગુણ અને 'ના' ખાનામાં ખરાની (✓) નિશાનીનો ૧ ગુણ આપવામાં આવ્યા હતા. પ્રયોજકે કાર્યસંતોષ માપદંડના ગુણાંકન માટે ચાવી તૈયાર કરીને ગુણાંકન નક્કી કરવામાં આવ્યું હતું. આ રીતે કુલ ગુણથી શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષનું માપન કર્યુ હતું.

**માનસિક તણાવ માપદંડ પરના પ્રતિચારોની ગુણાંકન પ્રવિધિ.** માનસિક તણાવ માપદંડમાં કુલ પાંચ વિભાગો કરવામાં આવ્યા હતા. તેમાં કુલ ૫૯ પ્રશ્નો આપ્યા હતા. દરેક પ્રશ્નની સામે ચોરસ ખાના આપવામાં આવ્યા હતા. પ્રતિચાર આપનાર શિક્ષણ સહાયક શિક્ષકે આ ચોરસ ખાનામાં પ્રશ્નમાં સહમત હોય તેમાં હા અથવા

અસહમત હોય તો ના લખવાનું હતું.

મૂલ્યાંકન કરતી વખતે પ્રતિચાર આપનાર શિક્ષણ સહાયક શિક્ષકે નકારાત્મક પ્રશ્ન સામે 'હા' (✓) નિશાની હોય તો તેનો એક પ્રાપ્તાંક અને 'ના' (×) નિશાનીનો શૂન્ય પ્રાપ્તાંક આપવામાં આવ્યો હતો. જયારે હકારાત્મક પ્રશ્ન સામે 'હા' (✓) નિશાની હોય તો તેનો શૂન્ય પ્રાપ્તાંક અને 'ના' (×) નિશાનનો એક પ્રાપ્તાંક આપવામાં આવ્યો હતો. પ્રયોજકે માનસિક તણાવ માપદંડના ગુણાંકન માટે ચાવી તૈયાર કરીને ગુણાંકન નક્કી કરવામાં આવ્યુ હતું. આ રીતે કુલ ગુણથી શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવનું માપન થયુ હતું.

## ૩.૧૦ માહિતીના પૃથક્કરણની આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓ

માધ્યમિક શાળાના શિક્ષણસહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણવાને જુદા જુદા દસ ચલોના સંદર્ભે ચકાસવાના હતા. આ માટે કુલ ૭૦ ઉત્કલ્પનાઓ ચકાસવાની હતી. પ્રાપ્ત માહિતીના વિશ્લેષણ માટે જુદી-જુદી ત્રણ આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રાપ્ત થયેલ માહિતી કોમ્પ્યૂટર વડે SPSS કાર્યક્રમની મદદથી પૃથક્કરણ કરવામાં આવેલ હતી.

**૩.૧૦.૧ ટી-કસોટી.** ટી-કસોટી એ બે જૂથોની સરાસરી વચ્ચેનો તફાવત સાર્થક હોવા માટે તફાવત કેટલો હોવો જરૂરી છે તે નક્કી કરવા માટે વપરાય છે. બે જૂથોની સરાસરીઓ સાર્થક રીતે જુદી નથી એટલે કે બન્નેની સરાસરીઓ એટલી સમાન છે કે બન્ને જૂથો સમાન વ્યાપવિશ્વમાંથી પસંદ થયા છે. અર્થાત્

$Ho:\mu_1=\mu_2$ (જયાં $\mu_1$ અને $\mu_2$ એ બે વ્યાપવિશ્વની કાલ્પનિક સરાસરીઓ છે.) આ ઉત્કલ્પનાને ચકાસવા માટે ટી-કસોટી ઉપયોગમાં લેવામા આવેલ હતી, ટી-કસોટીની પૂર્વધારણા આ પ્રમાણે હતી.

૧. નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલ હોવો જોઈએ.

૨. એકત્ર કરેલ માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલી હોવી જોઈએ.

૩. માપ હેઠળ ચલ લક્ષણ વ્યાપવિશ્વમાં સમધારિત રીતે વિસ્તરેલું હોવું જોઈએ.

જયાં ટીનું મૂલ્ય ૧.૯૬ કે તેથી વધુ આવ્યુ ત્યાં શૂન્ય ઉત્કલ્પનાઓનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. એટલે શૂન્ય ઉત્કલ્પના $HO{:}\mu_1{=}\mu_2$ છે. તેનો સ્વીકાર કરવામાં આવતો નથી. એટલે કે $HO{:}\mu_1{=}\mu_2$ એટલે બન્ને જૂથોની સરાસરીમાં દેખાતો તફાવત આકસ્મિક તકો પર છે. તેમ સ્વીકારાયું હતું. જયાં ટી નું મૂલ્ય ૧.૯૬થી ઓછુ આવ્યુ હતું. ત્યાં શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર થતો નથી તેમ સ્વીકારાયું હતું. અભ્યાસના આ વિભાગમાં સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ તથા માનસિક તણાવને બે જૂથમાં વહેંચવામાં આવ્યા હતા. દરેક જૂથની સરાસરી અને પ્રમાણવિચલન શોધવામાં આવ્યા હતા. જૂથોની સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ તથા માનસિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-કસોટી વડે ચકાસવામાં આવી હતી.

**૩.૧૦.૨ એફ-કસોટી.** એક જ સ્વતંત્ર ચલના આધારે પાડેલા બેથી વધુ જૂથોના પરતંત્ર ચલ પરની સરાસરીઓમાં સાર્થક તફાવત છે કે કેમ તે ચકાસવા માટે 'એફ' મૂલ્ય ઉપયોગમાં લેવાય છે. જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતો સાર્થક હોવા માટે જૂથોની સરાસરી વિચરણ અને નમૂનાના કુલ વિચરણ વચ્ચે કેટલો મોટો તફાવત હોવો જરૂરી છે તે નક્કી કરવા માટે આ પ્રયુક્તિ ઉપયોગમાં લેવાય છે. ત્રણ કે વધુ જૂથોની સરાસરીઓ વચ્ચેના તફાવતો સાર્થક નથી. એટલે કે જૂથોની સરાસરીઓ એટલી સમાન છે કે તમામ જૂથો સમાન વ્યાપવિશ્વમાંથી લીધેલ છે. અર્થાત્ $HO : \mu_1 = \mu_2 = \mu_3 = \ldots\ldots\ldots\ldots = \mu n$ ને શૂન્ય ઉત્કલ્પના ચકાસવા માટે 'એફ' ગુણોત્તર ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. વિચરણ વિશ્લેષણનો ઉપયોગ કરવા માટે મહત્વની પૂર્વધારણા એ છે કે

૧. નમૂનો આકસ્મિક રીતે પસંદ થયેલ હોવો જોઈએ.

૨. એકત્ર કરેલી માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલ હોવી જોઈએ.

૩. માપન હેઠળનું ચલ સમધારીત રીતે વિસ્તરેલું હોવું જોઈએ.

૪. જેમની તુલાના કરવામાં આવી હોય તે જૂથો સ્વતંત્ર હોવા જોઈએ.

૫. સંશોધન હેઠળના પેટા જૂથો સમાન ચલિતતા ધરાવતા હોવા જોઈએ.

એટલે કે જેમની તુલના થતી હોય તે જૂથો ચલિતતાની બાબતમાં લગભગ સમાન હોવા જોઈએ.

જયાં 'એફ' મૂલ્ય સાર્થક જણાયુ હતુ ત્યાં બબ્બે જૂથોની સરાસરીઓ વચ્ચેના

તફાવતોની સાર્થકતા ચકાસવા માટે ટી–મૂલ્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૦.૦૫ કક્ષાએ તથા ૦.૦૧ કક્ષાએ તફાવતો સાર્થક હોવા માટે તફાવતનું લઘુત્તમ મૂલ્ય કેટલું હોવું જોઈએ તે નક્કી કરી પ્રત્યેક કિસ્સામાં કુલ તફાવતો પૈકી કેટલા તફાવતો કઈ કક્ષાએ સાર્થક છે તે નક્કી કરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક લાયકાતના ત્રણ જૂથ, વિદ્યાશાખાના ત્રણ જૂથ અને શાળાના વિસ્તારના ત્રણ જૂથોને સિદ્ધિપ્રેરણા, કાર્યસંતોષ તથા માનસિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા એફ–મૂલ્ય વડે ચકાસવામાં આવી હતી.

**૩.૧૦.૩ પિયર્સનનો સહસંબંધાંક**. જયારે પાત્રોની સંખ્યા ઘણી વધારે હોય ત્યારે બન્ને ચલ રાશિના પ્રાપ્તાંકોને સંયુકત સહસંબંધ સારણીમાં ગોઠવવામાં આવે છે.

$$r = \frac{\dfrac{\Sigma x'y' - Cxy}{N}}{\sigma_x - \sigma_y}$$

સૂત્ર વડે સહસંબંધાંક શોધવામાં આવે છે.

r ની કિંમત –૧ થી +૧ ની વચ્ચે જ હોય છે. આ માપનું અર્થઘટન તથા સાર્થકતાની કક્ષા સારણી પરથી નક્કી કરવામાં આવે છે.

પિયર્સનના સહસંબંધાંકને પરિબળ ગુણાકાર પણ કહેવામાં આવે છે. પરિબળ ગુણાકાર પદ્ધતિથી સહસંબંધાંક શોધવા માટેની પૂર્વધારણાઓ આ પ્રમાણે હતી.

૧. નમૂનો યદચ્છ હોવો જોઈએ.

૨. ચલો સમધારણ વિસ્તરિત હોવા જોઈએ.

૩. બન્ને ચલો અંગેની માહિતી અંતરાલ માપ પદ્ધતિમાં રજૂ થયેલી હોવી જોઈએ.

૪. બન્ને ચલ રાશિ વચ્ચેનો સંબંધ રૈખિક હોવો જોઈએ.

# પ્રકરણ–૪
# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

# પ્રકરણ-૪
# માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન

## ૪.૧ પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રકરણમાં નમૂનાના પાત્રો પાસેથી મેળવેલ માહિતીનું પૃથક્કરણ નીચેના ત્રણ વિભાગોમાં ક્રમશઃ કરવામાં આવ્યું.

(૧) શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર અન્ય ચલોની અસર તપાસવા માટેના પૃથક્કરણો.

(૨) શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર અન્ય ચલોની અસર તપાસવા માટેના પૃથક્કરણો.

(૩) શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવ પર અન્ય ચલોની અસર તપાસવા માટેના પૃથક્કરણો.

શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર અન્ય ચલોની અસર તપાસવા માટે કે. પી. મેવા દ્વારા અનુવાદિત "સિદ્ધિપ્રેરણા માપદંડ"નો ઉપયોગ કર્યો હતો. જ્યારે શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર અન્ય ચલોની અસર તપાસવા માટે પ્રયોજકે બનાવેલ કાર્યસંતોષ માપદંડનો ઉપયોગ કર્યો હતો. તથા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક તણાવ પર અન્ય ચલોની અસર તપાસવા માટે પ્રયોજકે બનાવેલ માનસિક તણાવ માપદંડનો ઉપયોગ કર્યો હતો.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતાં.

(૧) જાતીયતા

(૨) શૈક્ષણિક લાયકાત

(૩) ઉંમર

(૪) વૈવાહિક દરજ્જો

(૫) કુટુંબનો પ્રકાર

(૬) સામાજિક વર્ગ

(૭) નોકરીનું સ્થળ

(૮) વિદ્યાશાખા

(૯) શાળાનો વિસ્તાર

(૧૦) શાળાનો પ્રકાર

દરેક સ્વતંત્ર ચલની પરતંત્ર ચલો, સિદ્ધિ પ્રેરણા, કાર્યસંતોષ અને માનસિક તણાવ પરની અસર તપાસવામાં આવી હતી. આ માટે કુલ ૭૦ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી.

પ્રસ્તુત પ્રકરણમાં દરેક સ્વતંત્ર ચલની પરતંત્ર ચલ પરની અસરનું પૃથક્કરણ ક્રમશઃ રજૂ કરવામાં આવ્યુ છે. ઉત્કલ્પનાની ચકાસણી માટે એફ-મૂલ્ય તથા ટી-મૂલ્યનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત ગણતરીઓ કમ્પ્યૂટરની સહાયથી કરવામાં આવી હતી.

## ૪.૨ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમની સિદ્ધિપ્રેરણા

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણામાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાનાં પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોની સિદ્ધિપ્રેરણા પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૨.૧ જાતીયતા અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુઢષ શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય." રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો

એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૧**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૧૨.૧૪૬૩ | ૨.૫૯૬૦ | ૪.૩૯૫** | ૦.૦૦૦ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૧૧.૦૮૪૯ | ૨.૬૩૭૭ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૧નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૨.૧૪૬૩ અને ૧૧.૦૮૪૯ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૪.૩૯૫ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧ ''માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુઢષ શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો સિદ્ધિપ્રેરણાની બાબતમાં ભિન્ન હતા.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પૈકી સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ૧૨.૧૪૬૩ હતો. જયારે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોની

સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ૧૧.૦૮૪૯ હતો. એટલે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોનો સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉંચી છે.

**૪.૨.૨ શૈક્ષણિક લાયકાત અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૨માં દર્શાવેલ છે.

સારણી-૪.૨ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સિદ્ધિપ્રેરણા પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા

પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી – ૪.૨**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની**

**સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૧૧.૨૩ | ૨.૫૪ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૧૧.૩૬ | ૨.૬૭ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૧૧.૬૮ | ૨.૯૧ |

**સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૧૩.૫૬૦ | ૨ | ૬.૭૮૦ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૪૧૬૧.૧૦૭ | ૫૮૫ | ૭.૧૧૩ | ૦.૯૫૩ | ૦.૩૮૬ |
| ૩. | કુલ | ૪૧૭૪.૬૬૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૨નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૧.૨૩, ૧૧.૩૬ અને ૧૧.૬૮ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૯૫૩ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના

સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૩ ઉંમર અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૧૧.૪૪૦૭ | ૨.૮૦૯૦ | ૦.૫૦૧ | ૦.૬૧૭ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૧૧.૩૨૧૮ | ૨.૫૪૨૮ | | |

સારણી-૪.૩નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૧.૪૪૦૭ અને

૧૧.૩૨૧૮ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૫૦૧ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩ ''ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૪ વૈવાહિક દરજ્જો અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪ ''માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી,

પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪**

| ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જૂથ** | **સંખ્યા** | **સિદ્ધિપ્રેરણાની સરાસરી** | **પ્રમાણ-વિચલન** | **ટી-મૂલ્ય** | **સાર્થકતા કક્ષા** |
| ૧. | પરિણીત | ૪૫૭ | ૧૧.૩૫૫૯ | ૨.૫૫૯૧ | ૦.૪૨૭ | ૦.૬૬૯ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૧૧.૪૬૯૨ | ૩.૦૨૪૯ | | |

સારણી-૪.૪નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૧.૩૫૫૯ અને ૧૧.૪૬૯૨ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૪૨૭ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪ ''માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પરિણીત અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે .

**૪.૨.૫ કુટુંબનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫ ''માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૫માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૫**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૧૧.૨૬૭૪ | ૨.૭૨ | -૧.૧૭૬ | ૦.૨૪૦ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૧૧.૫૨૪૪ | ૨.૫૯ | | |

સારણી-૪.૫નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૧.૨૬૭૪ અને ૧૧.૫૨૪૪ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૧૭૬ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૬ સામાજિક વર્ગ અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પછાત વર્ગ

જૂથ-૨ : બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૬**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૧૧.૩૬૭૦ | ૨.૫૮૮૩ | -૦.૧૧૫ | ૦.૯૦૮ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૧૧.૩૯૨૫ | ૨.૭૩૪૪ | | |

સારણી-૪.૬નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૧.૩૬૭૦ અને ૧૧.૩૯૨૫ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૦.૧૧૫ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો

અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૭ નોકરીનું સ્થળ અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય." રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૭**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૧૧.૪૫૩૧ | ૨.૫૫૧૮ | ૦.૭૧૭ | ૦.૪૭૪ |
| ૨. | અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૧૧.૨૯૪૮ | ૨.૮૦૦૩ | | |

સારણી-૪.૭નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ

અનુક્રમે ૧૧.૪૫૩૧ અને ૧૧.૨૯૪૮ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૧૭ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય." નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૮ વિદ્યાશાખા અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય." રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ

કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૮માં દર્શાવેલ છે.

સારણી-૪.૮ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉત્તરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી - ૪.૮**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની**

**સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૧૧.૪૪ | ૨.૭૩ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૧૦.૮૦ | ૨.૭૯ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૧૧.૫૩ | ૨.૩૭ |

**સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૨૯.૯૯૫ | ૨ | ૧૪.૯૯૮ | ૨.૧૧૭ | ૦.૧૨૧ |
| ૨. | જૂથ અંતર્ગત | ૪૧૪૪.૬૭૨ | ૫૮૫ | ૭.૦૮૫ | | |
| ૩. | કુલ | ૪૧૭૪.૬૬૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૮નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૧.૪૪, ૧૦.૮૦ અને ૧૧.૫૩ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૧૧૭ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય."નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૯ શાળાનો વિસ્તાર અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી
૨. જૂથ-૨ : અર્ધશહેરી
૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સિદ્ધિપ્રેરણા પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી – ૪.૯**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૧૧.૪૫ | ૨.૯૫ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૧૧.૫૨ | ૨.૩૨ |
| ૩. | ગ્રામ્ય | ૨૯૪ | ૧૧.૨૭ | ૨.૬૭ |

**સિદ્ધિપ્રેરણા પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના | સ્વાતંત્ર્ય | સરાસરી | એફ- | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|

| | | સરવાળા | સંખ્યા | વર્ગોના સરવાળા | મૂલ્ય | |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૬.૯૩૭ | ૨ | ૩.૪૬૮ | ૦.૪૮૭ | ૦.૬૧૫ |
| ૨. | જૂથ અંતર્ગત | ૪૧૬૭.૭૩૦ | ૫૮૫ | ૭.૧૨૪ | | |
| ૩. | કુલ | ૪૧૭૪.૬૬૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૯નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાની સરાસરી અનુક્રમે ૧૧.૪૫, ૧૧.૫૨ અને ૧૧.૨૭ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૪૮૭ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સમાન છે.

**૪.૨.૧૦ શાળાનો પ્રકાર અને સિદ્ધિપ્રેરણા.** શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૦માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૦**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સિદ્ધિપ્રેરણાની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૧૦.૯૮૦૧ | ૨.૮૬૧૬ | -૨.૫૬૫** | ૦.૦૧૧ |
| ૨. | બિન સરકારી માધ્યમિક શાળામાં | ૩૯૫ | ૧૧.૫૭૯૭ | ૨.૫૫૨૧ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૧૦નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીઓ અનુક્રમે ૧૦.૯૮૦૧ અને ૧૧.૫૭૯૭ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૫૬૫ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૦ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની સિદ્ધિપ્રેરણાની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ૧૦.૯૮૦૧ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ૧૧.૫૭૯૭ હતો એટલે સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોનો સિદ્ધિપ્રેરણાનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણા ઉંચી છે.

## ૪.૩ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેના કાર્યસંતોષ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોના કાર્યસંતોષનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોના કાર્યસંતોષ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૩.૧ જાતીયતા અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર

તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની કાર્યસંતોષની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૧માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૧૧**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૧૨.૩૪૧૫ | ૩.૨૬૦૫ | ૨.૦૪૩* | ૦.૦૪૧ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૧૧.૭૩૫૮ | ૩.૨૦૯૨ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૧૧નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૨.૩૪૧૫ અને ૧૧.૭૩૫૮ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૨.૦૪૩ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત

નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકો કાર્યસંતોષની બાબતમાં ભિન્ન હતા.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પૈકી સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષનો સરેરાશાંક ૧૨.૩૪૧૫ હતો. જ્યારે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષનો સરેરાશાંક ૧૧.૭૩૫૮ હતો. એટલે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતાં સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ ઉંચા છે.

**૪.૩.૨ શૈક્ષણિક લાયકાત અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૧૨માં દર્શાવેલ છે.

સારણી-૪.૨ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા કાર્યસંતોષ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી – ૪.૧૨**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૧૨.૦૪ | ૩.૩૧ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૧૧.૮૬ | ૩.૦૯ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૧૧.૯૨ | ૩.૯૨ |

**કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૩.૨૦૪ | ૨ | ૧.૬૦૨ | ૦.૧૫૩ | ૦.૮૫૮ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૧૨૯.૪૬૨ | ૫૮૫ | ૧૦.૪૭૮ | | |
| ૩. | કુલ | ૬૧૩૨.૬૬૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૧૨નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા

ત્રણ જૂથોની કાર્યસંતોષની સરાસરી અનુક્રમે ૧૨.૦૪, ૧૧.૮૬ અને ૧૧.૯૨ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૧૫૩ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૧૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સમાન છે.

**૪.૩.૩ ઉંમર અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૩ ''ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૩માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૩**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષ | પ્રમાણ- | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|

| | | | ની સરાસરી | વિચલન | | કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૧૧.૭૦૩૭ | ૩.૩૮૮૩ | -૧.૩૯૧ | ૦.૧૬૫ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૧૨.૦૯૪૬ | ૩.૦૭૪૬ | | |

સારણી-૪.૧૩નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૧.૭૦૩૭ અને ૧૨.૦૯૪૬ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૩૯૧ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સમાન છે.

**૪.૩.૪ વૈવાહિક દરજ્જો અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૪માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૪**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૧૧.૯૧૯૨ | ૩.૧૬૫૦ | ૦.૨૦૩ | ૦.૮૩૯ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૧૧.૮૫૩૮ | ૩.૪૭૧૧ | | |

સારણી-૪.૧૪નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૧.૯૧૯૨ અને ૧૧.૮૫૩૮ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૨૦૩ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પરિણીત અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સમાન છે.

**૪.૩.૫ કુટુંબનો પ્રકાર અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ

૫૨ તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૫માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૫**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષ ની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૧૧.૯૦૬૨ | ૩.૧૯૮૮ | ૦.૦૩૦ | ૦.૯૭૬ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૧૧.૯૦૨૪ | ૩.૩૦૧૧ | | |

સારણી-૪.૧૫નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૧.૯૦૬૨ અને ૧૧.૯૦૨૪ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૦૩૦ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક

તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના કાર્યસંતોષ સમાન છે .

**૪.૩.૬ સામાજિક વર્ગ અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પછાત વર્ગ

જૂથ-૨ : બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૬માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૬**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષ ની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૧૧.૮૨૦૨ | ૩.૨૮૪૪ | -૦.૫૭૮ | ૦.૫૬૩ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૧૧.૯૭૫૧ | ૩.૧૯૧૭ | | |

સારણી-૪.૧૬નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૧.૮૨૦૨ અને ૧૧.૯૭૫૧ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના કાર્યસંતોષની

સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૦.૫૭૮ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના કાર્યસંતોષ સમાન છે.

**૪.૩.૭ નોકરીનું સ્થળ અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૧૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૧૭**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૧૨.૨૫૩૧ | ૨.૯૭૩૫ | ૨.૮૭૩** | ૦.૦૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૨. અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૧૧.૪૮૮૮ | ૩.૪૭૬૫ |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૧૭નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૨.૨૫૩૧ અને ૧૧.૪૮૮૮ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૨.૮૭૩ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૧૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત, પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષકોનો કાર્યસંતોષની બાબતમાં ભિન્ન હતા.

ઉંમરના આધારે પાડેલા બે જૂથો પૈકી પોતાના જિલ્લામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષનો સરેરાશાંક ૧૨.૨૫૩૧ હતો. જયારે અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષનો સરેરાશાંક ૧૧.૪૮૮૮ હતો. એટલે અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતાં પોતાના જિલ્લામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે અન્યજિલ્લામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા પોતાના જિલ્લામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ ઉંચા છે.

**૪.૩.૮ વિદ્યાશાખા અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ

સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૧૮માં દર્શાવેલ છે.

સારણી-૪.૧૮ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા કાર્યસંતોષ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉત્તરાર્ધમાં નમૂનાનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી - ૪.૧૮**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૧૨.૦૭ | ૩.૧૫ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૧૧.૩૯ | ૩.૩૮ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૧૧.૭૨ | ૩.૩૭ |

**કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૩૪.૮૭૩ | ૨ | ૧૭.૪૩૬ | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. | જૂથ અંતર્ગત | ૬૦૯૭.૭૯૪ | ૫૮૫ | ૧૦.૨૨૪ | ૧.૬૭૩ | ૦.૧૮૯ |
| ૩. | કુલ | ૬૧૩૨.૬૬૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૧૮નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના કાર્યસંતોષની સરાસરી અનુક્રમે ૧૨.૦૭, ૧૧.૩૯ અને ૧૧.૭૨ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૬૭૩ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૧૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષ સમાન છે.

**૪.૩.૯ શાળાનો વિસ્તાર અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૧૯ " શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૧૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૧૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા કાર્યસંતોષ

પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી – ૪.૧૯**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૧૨.૨૦ | ૨.૮૮ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૧૨.૨૮ | ૩.૩૯ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૧૧.૫૫ | ૩.૩૧ |

**કાર્યસંતોષ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૭૧.૨૧૫ | ૨ | ૩૫.૬૦૭ | ૩.૪૩૭* | ૦.૦૩ |
| ૨. | જૂથ અંતર્ગત | ૬૦૬૧.૪૫૨ | ૫૮૫ | ૧૦.૩૬૧ | | |
| ૩. | કુલ | ૬૧૩૨.૬૬૭ | ૫૮૭ | | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૧૯નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની કાર્યસંતોષની સરાસરી અનુક્રમે ૧૨.૨૦, ૧૨.૨૮ અને ૧૧.૫૫ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૩.૪૩૭ હતુ જે સાર્થક હતું.

આથી ઉત્કલ્પના-૧૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ

માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષની બાબતમાં ભિન્ન હતા. એટલે કે શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પરસ્પર જુદા પડે છે.

વિસ્તારના આધારે પાડેલા ત્રણ જુદા પૈકી બે-બે જૂથોની જોડ કઈ જોડના બે જૂથો કાર્યસંતોષની બાબતમાં સાર્થક રીતે ભિન્ન છે તે ચકાસવા L.S.D. કસોટી કરવામાં આવી. આ ગણતરીના પરિણામો સારણી-૪.૨૦માં દર્શાવેલ છે.

**સારણી-૪.૨૦**

**શિક્ષણ સહાયક શિક્ષકોના વિસ્તાર અનુસાર જૂથોના**
**કાર્યસંતોષમાં તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | શહેરી | અર્ધશહેરી | ગ્રામ્ય |
|---|---|---|---|---|
| ૧. | શહેરી (૧૨.૨૦) | - | ૦.૦૮ | ૦.૬૫* |
| ૨. | અર્ધશહેરી (૧૨.૨૮) | - | - | ૦.૭૩* |
| ૩. | ગ્રામ્ય (૧૧.૫૫) | - | - | - |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૨૦નું અવલોકન દર્શાવે છે કે શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તાર અનુસાર ત્રણ જૂથો પૈકી બબ્બે જૂથોના પાત્રોના સરેરાશાંકો વચ્ચેના ત્રણ તફાવતો પૈકી બે તફાવતો સાર્થક હતા. શહેરી વિસ્તારના પાત્રોનો કાર્યસંતોષ સરેરાશાંક(૧૨.૨૦), ગ્રામ્ય વિસ્તારનાં પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંક (૧૧.૫૫) કરતા સાર્થક રીતે ઉંચો હતો. તેમજ અર્ધશહેરી વિસ્તારના પાત્રોનો કાર્યસંતોષ સરેરાશાંક (૧૨.૨૮) ગ્રામ્ય વિસ્તારના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંક (૧૧.૫૫) કરતા સાર્થક રીતે ઉંચો હતો. આથી કહી શકાય કે શહેરી વિસ્તારના અને અર્ધશહેરી વિસ્તારના શિક્ષણ સહાયક શિક્ષકો ગ્રામ્ય વિસ્તારના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા કાર્યસંતોષની બાબતમાં ચડિયાતા છે.

**૪.૩.૧૦ શાળાનો પ્રકાર અને કાર્યસંતોષ.** શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૦ "સરકારી

અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૨૧માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૨૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | કાર્યસંતોષ ની સરાસરી | પ્રમાણ- વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૧૧.૧૯૩૭ | ૩.૧૨૧૯ | -૩.૭૯૮** | ૦.૦૦ |
| ૨. | બિન સરકારી માધ્યમિક શાળામાં | ૩૯૫ | ૧૨.૨૬૦૮ | ૩.૨૧૮૮ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સારણી-૪.૨૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષની સરાસરીઓ અનુક્રમે ૧૧.૧૯૩૭ અને ૧૨.૨૬૦૮ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૩.૭૯૮ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની કાર્યસંતોષની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષનો સરેરાશાંક ૧૧.૧૯૩૭ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની કાર્યસંતોષનો સરેરાશાંક ૧૨.૨૬૦૮ હતો એટલે સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોના કાર્યસંતોષનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા બિન સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના કાર્યસંતોષ ઉંચા છે.

## ૪.૪ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમનો માનસિક સ્વાસ્થ્ય તણાવ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ

સહાયકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૪.૧ જાતીયતા અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૧ ''માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૨૨માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૨૨**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૪.૭૬૭૧ | ૨.૨૦૭૪ | ૧.૫૨૦ | ૦.૧૨૯ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૪.૨૮૫૪ | ૧.૯૩૬૬ | | |

સારણી-૪.૨૨નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૭૬૭૧ અને ૪.૨૮૫૪ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૫૨૦ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોમાં માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૨ શૈક્ષણિક લાયકાત અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતાની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૨૩માં દર્શાવેલ છે.

સારણી-૪.૨૩ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉત્તરાર્ધમાં નમૂનાનાં

પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૨૩**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૪.૪૮ | ૨.૧૪ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૪.૩૩ | ૧.૯૭ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૪.૩૨ | ૨.૦૬ |

**માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨.૨૫૫ | ૨ | ૧.૧૨૭ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૩૮૭.૮૬૧ | ૫૮૫ | ૪.૦૮૨ | ૦.૨૭૬ | ૦.૭૫૯ |
| ૩. | કુલ | ૨૩૯૦.૧૧૬ | ૫૮૭ | | | |

સારણી-૪.૨૩નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી અનુક્રમે ૪.૪૮, ૪.૩૩ અને ૪.૩૨ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૨૭૬ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૨૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક

તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૩ ઉંમર અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કેતેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૨૪માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૨૪**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી | ૨૭૦ | ૪.૪૧૧૧ | ૨.૧૦૯૮ | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ઓછી | | | | ૦.૫૨૨ | ૦.૬૦૨ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૪.૩૧૩૬ | ૧.૯૩૯૬ | | |

સારણી-૪.૨૪નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૪૧૧૧ અને ૪.૩૧૩૬ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૫૨૨ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૪ વૈવાહિક દરજ્જો અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના

પરિણામો સારણી-૪.૨૫માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૨૫**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૪.૨૭૯૫ | ૧.૯૮૭૦ | -૧.૯૧૦ | ૦.૦૫૭ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૪.૬૬૧૫ | ૨.૧૦૪૧ | | |

સારણી-૪.૨૫નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૨૭૯૫ અને ૪.૬૬૧૫ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૯૧૦ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૪ ''માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય' નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પરિણીત અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૫ કુટુંબનો પ્રકાર અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના

માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૨૬માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૨૬**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૧૧.૨૮૭૪ | ૨.૭૨૩૪ | -૧.૦૬૩ | ૦.૨૮૮ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૧૧.૫૨૪૪ | ૨.૫૮૨૦ | | |

સારણી-૪.૨૬નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૧૧.૨૮૭૪ અને ૧૧.૫૨૪૪ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૦૬૩

હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૬ સામાજિક વર્ગ અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

| | |
|---|---|
| જૂથ-૧ : | પછાત વર્ગ |
| જૂથ-૨ : | બિનપછાત વર્ગ |

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૨૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૨૭**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૪.૪૭૫૭ | ૨.૦૩૭૮ | ૧.૨૨૫ | ૦.૨૨૧ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૪.૨૭૧૦ | ૧.૯૯૯૫ | | |

સારણી-૪.૨૭નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૪૭૫૭ અને ૪.૨૭૧૦ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૨૨૫ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિનપછાત વર્ગના કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૭ નોકરીનું સ્થળ અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી- ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના

પરિણામો સારણી-૪.૨૮માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૨૮**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૪.૨૫૦૦ | ૨.૦૨૯૬ | -૧.૪૯૮ | ૦.૧૩૫ |
| ૨. | અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૪.૫૦૦૦ | ૧.૯૯૯૧ | | |

સારણી-૪.૨૮નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૨૫૦૦ અને ૪.૫૦૦૦ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૪૯૮ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૨૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૮ વિદ્યાશાખા અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક

શિક્ષકો માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૨૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૨૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૨૯**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૪.૨૮ | ૨.૧૧ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૪.૬૮ | ૧.૭૬ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૪.૪૨ | ૧.૮૬ |

**માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૧૦.૮૩૬ | ૨ | ૫.૪૧૮ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૩૭૯.૨૮૦ | ૫૮૫ | ૪.૦૬૭ | ૧.૩૩૨ | ૦.૨૬૫ |
| ૩. | કુલ | ૨૩૯૦.૧૧૬ | ૫૮૭ | | | |

સારણી-૪.૨૯નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી અનુક્રમે ૪.૨૮, ૪.૬૮ અને ૪.૪૨ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૩૩૨ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૨૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૯ શાળાનો વિસ્તાર અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૨૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળ ાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું

વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૩૦માં દર્શાવેલ છે.

સારણી-૪.૩૦ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૩૦**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૪.૧૧ | ૨.૧૦ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૪.૩૫ | ૧.૯૫ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૪.૫૧ | ૧.૯૯ |

**માનસિક સ્વાસ્થ્ય તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૧૬.૬૬૭ | ૨ | ૮.૩૩૩ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૩૭૩.૪૪૯ | ૫૮૫ | ૪.૦૫૭ | ૨.૦૫૪ | ૦.૧૨૯ |
| ૩. | કુલ | ૨૩૯૦.૧૧૬ | ૫૮૭ | | | |

સારણી-૪.૩૦નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી અનુક્રમે ૪.૧૧, ૪.૩૫ અને ૪.૫૧ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૦૫૪

હતુ જે સાર્થક ન હતું.

આથી ઉત્કલ્પના-૨૯ ''શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સમાન છે.

**૪.૪.૧૦ શાળાનો પ્રકાર અને માનસિક સ્વાસ્થ્ય તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૦ ''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૧માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| શાળામાં | ૧૯૩ | ૪.૯૫૨૯ | ૨.૦૫૫૩ | ૫.૦૪૨** | ૦.૦૦ |
| ૨. બિનસરકારી | | | | | |
| માધ્ય. શાળામાં | ૩૯૫ | ૪.૦૭૩૪ | ૧.૯૪૧૩ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સારણી-૪.૩૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં  નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૯૫૨૯ અને ૪.૦૭૩૪ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૫.૦૪૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૦ '''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવનો સરેરાશાંક ૪.૯૫૨૯ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની માનસિક સ્વાસ્થ્ય તણાવનો સરેરાશાંક ૪.૦૭૩૪ હતો એટલે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ ઉંચા છે.

## ૪.૫ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમનો આર્થિક તણાવ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોના આર્થિક તણાવનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોના આર્થિક તણાવ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૫.૧ જાતીયતા અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૧ "માધ્યમિક શાળના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની આર્થિક તણાવની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૨માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩૨**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના આર્થિક તણાવની**

**સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક | પ્રમાણ- | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|

| | | | તણાવની સરાસરી | વિચલન | | કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૬.૬૪૦૨ | ૩.૪૫૧૫ | -૦.૮૩૭ | ૦.૪૦૩ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૬.૮૮૪૪ | ૩.૦૬૦૨ | | |

સારણી-૪.૩૨નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૬૪૦૨ અને ૬.૮૮૪૪ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૦.૮૩૭ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોમાં આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૨ શૈક્ષણિક લાયકાત અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ

અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૩૩માં દર્શાવેલ છે.

સારણી-૪.૩૩ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા આર્થિક તણાવ પ્રાપ્તાંકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૩૩**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૬.૫૮ | ૩.૩૭ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૬.૮૭ | ૩.૦૨ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૬.૯૪ | ૩.૪૯ |

**આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૯.૩૫૯ | ૨ | ૧.૧૨૭ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૫૯૦૦.૮૦૪ | ૫૮૫ | ૪.૦૮૨ | ૦.૨૭૬ | ૦.૭૫૯ |
| ૩. | કુલ | ૫૯૧૦.૧૬૩ | ૫૮૭ | | | |

સારણી-૪.૩૩નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની આર્થિક તણાવની સરાસરી અનુક્રમે ૬.૫૮, ૬.૮૭ અને ૬.૯૪ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૨૭૬ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૩૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૩ ઉંમર અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૩ ''ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૪માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૩૪**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૭.૨૫૯૩ | ૩.૩૩૧૬ | ૩.૧૪૨** | ૦.૦૦૨ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૬.૪૧૯૬ | ૨.૯૬૭૮ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૩૪નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૭.૨૫૯૩ અને ૬.૪૧૯૬ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૩.૧૪૨ હતુ. જે સાર્થક ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો છે. અર્થાત્, ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની બાબતમાં ભિન્ન હતા.

ઉંમરના આધારે પાડેલા બે જુથો પૈકી ૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષકોનો

સરેરાશાંક ૭.૨૫૯૩ હતો જયારે ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક તણાવનો સરેરાશાંક ૬.૪૧૯૬ હતો. એટલે ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક તણાવ ઉંચો છે.

**૪.૫.૪ વૈવાહિક દરજ્જો અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૫માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩૫**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૬.૬૪૧૯ | ૩.૧૦૫૫ | -૨.૫૧૩** | ૦.૦૧૨ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૭.૪૩૦૮ | ૩.૩૪૦૯ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૩૫નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૬૪૧૯ અને ૭.૪૩૦૮ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૫૧૩ હતુ. જે સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૪ ''માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકો આર્થિક તણાવની  બાબતમાં ભિન્ન હતા.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જુથો પૈકી શિક્ષણ સહાયક પરિણીત શિક્ષકોનો સરેરાશાંક ૬.૬૪૧૯ હતો જયારે અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક તણાવની  શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક તણાવનો સરેરાશાંક ૭.૪૩૦૮ હતો. એટલે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો આર્થિક તણાવ ઉંચો છે.

**૪.૫.૫ કુટુંબનો પ્રકાર અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૫ ''માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૬માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૩૬**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૬.૮૨૪૦ | ૩.૧૦૦૦ | ૦.૧૩૩ | ૦.૮૯૪ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૬.૭૮૮૬ | ૩.૨૭૩૩ | | |

સારણી-૪.૩૬નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૮૨૪૦ અને ૬.૭૮૮૬ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૧૩૩ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૬ સામાજિક વર્ગ અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમના સામાજિક વર્ગની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક

તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પછાત વર્ગ

જૂથ-૨ : બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩૭**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૬.૬૭૦૪ | ૩.૧૮૨૨ | -૧.૦૧૭ | ૦.૩૧૦ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૬.૯૩૭૭ | ૩.૧૬૩૬ | | |

સારણી-૪.૩૭નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૬૭૦૪ અને ૬.૯૩૭૭ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૦૧૭ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત

નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૭ નોકરીનું સ્થળ અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનામાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૩૮માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૩૮**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૬.૬૦૬૩ | ૩.૧૩૧૬ | -૧.૭૫૭ | ૦.૦૭૯ |
| ૨. | અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૭.૦૬૭૨ | ૩.૨૦૯૮ | | |

સારણી-૪.૩૮નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૬૦૬૩ અને ૭.૦૬૭૨ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૭૫૭ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૩૭ ''માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૮ વિદ્યાશાખા અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૮ ''માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન
૨. જૂથ-૨ : વાણિજ્ય
૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૩૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૩૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા આર્થિક તણાવ પ્રાપ્તાંકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના

આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૩૯**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૬.૭૫ | ૩.૨૨ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૭.૧૧ | ૩.૦૦ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૬.૮૫ | ૩.૧૪ |

**આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૮.૪૫૭ | ૨ | ૪.૨૨૮ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૫૯૦૧.૭૦૭ | ૫૮૫ | ૧૦.૦૮૮ | ૦.૪૧૯ | ૦.૬૫૮ |
| ૩. | કુલ | ૫૯૧૦.૧૬૩ | ૫૮૭ | | | |

સારણી-૪.૩૯નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક તણાવની સરાસરી અનુક્રમે ૬.૭૫, ૭.૧૧ અને ૬.૮૫ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૪૧૯ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૩૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૯ શાળાનો વિસ્તાર અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના

આર્થિક તણાવ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૩૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૪૦માં દર્શાવેલ છે.

સારણી-૪.૪૦ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા આર્થિક તણાવ પ્રાપ્તાંકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

## સારણી-૪.૪૦

## ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૭.૦૪ | ૩.૨૬ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૬.૫૧ | ૩.૧૦ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૬.૮૪ | ૩.૧૬ |

### આર્થિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | આધારે જૂથ | ૨૧.૮૬૪ | ૨ | ૮.૩૩૩ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૫૮૮૮.૩૦૦ | ૫૮૫ | ૪.૦૫૭ | ૨.૦૫૪ | ૦.૧૨૯ |
| ૩. | કુલ | ૫૯૧૦.૧૬૩ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૦નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની આર્થિક તણાવની સરાસરી અનુક્રમે ૭.૦૪, ૬.૫૧ અને ૬.૮૪ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૦૫૪ હતુ જે સાર્થક ન હતું.

આથી ઉત્કલ્પના-૩૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સમાન છે.

**૪.૫.૧૦ શાળાનો પ્રકાર અને આર્થિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૧માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | આર્થિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૭.૪૯૭૪ | ૩.૧૬૦૪ | ૩.૬૬૨** | ૦.૦૦ |
| ૨. | બિન સરકારી માધ્ય. શાળામાં | ૩૯૫ | ૬.૪૮૩૬ | ૩.૧૩૨૭ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સારણી-૪.૪૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૭.૪૯૭૪ અને ૬.૪૮૩૬ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૩.૬૬૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૦ '''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની આર્થિક તણાવની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવનો સરેરાશાંક ૭.૪૯૭૪ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની આર્થિક તણાવનો સરેરાશાંક ૬.૪૮૩૬ હતો એટલે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોના આર્થિક તણાવનો સરેરાશાંક ઊંચો હતો.

તેથી કહી શકાય કે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના આર્થિક તણાવ ઉંચા છે.

## ૪.૬ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમનો શાળા વ્યવસ્થાપન તણાવ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જ્યાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એક-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૬.૧ જાતીયતા અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૧ ''માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ, પ્રમાણવિચલન અને

ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૨માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૨**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૬.૫૧૮૩ | ૪.૩૫૬૦ | ૨.૯૯૭** | 0.0૧ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૫.૫૪૦૧ | ૩.૧૦૦૯ | | |

**0.0૧ કક્ષાએ સાર્થક છે.

સારણી-૪.૪૨નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૫૧૮૩ અને ૫.૫૪૦૧ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૨.૯૯૭ હતુ. જે 0.0૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો શાળા વ્યવસ્થાપનની બાબતમાં ભિન્ન હતા. જાતિયતાના આધારે પાડેલા બે જુથો પૈકી સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૬.૫૧૮૩ હતો જયારે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૫.૫૪૦૧ હતો. એટલે કે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સ્ત્રી

શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવ ઊંચો છે.

**૪.૬.૨ શૈક્ષણિક લાયકાત અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૪૩માં દર્શાવેલ છે.

સારણી-૪.૪૩ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં

પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૪૩**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૫.૪૪ | ૩.૪૩ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૫.૯૬ | ૩.૫૧ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૫.૭૫ | ૩.૭૧ |

**શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૨૬.૬૫૩ | ૨ | ૧૩.૩૨૭ | ૧.૦૮૦ | ૦.૩૪૦ |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૨૨૦.૩૦૪ | ૫૮૫ | ૧૨.૩૪૨ | | |
| ૩. | કુલ | ૭૨૪૬.૯૫૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૩નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી અનુક્રમે ૫.૪૪, ૫.૯૬ અને ૫.૭૫ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૦૮૦ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૪૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સમાન છે.

**૪.૬.૩ ઉંમર અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળ ા વ્યવસ્થાપન તણાવ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૪માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૪**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા | પ્રમાણ- | ટી-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|

| | | | વ્યવસ્થાપન તણાવની સરાસરી | વિચલન | | કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૬.૦૧૧૧ | ૩.૭૨૧૨ | ૧.૧૮૫ | ૦.૨૩૬ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૫.૬૨૧૫ | ૩.૩૧૫૯ | | |

સારણી-૪.૪૪નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૬.૦૧૧૧ અને ૫.૬૨૧૫ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૧૮૫ હતુ. જે સાર્થક ન હતુ.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સમાન છે.

**૪.૬.૪ વૈવાહિક દરજ્જો અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી–૪.૪૫માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૪૫**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ–વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૫.૫૧૦૦ | ૩.૨૮૨૦ | –૪.૦૮૫** | ૦.૦૦ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૬.૯૧૫૪ | ૪.૦૬૦૬ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી–૪.૪૫નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૫૧૦૦ અને ૬.૯૧૫૪ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી–ગુણોત્તરનું મૂલ્ય –૪.૦૮૫ હતુ. જે સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના–૪૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકો શાળા વ્યવસ્થાપન તણાવની બાબતમાં ભિન્ન હતા.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જુથો પૈકી શિક્ષણ સહાયક પરિણીત શિક્ષકોનો સરેરાશાંક ૫.૫૧૦૦ હતો જયારે અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવની શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૬.૯૧૫૪

હતો. એટલે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપનનો સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવ ઉંચો છે.

**૪.૬.૫ કુટુંબનો પ્રકાર અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૫ ''માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૬માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૬**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૫.૫૬૯૧ | ૩.૫૨૧૮ | -૨.૨૧૪* | ૦.૦૨૭ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૬.૨૧૫૪ | ૩.૪૭૬૮ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૪૬નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૫૬૯૧ અને

૬.૨૧૫૪ હતી.

શિક્ષણ સહાયક  સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૨૧૪ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૫ ''માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવે છે.   અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની બાબતમાં ભિન્ન હતા. સામાજિક વર્ગને આધારે પાડેલા બે જુથો પૈકી સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપનનો સરેરાશાંક ૫.૫૬૯૧ હતો જયારે વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૬.૨૧૫૪ હતો. એટલે કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ ઉંચો છે.

**૪.૬.૬ સામાજિક વર્ગ અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૬ ''માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''  રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના  બે જૂથો રચવામાં આવ્યા હતા  :

જૂથ-૧ :     પછાત વર્ગ

જૂથ-૨ :     બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની

સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૭**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૫.૮૯૮૯ | ૩.૫૨૮૮ | ૦.૭૪૯ | ૦.૪૫૪ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૫.૭૪૧૪ | ૩.૫૧૬૭ | | |

સારણી-૪.૪૭નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૮૯૮૯ અને ૫.૭૪૧૪ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૪૯ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૬ ''માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સમાન છે.

**૪.૬.૭ નોકરીનું સ્થળ અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૭ ''માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય

જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૮માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૪૮**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૫.૫૦૮૧ | ૩.૩૬૦૫ | -૨.૪૬૦** | ૦.૦૧૪ |
| ૨. | અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૬.૨૧૨૭ | ૩.૬૫૭૧ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૪૮નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૫૦૮૧ અને ૭.૨૧૨૭ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના

ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૪૬૦ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૪૭ ''માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકો શાળા વ્યવસ્થાપન તણાવની બાબતમાં ભિન્ન હતા.

નોકરીના સ્થળના આધારે પાડેલા બે જુથો પૈકી પોતાના જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૫.૫૦૮૧ હતો જયારે અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૬.૨૧૨૭ હતો. એટલે પોતાના જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અન્ય જિલ્લામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે પોતાના જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શાળા વ્યવસ્થાપન તણાવ ઉંચો છે.

**૪.૬.૮ વિદ્યાશાખા અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૮ ''માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ

પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૪૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૪૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉત્તરાર્ધમાં નમૂનાનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૪૯**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૫.૮૮ | ૩.૬૯ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૬.૨૧ | ૩.૧૮ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૫.૪૪ | ૩.૧૫ |

**શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૩૨.૪૪૨ | ૨ | ૧૬.૨૨૧ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૨૧૪.૫૧૫ | ૫૮૫ | ૧૨.૩૩૩ | ૧.૩૧૫ | ૦.૨૬૯ |
| ૩. | કુલ | ૭૨૪૬.૯૫૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૯નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી અનુક્રમે ૫.૮૮, ૬.૨૧ અને ૫.૪૪ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૩૧૫ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૪૮ ''માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સમાન છે.

**૪.૬.૯ શાળાનો વિસ્તાર અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૪૯ ''શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૫૦માં દર્શાવેલ છે.

સારણી-૪.૫૦ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૫૦**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૫.૮૮ | ૩.૮૮ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૫.૬૩ | ૩.૨૩ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૫.૮૯ | ૩.૪૪ |

**શાળા વ્યવસ્થાપન તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૭.૨૨૭ | ૨ | ૩.૬૧૩ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૭૨૩૯.૭૩૧ | ૫૮૫ | ૧૨.૩૭૬ | ૦.૨૯૨ | ૦.૭૪૭ |
| ૩. | કુલ | ૭૨૪૬.૯૫૭ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૦નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી અનુક્રમે ૫.૮૮, ૫.૬૩ અને ૫.૮૯ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૨૯૨ હતુ જે સાર્થક ન હતું.

આથી ઉત્કલ્પના-૪૯ ''શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સમાન છે.

**૪.૬.૧૦ શાળાનો પ્રકાર અને શાળા વ્યવસ્થાપન તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૦ ''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ

સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૪૧માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૫૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૭.૧૨૦૪ | ૩.૯૫૭૧ | ૬.૬૭** | ૦.૦૦ |
| ૨. | બિન સરકારી માધ્યમિક શાળામાં | ૩૯૫ | ૫.૧૯૯૯ | ૩.૧૦૪૩ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક છે.

સારણી-૪.૫૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીઓ અનુક્રમે ૭.૧૨૦૪ અને ૫.૧૯૯૯ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા

શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૬.૬૭ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૦ ''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૭.૧૨૦૪ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ૫.૧૯૯૯ હતો એટલે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ ઉંચા છે.

## ૪.૭ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમનો સામાજિક તથા કૌટુંબિક તણાવ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જ્યાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની

ચકાસણી માટે જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૭.૧ જાતીયતા અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-પ૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.પરમાં દર્શાવ્યા છે.

**સારણી - ૪.પર**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | પ.૦૩૬૬ | ૨.૬૦૨૨ | ૧.૧૧૪ | ૦.૨૬૬ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૪.૮૧૬૦ | ૧.૯૫૧૯ | | |

સારણી-૪.૫૨નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૦૩૬૬ અને ૪.૮૧૬૦ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૧૧૪ હતુ. જે સાર્થક નહતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૧ ''માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો માં સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૨ શૈક્ષણિક લાયકાત અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૫૩માં દર્શાવેલ છે.

સારણી-૪.૫૩ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૫૩**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૪.૯૧ | ૨.૧૨ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૪.૮૯ | ૨.૧૧ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૪.૭૭ | ૨.૪૬ |

**સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ- મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૦.૯૦૧ | ૨ | ૦.૪૫૧ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૭૨૦.૨૮૩ | ૫૮૫ | ૪.૬૫૦ | ૦.૦૯૭ | ૦.૯૦૮ |
| ૩. | કુલ | ૨૭૨૧.૧૮૪ | ૫૮૭ | | | |

સારણી-૪.૫૩નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી અનુક્રમે ૪.૯૧, ૪.૮૯ અને ૪.૭૭ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૦૯૭ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૫૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૩ ઉંમર અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૫૪માં દર્શાવ્યા છે.

## સારણી – ૪.૫૪
## ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૪.૯૪૦૭ | ૨.૩૪૧૭ | ૦.૬૫૫ | ૦.૫૧૨ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૪.૮૧૦૭ | ૧.૯૭૦૨ | | |

સારણી-૪.૫૪નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૯૪૦૭ અને ૪.૮૧૦૭ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૬૫૫ હતુ. જે સાર્થક ન હતુ.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૪ વૈવાહિક દરજ્જો અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૫૫માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૫૫**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૪.૭૫૭૬ | ૨.૦૪૧૨ | -૨.૪૯૯** | ૦.૦૧૩ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૫.૨૯૦૦ | ૨.૪૬૦૪ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૫૫નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૭૫૭૬ અને ૫.૨૯૦૦ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૪૯૯ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૪ ''માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકો સામાજિક તથા કૌટુંબિક તણાવની બાબતમાં ભિન્ન હતા.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જુથો પૈકી શિક્ષણ સહાયક પરિણીત શિક્ષકોનો સરેરાશાંક ૪.૭૫૭૬ હતો જયારે અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિક સરેરાશાંક ૫.૨૯૦૦ હતો. એટલે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિકનો સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિક તણાવ ઉંચો છે.

**૪.૭.૫ કુટુંબનો પ્રકાર અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના–૫૫ ''માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ–૧ : સંયુકત કુટુંબ

જૂથ–૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી–ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી–૪.૫૬માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૫૬**

**ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ–વિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૪.૭૨૨૬ | ૨.૧૧૧૨ | –૨.૧૩૬* | ૦.૦૩૩ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૫.૧૦૧૬ | ૨.૧૮૩૯ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૫૬નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૭૨૨૬ અને ૫.૧૦૧૬ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૨.૧૩૬ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની બાબતમાં ભિન્ન હતા. સામાજિક વર્ગને આધારે પાડેલા બે જુથો પૈકી સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિકનો સરેરાશાંક ૪.૭૨૨૬ હતો જયારે વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિક તણાવનો સરેરાશાંક ૫.૧૦૧૬ હતો. એટલે કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિક તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો સામાજિક તથા કૌટુંબિક તણાવ ઉંચો છે.

**૪.૭.૬ સામાજિક વર્ગ અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પછાત વર્ગ

જૂથ-૨ : બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૫૭માં દર્શાવ્યા છે.

**સારણી – ૪.૫૭**

**ભિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૪.૮૪૩૭ | ૨.૧૮૬૧ | −૦.૩૫૮ | ૦.૭૨૧ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૪.૯૧૨૦ | ૨.૧૩૪૭ | | |

સારણી-૪.૫૭નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૮૪૩૭ અને ૪.૯૧૨૦ હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય −૦.૩૫૮ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૬ ''માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૭ નોકરીનું સ્થળ અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે

તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૫૮માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૫૮**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૪.૭૨૧૯ | ૨.૧૦૭૦ | -૧.૯૨૦ | ૦.૦૫૫ |
| ૨. | અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૫.૦૬૩૪ | ૨.૧૯૬૩ | | |

સારણી-૪.૫૮નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૭૨૧૯ અને ૫.૦૬૩૪ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૯૨૦ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૫૭ ''માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોમાં સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૮ વિદ્યાશાખા અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૮ ''માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૫૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૫૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ

કર્યું છે.

**સારણી-૪.૫૯**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૪.૯૨ | ૨.૨૭ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૫.૧૬ | ૧.૮૮ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૪.૬૦ | ૧.૯૨ |

**સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્‌ગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૧૭.૦૪૩ | ૨ | ૮.૫૨૨ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૭૦૪.૧૪૦ | ૫૮૫ | ૪.૬૨૨ | ૧.૮૪૪ | ૦.૧૫૯ |
| ૩. | કુલ | ૨૭૨૧.૧૮૪ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૯નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી અનુક્રમે ૪.૯૨, ૫.૧૬ અને ૪.૬૦ હતી.

ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૮૪૪ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૫૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૯ શાળાનો વિસ્તાર અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૯ ''શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતાની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૬૦માં દર્શાવેલ છે.

સારણી-૪.૬૦ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૬૦**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૪.૬૩ | ૨.૩૯ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૪.૭૭ | ૧.૯૭ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૫.૦૭ | ૨.૦૯ |

**સામાજિક તથા કૌટુંબિક તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૨૨.૭૧૨ | ૨ | ૧૧.૩૫૬ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૨૬૯૮.૪૭૨ | ૫૮૫ | ૪.૬૧૩ | ૨.૪૬૨ | ૦.૦૮૬ |
| ૩. | કુલ | ૨૭૨૧.૧૮૪ | ૫૮૭ | | | |

સારણી-૪.૫૦નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી અનુક્રમે ૪.૬૩, ૪.૭૭ અને ૫.૦૭ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૪૬૨ હતુ જે સાર્થક ન હતું.

આથી ઉત્કલ્પના-૫૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સમાન છે.

**૪.૭.૧૦ શાળાનો પ્રકાર અને સામાજિક તથા કૌટુંબિક તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ

સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના સામાજિક તથા કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૧માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૫.૫૫૫૦ | ૨.૫૩૩૫ | ૫.૪૫૭** | ૦.૦૦ |
| ૨. | બિન સરકારી માધ્યમિક શાળામાં | ૩૯૫ | ૪.૫૫૯૫ | ૧.૮૬૦૬ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૬૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૫૫૫૦ અને ૪.૫૫૯૫ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા

શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૫.૪૫૭ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે.

અર્થાત્, સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવની બાબતમાં ભિન્ન હતા.

શાળાના વિસ્તારના આધારે પાડેલા બે જૂથો પૈકી સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવનો સરેરાશાંક ૫.૫૫૫૦ હતો. જયારે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સામાજિક તથા કૌટુંબિક તણાવનો સરેરાશાંક ૪.૫૫૯૫ હતો એટલે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકો શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવ ઉંચા છે.

## ૪.૮ શિક્ષણ સહાયક શિક્ષકો અને તેમનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ

પ્રસ્તુત અભ્યાસમાં શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુદા-જુદા દસ સ્વતંત્ર ચલોને આધારે શિક્ષણ સહાયક શિક્ષકોના જૂથ પાડવામાં આવ્યા હતા. આ સ્વતંત્ર ચલો આ પ્રમાણે હતા : (૧) જાતીયતા (૨) શૈક્ષણિક લાયકાત (૩) ઉંમર (૪) વૈવાહિક દરજ્જો (૫) કુટુંબનો પ્રકાર (૬) સામાજિક વર્ગ (૭) નોકરીનું સ્થળ (૮) વિદ્યાશાખા (૯) શાળાનો વિસ્તાર (૧૦) શાળાનો પ્રકાર. પ્રત્યેક ચલની કક્ષાઓના આધારે પાડેલા જૂથમાં સમાયેલા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવમાં તફાવત છે કે કેમ તે ચકાસવા માટે દસ શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. જયાં સ્વતંત્રચલની બે કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો પ્રાપ્તાકોની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા ટી-ગુણોત્તર વડે નક્કી કરવામાં આવી હતી. જયાં

સ્વતંત્રચલની ત્રણ કક્ષાઓ હતી ત્યાં પ્રત્યેક શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી માટે જૂથેના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા એફ-માર્ગીય વિચરણ વિશ્લેષણ વડે નક્કી કરવામાં આવી હતી. આ દસ સ્વતંત્ર ચલોની શિક્ષણ સહાયકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર અસરના સંદર્ભમાં દસ વિશ્લેષણો અત્રે ક્રમશઃ રજૂ કર્યા હતા.

**૪.૮.૧ જાતીયતા અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેઓની જાતીયતાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષિકાઓ અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો એમ બે જૂથો પાડવામાં આવ્યા હતા. આ બન્ને જૂથોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૨માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૨**

**શિક્ષણ સહાયક સ્ત્રી અને પુરુષ શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો | ૧૬૪ | ૫.૦૦૬૧ | ૨.૬૮૨૬ | ૨.૨૫૧* | ૦.૦૨૫ |
| ૨. | પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો | ૪૨૪ | ૪.૫૦૨૪ | ૨.૩૩૦૮ | | |

*૦.૦૫ કક્ષાએ સાર્થક

સારણી-૪.૬૨નું અવલોકન દર્શાવે છે કે સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને સ્ત્રી

શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૦૦૬૧ અને ૪.૫૦૨૪ હતી.

શિક્ષણ સહાયક સ્ત્રી શિક્ષકો અને પુરુષ શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૨.૨૫૧ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૧ ''માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોમાં શિક્ષણેત્તર પ્રવૃત્તિની બાબતમાં ભિન્ન હતા.

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો પૈકી સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સરેરાશાંક ૫.૦૦૬૧ હતો જયારે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સરેરાશાંક ૪.૫૦૨૪ હતો. એટલે કે પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકો કરતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે પુરુષ શિક્ષણ સહાયક કરતા સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ ઊંચો છે.

**૪.૮.૨ શૈક્ષણિક લાયકાત અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેઓની શૈક્ષણિક લાયકાતની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૨ ''ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શૈક્ષણિક લાયકાતની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : સ્નાતક અને તાલીમી સ્નાતક સુધીના શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૨. જૂથ-૨ : અનુસ્નાતક અને તાલીમી સ્નાતક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

૩. જૂથ-૩ : અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો.

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૬૩માં દર્શાવેલ છે.

સારણી-૪.૬૩ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૬૩**

**ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | સ્નાતક અને તાલીમી સ્નાતક | ૧૨૯ | ૪.૬૩ | ૨.૪૨ |
| ૨. | અનુસ્નાતક અને તાલીમી સ્નાતક | ૩૯૪ | ૪.૭૨ | ૨.૪૧ |
| ૩. | અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત | ૬૫ | ૪.૧૮ | ૨.૬૭ |

## શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શૈક્ષણિક લાયકાતના આધારે જૂથ | ૧૬.૨૩૧ | ૨ | ૮.૧૧૫ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૮૪.૭૬૯ | ૫૮૫ | ૫.૯૫૭ | ૧.૩૬૨ | ૦.૨૫૭ |
| ૩. | કુલ | ૩૫૦૧.૦૦૦ | ૫૮૭ | | | |

સારણી-૪.૫૩નું અવલોકન દર્શાવે છે કે શૈક્ષણિક લાયકાતના આધારે પાડેલા ત્રણ જૂથોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી અનુક્રમે ૪.૬૩, ૪.૭૨ અને ૪.૧૮ હતી.

ભિન્ન શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૧.૩૬૨ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૬૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક તથા અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક કે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૮.૩ ઉંમર અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમની ઉંમરની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : ૩૦ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

જૂથ-૨ : ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૪માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૪**

**ભિન્ન ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩૦ કે તેથી ઓછી | ૨૭૦ | ૪.૬૮૫૨ | ૨.૫૧૪૧ | ૦.૩૮૭ | ૦.૬૯૯ |
| ૨. | ૩૦ થી વધુ | ૩૧૮ | ૪.૫૯૯૪ | ૨.૩૮૨૮ | | |

સારણી-૪.૫૪નું અવલોકન દર્શાવે છે કે ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૬૮૫૨ અને ૪.૫૯૯૪ હતી.

શિક્ષણ સહાયક ૩૦ કે તેથી ઓછી અને ૩૦ થી વધુ ઉંમર ધરાવતા શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૦.૩૮૭ હતુ. જે સાર્થક ન હતુ.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય ૩૦ વર્ષ કે તેથી ઓછી અને ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ

સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૮.૪ વૈવાહિક દરજ્જો અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમના વૈવાહિક દરજ્જાની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : પરિણીત

જૂથ-૨ : અપરિણીત

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૫માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૫**

**ભિન્ન વૈવાહિક દરજ્જો ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પરિણીત | ૪૫૭ | ૪.૪૬૭૨ | ૨.૨૮૭૮ | -૩.૧૩૯** | ૦.૦૦૨ |
| ૨. | અપરિણીત | ૧૩૧ | ૫.૨૬૧૫ | ૨.૮૪૬૩ | | |
| | **૦.૦૧ કક્ષાએ સાર્થક | | | | | |

સારણી-૪.૬૫નું અવલોકન દર્શાવે છે કે પરિણીત અને અપરિણીત શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૪૬૭૨ અને ૫.૨૬૧૫ હતી.

શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૩.૧૩૯ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શિક્ષણ સહાયક પરિણીત અને અપરિણીત શિક્ષકો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની બાબતમાં ભિન્ન હતા.

વૈવાહિક દરજ્જાના આધારે પાડેલા બે જુથો પૈકી શિક્ષણ સહાયક પરિણીત શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ સરેરાશાંક ૪.૪૬૭૨ હતો જયારે અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ સરેરાશાંક ૫.૨૬૧૫ હતો. એટલે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિનો સરેરાશાંક ઉંચો હતો. તેથી કહી શકાય કે પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો કરતા અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ ઊંચો છે.

**૪.૮.૫ કુટુંબનો પ્રકાર અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમના કુટુંબનો પ્રકાર ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : સંયુકત કુટુંબ

જૂથ-૨ : વિભકત કુટુંબ

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૬માં દર્શાવ્યા છે.

## સારણી – ૪.૬૬

## ભિન્ન કુટુંબનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સંયુકત કુટુંબ | ૩૪૫ | ૪.૩૬૬૬ | ૨.૩૪૦૯ | -૩.૨૦૭** | ૦.૦૦૧ |
| ૨. | વિભકત કુટુંબ | ૨૪૩ | ૫.૦૨૦૩ | ૨.૫૪૮૨ | | |

** ૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૬૬નું અવલોકન દર્શાવે છે કે સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૩૬૬૬ અને ૫.૦૨૦૩ હતી.

શિક્ષણ સહાયક સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૩.૨૦૭ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્, સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની બાબતમાં ભિન્ન હતા. સામાજિક વર્ગને આધારે પાડેલા બે જુથો પૈકી સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિનો સરેરાશાંક ૪.૩૬૬૬ હતો જયારે વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સરેરાશાંક ૫.૦૨૦૩ હતો. એટલે કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવનો સરેરાશાંક ઊંચો હતો. તેથી કહી શકાય કે સંયુકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકો કરતા વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોનો શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ ઊંચો છે.

**૪.૮.૬ સામાજિક વર્ગ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમના સામાજિક વર્ગ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૬ ''માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા :

જૂથ-૧ : પછાત વર્ગ

જૂથ-૨ : બિનપછાત વર્ગ

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૭માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૭**

**બિન્ન સામાજિક વર્ગ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | પછાત વર્ગ | ૨૬૭ | ૪.૬૫૦૪ | ૨.૫૧૧૧ | -૦.૦૫૬ | ૦.૯૫૬ |
| ૨. | બિનપછાત વર્ગ | ૩૨૧ | ૪.૬૪૪૯ | ૨.૫૦૩૪ | | |

સારણી-૪.૬૭નું અવલોકન દર્શાવે છે કે પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૬૫૦૪ અને ૪.૬૪૪૯હતી.

શિક્ષણ સહાયક પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૦.૦૫૬ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૮.૭ નોકરીનું સ્થળ અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમના નોકરીનું સ્થળ ની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : પોતાના જિલ્લાની શાળામાં

જૂથ-૨ : અન્ય જિલ્લાની શાળામાં

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૬૮માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૬૮**

**ભિન્ન નોકરીનું સ્થળ ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|

| | | તણાવની સરાસરી | | | |
|---|---|---|---|---|---|
| ૧. પોતાના જિલ્લાની શાળામાં | ૩૨૦ | ૪.૪૭૧૯ | ૨.૩૧૩૭ | -૧.૮૫૯ | ૦.૦૬૪ |
| ૨. અન્ય જિલ્લાની શાળામાં | ૨૬૮ | ૪.૮૪૭૦ | ૨.૫૭૬૭ | | |

સારણી-૪.૬૮નું અવલોકન દર્શાવે છે કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૪.૪૭૧૯ અને ૪.૮૪૭૦ હતી.

પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય -૧.૮૫૯ હતુ. જે સાર્થક ન હતું.

આથી શૂન્ય ઉત્કલ્પના-૬૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" નો અસ્વીકાર કરવામાં આવતો નથી. તેથી કહી શકાય કે પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૮.૮ વિદ્યાશાખા અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેઓની વિદ્યાશાખાની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૫૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના વિદ્યાશાખાની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : વિનયન

૨. જૂથ-૨ : વાણિજ્ય

૩. જૂથ-૩ : વિજ્ઞાન

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૬૯માં દર્શાવેલ છે.

સારણી-૪.૬૯ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૬૯**

**ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**

**શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | વિનયન | ૩૮૧ | ૪.૬૭ | ૨.૫૨ |
| ૨. | વાણિજ્ય | ૭૬ | ૫.૦૯ | ૨.૩૩ |
| ૩. | વિજ્ઞાન | ૧૩૧ | ૪.૩૧ | ૨.૨૩ |

**શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | વિદ્યાશાખાના આધારે જૂથ | ૨૯.૮૧૦ | ૨ | ૧૪.૯૦૫ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૭૧.૧૯૦ | ૫૮૫ | ૫.૯૩૪ | ૨.૫૧૨ | ૦.૦૮૨ |
| ૩. | કુલ | ૩૫૦૧.૦૦૦ | ૫૮૭ | | | |

સારણી-૪.૪૯નું અવલોકન દર્શાવે છે કે વિદ્યાશાખાના આધારે પાડેલા ત્રણ જૂથોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી અનુક્રમે ૪.૬૭, ૫.૦૯ અને ૪.૩૧ હતી. ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૫૧૨ હતુ જે સાર્થક ન હતું. આથી ઉત્કલ્પના-૬૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

અર્થાત્, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન જેવી ભિન્ન વિદ્યાશાખા ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૮.૯ શાળાનો વિસ્તાર અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેઓની શાળાના વિસ્તારની અસર તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૬૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય" રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના શાળાનો વિસ્તારની કક્ષાઓ અનુસાર નીચેનાં ત્રણ જૂથો રચવામાં આવ્યા હતા.

૧. જૂથ-૧ : શહેરી

૨. જૂથ-૨ : અર્ધશહેરી

૩. જૂથ-૩ : ગ્રામ્ય

પ્રસ્તુત ત્રણેય જુથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા ની કરવા ત્રણે જૂથોનાં પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગણતરીનાં પરિણામો સારણી-૪.૭૦માં દર્શાવેલ છે.

સારણી-૪.૭૦ના પૂર્વાર્ધમાં ત્રણેય જૂથોનાં પાત્રોની સંખ્યા શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાંપ્તાકોના સરેરાશાંકો અને પ્રમાણવિચલન રજૂ કર્યા છે. ઉતરાર્ધમાં નમૂનાનાં

પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ વિશ્લેષણ રજૂ કર્યું છે.

**સારણી-૪.૭૦**

**ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના**
**શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન |
|---|---|---|---|---|
| ૧. | શહેરી | ૧૬૧ | ૪.૫૩ | ૨.૫૨ |
| ૨. | અર્ધશહેરી | ૧૪૩ | ૪.૫૨ | ૨.૨૬ |
| ૩. | ગ્રામ્ય | ૨૮૪ | ૪.૭૭ | ૨.૪૯ |

**શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પ્રાપ્તાંકોનું વિચરણ પૃથક્કરણ**

| ક્રમ | વિચરણનું ઉદ્દગમ | વર્ગોના સરવાળા | સ્વાતંત્ર્ય સંખ્યા | સરાસરી વર્ગોના સરવાળા | એફ-મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧. | શાળાના વિસ્તારના આધારે જૂથ | ૮.૫૪૯ | ૨ | ૪.૨૭૫ | | |
| ૨. | જૂથ અંતર્ગત | ૩૪૯૨.૪૫૧ | ૫૮૫ | ૫.૯૭૦ | ૦.૭૧૬ | ૦.૪૮૯ |
| ૩. | કુલ | ૩૫૦૧.૦૦૦ | ૫૮૭ | | | |

સારણી-૪.૫૦નું અવલોકન દર્શાવે છે કે શાળાનો વિસ્તારના આધારે પાડેલા ત્રણ જૂથોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી અનુક્રમે ૪.૫૩, ૪.૫૨ અને ૪.૭૭ હતી.

ભિન્ન શાળાનો વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ વચ્ચેના તફાવતની સાર્થકતા માટેના એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૭૧૬ હતુ જે સાર્થક ન હતું.

આથી ઉત્કલ્પના-૬૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"નો અસ્વીકાર કરવામાં આવતો નથી. અર્થાત્, શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય શાળાના વિસ્તાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સમાન છે.

**૪.૬.૧૦ શાળાનો પ્રકાર અને શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ.** શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ પર તેમના શાળાનો પ્રકારની અસર છે કે કેમ તે તપાસવા શૂન્ય ઉત્કલ્પના-૭૦ ''સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિના તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય'' રચવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સમગ્ર નમૂનાનાં પાત્રોના બે જૂથો રચવામાં આવ્યા હતા.

જૂથ-૧ : સરકારી માધ્યમિક શાળા

જૂથ-૨ : બિન સરકારી માધ્યમિક શાળા

આ બન્ને જૂથોના પાત્રોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવ સરેરાશાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા નક્કી કરવા બન્ને જૂથોના પાત્રોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણવિચલન અને ટી-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ગણતરીના પરિણામો સારણી-૪.૭૧માં દર્શાવ્યા છે.

**સારણી - ૪.૭૧**

**ભિન્ન શાળાનો પ્રકાર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અને તેમની વચ્ચેના તફાવતની સાર્થકતા**

| ક્રમ | જૂથ | સંખ્યા | શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરી | પ્રમાણ-વિચલન | ટી-મૂલ્ય | સાર્થકતા કક્ષા |
|---|---|---|---|---|---|---|
| ૧. | સરકારી માધ્યમિક શાળામાં | ૧૯૩ | ૫.૫૨૨૧ | ૨.૭૭૯૪ | ૬.૩૧૨** | ૦.૦૦ |
| ૨. | બિન સરકારી માધ્યમિક શાળામાં | ૩૯૫ | ૪.૨૧૫૪ | ૨.૧૪૩૪ | | |

**૦.૦૧ કક્ષાએ સાર્થક

સારણી-૪.૭૧નું અવલોકન દર્શાવે છે કે સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીઓ અનુક્રમે ૫.૫૨૨૧ અને ૪.૨૧૫૪ હતી.

સરકારી માધ્યમિક શાળા અને બિનસરકારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોની શિક્ષણેત્તર પ્રવૃત્તિ તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૬.૩૧૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું.

# પ્રકરણ–૫
# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો

# પ્રકરણ-૫
# સારાંશ, તારણો, ફલિતાર્થો અને ભલામણો

## ૫.૧ પ્રસ્તાવના

પ્રસ્તુત પ્રકરણમાં પ્રસ્તુત અભ્યાસનો સારાંશ, ઉત્કલ્પનાઓની ચકાસણી સ્વરૂપે મળેલાં પરિણામો, પરિણામો પરથી મેળવેલાં તારણો, તારણોના આધારે નિષ્પન થયેલ શૈક્ષણિક ફલિતાર્થો અને પ્રસ્તુત અભ્યાસના અનુસંધાને ભવિષ્યમાં વિશેષ સ્વરૂપે હાથ ધરી શકાય તેવા સંશોધનોની ભલામણ ક્રમશઃ રજૂ કરેલ છે.

## ૫.૨ અભ્યાસનો સારાંશ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે હતા.

(૧) માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, સામાજિક વર્ગ, નોકરીનું સ્થળ, વિદ્યાશાખા, શાળાનો વિસ્તાર અને શાળાનો પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૨) માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોનો કાર્યસંતોષનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, સામાજિક વર્ગ, નોકરીનું સ્થળ, વિદ્યાશાખા, શાળાનો વિસ્તાર અને શાળાનો પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

(૩) માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોનો માનસિક તણાવનો તેમની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, સામાજિક વર્ગ, નોકરીનું સ્થળ, વિદ્યાશાખા, શાળાનો વિસ્તાર અને શાળાનો પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

ઉપર્યુક્ત ત્રણ હેતુઓને અનુરૂપ ૭૦ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી. આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સૌરાષ્ટ્ર વિસ્તારના સાત જિલ્લાઓની અને કચ્છ જિલાની માધ્યમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૭ દરમિયાન શિક્ષણ સહાયક શિક્ષક તરીકે સેવા બજાવતા શિક્ષકો પૈકી ૫૮૮ પાત્રો પસંદ કરવામાં આવ્યા હતા. આ પાત્રોની સિદ્ધિપ્રેરણા,

કાર્યસંતોષ અને માનસિક તણાવ અંગેની માહિતી એકત્ર કરવા નીચેના ત્રણ ઉપકરણોનું તેઓ પર સંચાલન કરવામાં આવ્યું હતું.

(૧) માનસિક તણાવ પ્રશ્નાવલિ

(૨) કાર્યસંતોષ પ્રશ્નાવલિ

(૩) સિદ્ધિપ્રેરણા પ્રશ્નાવલિ

ઉપરાંત આ પાત્રો અંગે તેમની નીચેની દસ લાક્ષણિકતાઓ અંગેની માહિતી એકત્ર કરવામાં આવી હતી.

નમૂનાનાં પાત્રોની સિદ્ધિપ્રેરણા કાર્યસંતોષ અને માનસિક તણાવ પર તેઓની જાતીયતા, શૈક્ષણિક લાયકાત, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો પ્રકાર, સામાજિક વર્ગ, નોકરીનું સ્થળ, વિદ્યાશાખા, શાળાનો વિસ્તાર અને શાળાનો પ્રકારની અસર તપાસવા મળેલ માહિતીનું અંકશાસ્ત્રીય પૃથક્કરણ કરવા ટી–ગુણોત્તર અને એફ–માર્ગીય વિચરણ વિશ્લેષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ગણતરીના આધારે ઉત્કલ્પનાઓની ચકાસણીના પરિણામ સ્વરૂપે તારણો અને શૈક્ષણિક ફલિતાર્થો મેળવવામાં આવ્યા હતા.

## ૫.૩ અભ્યાસનાં પરિણામો

અભ્યાસના નમૂનાના માધ્યમિક શાળાના ૫૮૮ શિક્ષણ સહાયક શિક્ષકોને આપેલા ત્રણ ઉપકરણો પરના પ્રાપ્તાંક સ્વરૂપે એકત્રીકરણ કરેલી માહિતીના વિશ્લેષણને અંતે નિમ્નલિખિત પરિણામો ઉપલબ્ધ થયા.

આ અભ્યાસના હેતુઓના અનુસંધાનમાં રચાયેલ શૂન્ય ઉત્કલ્પનાઓના સ્વીકાર કે અસ્વીકાર સ્વરૂપે આ પરિણામો રજૂ કરવામાં આવ્યા છે.

### ૫.૩.૧ સિદ્ધિપ્રેરણા સંબંધિત પરિણામો

ઉત્કલ્પના–૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૪.૩૯૫ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પના-૧નો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેના તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૦.૯૫૩ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પના-૨નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય

૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો, ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિ પ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું મૂલ્ય ૦.૫૦૧ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પના-૩નો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૪૨૭ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૧૭૬ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પછાત વર્ગ અનેબિનપછાત વર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -.૧૧૫ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

માધ્યમિક શાળાના પોતાના જિલ્લાનીશાળામાં અને અન્ય જિલ્લાનીશાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૭૧૭ હતુ. જે સાર્થક ન હતું.

ઉત્કલ્પના-૮ " માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તરનું મૂલ્ય ૨.૧૧૭ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તરનું મૂલ્ય ૦.૪૮૭ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોની સિદ્ધિપ્રેરણા સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સરકારી અને બિનસરકારી સંચાલન વ્યવસ્થા ધરાવનારી માધ્યમિક શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોની સિદ્ધિપ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૨.૫૬૫ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

### ૫.૩.૨ કાર્યસંતોષ સંબંધિત પરિણામો

ઉત્કલ્પના-૧૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૨.૦૪૩ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૧૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા ત્રણ જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૦.૧૫૩ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો, ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૩૯૧ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા બે જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૨૦૩ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોની કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલાતફાવતનું ટી-મૂલ્ય ૦.૦૩૦ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પછાત વર્ગ અને બિનપછાત વર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૦.૫૭૮ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક

તફાવત નહીં હોય"

માધ્યમિક શાળાના પોતાના જિલ્લાનીશાળામાં અને અન્ય જિલ્લાનીશાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૨.૮૭૩ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૧૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૧.૬૭૩ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૧૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૩.૪૩૭ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૨૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના કાર્યસંતોષ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સરકારી અને બિનસરકારી સંચાલન વ્યવસ્થા ધરાવનારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના કાર્યસંતોષના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૩.૭૯૮ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

### ૫.૩.૩ માનસિક તણાવ સંબંધિત પરિણામો

### માનસિક સ્વાસ્થ્ય તણાવ સંબંધિત પરિણામો

ઉત્કલ્પના-૨૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવની સરાસરીના તફાવતની સાર્થકતા માટેના ટી-ગુણોત્તરનું મૂલ્ય ૧.૫૨૦ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા ત્રણ જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચેના તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૦.૨૭૬ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ સુધી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળ ાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો, ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોની સિદ્ધિ પ્રેરણાના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૫૨૨ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા બે જૂથોની માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૯૧૦ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં

આવતો નથી.

ઉત્કલ્પના-૨૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૦૬૩ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પછાત વર્ગ અનેબિનપછાત વર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૧.૨૨૫ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૪૯૮ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૧.૩૩૨ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૨૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૨.૦૫૪ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સરકારી અને બિનસરકારી સંચાલન વ્યવસ્થા ધરાવનારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના માનસિક સ્વાસ્થ્ય તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૫.૦૪૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ.આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

**આર્થિક તણાવ સંબંધિત પરિણામો**

ઉત્કલ્પના-૩૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૦.૮૩૭ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું

એફ-ગુણોત્તર મૂલ્ય ૦.૨૭૬ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો, ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૩.૧૪૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૩૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૨.૫૧૩ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૩૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૧૩૩ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પછાત વર્ગ અનેબિનપછાત વર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૦૧૭ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

માધ્યમિક શાળાના પોતાના જિલ્લાનીશાળામાં અને અન્ય જિલ્લાનીશાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૧.૭૫૭ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

૩૮. માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય.

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-મૂલ્ય ૦.૪૧૯ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૩૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૨.૦૫૪ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આર્થિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સરકારી અને બિનસરકારી સંચાલન વ્યવસ્થા ધરાવનારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના આર્થિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૩.૬૬૨ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ.આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

**શાળા વ્યવસ્થાપન તણાવ સંબંધિત પરિણામો**

ઉત્કલ્પના-૪૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરૂષ શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૨.૯૯૭ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૪૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા ત્રણ જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૧.૦૮૦ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪૩ "ભિન્ન વયજૂથ (૩૦ વર્ષ કે તેથી ઓછી, ૩૦ વર્ષથી વધુ)નાં માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

૩૦ વર્ષ કે તેથી ઓછી ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકો, ૩૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૧.૧૮૫ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪૪ "માધ્યમિક શાળાના ભિન્ન વૈવાહિક દરજ્જો (પરિણીત, અપરિણીત) ધરાવતા શિક્ષણ સહાયક શિક્ષકોની વૈવાહિક દરજ્જાના સંદર્ભમાં શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પરિણીત શિક્ષણ સહાયક શિક્ષકો અને અપરિણીત શિક્ષણ સહાયક શિક્ષકોને આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૪.૦૮૫ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૪૫ "માધ્યમિક શાળાના સંયુકત કુટુંબમાં રહેતા અને વિભકત કુટુંબમાં રહેતા શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સંયુકત કુટુંબ અને વિભકત કુટુંબના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલાતફાવતનું ટી-મૂલ્ય -૨.૨૧૪ હતુ. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૪૬ "માધ્યમિક શાળાના પછાત વર્ગ અને બિન પછાતવર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

પછાત વર્ગ અનેબિનપછાત વર્ગના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૦.૭૪૯ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪૭ "માધ્યમિક શાળાના પોતાના જિલ્લાની શાળામાં અને અન્ય જિલ્લાની શાળામાં નોકરી કરતાં શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

માધ્યમિક શાળાના પોતાના જિલ્લાનીશાળામાં અને અન્ય જિલ્લાનીશાળામાં નોકરી કરતા શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય -૨.૪૬૦ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉત્કલ્પના-૪૮ "માધ્યમિક શાળાના વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૧.૩૧૫ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૪૯ "શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવના સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

શહેરી, અર્ધશહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલા માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા ત્રણ જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું એફ-ગુણોત્તર મૂલ્ય ૦.૨૯૨ હતુ. જે સાર્થક ન હતુ. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૫૦ "સરકારી અને બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના શાળા વ્યવસ્થાપન તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

સરકારી અને બિનસરકારી સંચાલન વ્યવસ્થા ધરાવનારી માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના આધારે પાડેલા બે જૂથોના શાળા વ્યવસ્થાપન તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૬.૬૭ હતુ. જે ૦.૦૧ કક્ષાએ સાર્થક હતુ.આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

**સામાજિક તથા કૌટુંબિક તણાવ સંબંધિત પરિણામો**

ઉત્કલ્પના-૫૧ "માધ્યમિક શાળાના સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય"

જાતીયતાના આધારે પાડેલા બે જૂથો સ્ત્રી શિક્ષણ સહાયક શિક્ષકો અને પુરુષ શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક તથા કૌટુંબિક તણાવના પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે રહેલા તફાવતનું ટી-મૂલ્ય ૧.૧૧૪ હતુ. જે સાર્થક ન હતું. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવતો નથી.

ઉત્કલ્પના-૫૨ "ભિન્ન શૈક્ષણિક લાયકાત (સ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી સ્નાતક, અનુસ્નાતક અને તાલીમી અનુસ્નાતક તથા ઉચ્ચ લાયકાત) ધરાવતા

માધ્યમિક શાળાના શિક્ષણ સહાયક શિક્ષકોના સામાજિક અને કૌટુંબિક તણાવ સરેરાશાંકો વચ્ચે અર્થસૂચક તફાવત નહીં હોય''

